જાપાની જાદુગર યાને ઉડતો મહેલ



જાપાની જાદુગર

—: યાને :—

ઉડતો મહેલ

લેખક:–સાહિત્ય વિલાસી (રાજકોટ)

—બુકસેલર કંચનલાલ શાન્તીલાલ બ્રધર્સ
સ્વામીનારાયણના મંદીર પાસે—નડીયાદ.

૩ ... પ્રત ૧૫૦૦
... સને ૧૯૨૯

...ાડી પોળને નાકે આવેલા સરસ્વતી ... પ્રેસમાં
...લાલ બાળકૃષ્ણ ત્રીવેદીએ છાપી.

કી. રૂા. ૦-૧૨-૦

છપાય છે!   છપાય છે!!

આખી દુનીયાને હસાવવાનો ઈજારો રાખનાર

અટક પાંસળી

હજામ

(નવીન રસની થોડીક વાનગી)

ભગાભાઈના બાપનું આવ્યું બારમું–નાત બેઠી જમવા–દાળમાં થયો દગો કે મહીં આવ્યો આમલીનો ચચુકો–ઘાંચજાભાઈને પેઠી બીક–કે–આમલીનું ઝાડ પેટમાં ઉગશે અને થડ, ડાળાં પગ હાથમાં ફેલાશે, બાપરે બાપ, તો શી વલે થશે–પંચોએ કરી વીચાર, ભગાભાઈના કુટુંબને મુકયું ન્યાતબહાર, સાત ભાઈઓ ગયા પરદેશ કમાવા–અને ત્યાં અડ્ડો જમાવ્યા–દરેક ભાઈનાં કરેલાં નવાં નવાં પરાક્રમ એટલે આખી દુનીયાની અજાયબી.

તમો વાંચો, તમારા પાડોશીને હસવું આવે.

છોકરાં–છૈયાં–યુવાન–વૃદ્ધ અને મરવા ભોંય સુતેલાને પણ આનંદ ઉપજાવે તેવું ચમત્કારીક પુસ્તક

જપાની જાદુગર

—: યાને :—

ઉડતો મહેલ

પ્રકરણ ૧ લું

માબાપની ચિંતા

"પ્રતાપ! એ પ્રતાપ! પ્રતાપ કયાં ગયો?"

"કાંઇ ખબર નથી. આ દિકરાનું શું કરવું તેની કાંઇ સુજ પડતી નથી. તમે તેને મોઢે ચઢાવીને બગાડયો. તેને ભણવા દીધો નહિ. આખો દિ ગામના છોકરાં સાથે રખડયા કરે હવે કરવું શું?"

"તું સાવ સાચું કહે છે. મારી ભુલ માટે મને હવે ખુબ પસ્તાવો થાય છે. આપણે એકનો એક દિકરો હોવાથી મેં લાડ કરવા માંડયા. તે લાડ આજ આડાં આવે છે. તેને નિશાળે ભણવા મુકયો. તેને ત્યાં જવું ન ગમ્યું. તેથી તેને રાજી રાખવા મેં નિશાળ

છોડાવી દીધી. હવે કાંઇ કામ ધંધો કરવો નહિ. અઢારવર્ષનો ગોધો થયો તોય કાંઇ આ ઘરડા માબાપની તેને ચિંતા છે? "ખાવું પીવું અને આખો દિવસ રખડયા કરવું."

"અને આપણે પણ હવે કેટલા દિવસ બેઠા રહેવાના છીએ. તમને હવે તો પચાસ ઉપર પંદર વરસ થયાં. આપણે તો હવે આજ છીએ અને કાલ નથી. પછી એ છોકરાનું થાશે શું તેની મને બહુ ચિંત્રા થાય છે."

"હે ભગવાન! તું આ દિકરાની મતિ ઠેકાણે લાવ. એને સુખી કરજે."

"આપણે! આપણે હાથે જ પગે કુહાડો મારીએ તેમ ભગવાન શું કરે. ભગવાનના એક હાથમાં ઝેરનું પાત્ર છે. બીજા હાથમાં અમૃતનું પાત્ર છે. બન્ને પાત્ર પ્રભુ માનવી સમક્ષ ધરે છે કોઇ ડાહ્યો માણસ અમૃતનું પાત્ર લઇ લે, આપણા જેવાં મૂર્ખ ઝેરનું પાત્ર લઇ લે. તેમાં પ્રભુનો શો વાંક? જો આપણે પ્હેલેથી ખુબ ધ્યાન રાખીને છોકરાને કેળવ્યો હોત તો આવી સ્થિતિ આવી પડત?"

આ વૃદ્ધ દંપતિ દિલગરી ભર્યે ચહેરે વાર્તાલાપ કરી રહ્યા હતા. વૃદ્ધ પુરુષનું નામ અમરજી પત્નિનું નામ અમૃતબાઇ તે વરસો થયાં દિલ્હી શહેરમાં ચિત્રકારનું કામ કરતો. અમરજી ખુબ બાહોશ માણસ હતો. દિલ્હીના બધા ચિત્રકારોમાં તેનું કામ અગ્રગણ્ય હતું. તેની આંખોમાં કળા વસી હતી. તેના હાથમાં અજબ ચપળતા

હતી. તેના જેવી શુદ્ધ દાનતના માણસ બહુજ ઓછા મળી આવે સત્ય અને નીતિ તેના જીવન મંત્રો હતા.

પણ આવા નીતિવાન કળાધરોની કદર તેના જીવતાં ભાગ્યેજ થાય છે. ધનવાન આવા માણસો સ્વપ્નેય નથી થતાં. સાધારણ જન સમુહ ઉંડું નથી નિહાળતો, ઉંચુંય નથી નિહાળતો, એ તો આછોતરૂંજ જુવે છે. કોઇ ભભકાદાર ડોળી અને દંભી હરામખોર જરા પણ આવડત ન હોય છતાં જન સમાજમાં પ્રીતીપાત્ર થઇ પડે છે. કળાનો આંકોય ન આવડતો હોય છતાં આવો માણસ કળાધાર તરીકે પંકાઇ જાય છે. તેથી ઉલટું અમરજી જેવા ભલા ભોળા નીતિવાન અને શરીરની નસેનસમાં કળા ભરી હોય તેવા માણસની કોઇ કદર નથી કરતું તે માંડ માંડ પોતાનો જીવન નિર્વાહ ગુજારી શકે છે.

બિચારા અમરજીની આ સ્થિતિ હતી. ખૂબ હોંશીયાર હોવા છતાં તે ધુંસણીયો ન હોવાથી તે બહુ ન ફાવી શક્યો.. બહુ મુશ્કેલી તો એકે દિલ્હી મુસલમાન સમ્રાટના હાથમાં હતું. મુસલમાનોનાજ ત્યાં પુજાતા. ત્યાં એક હિંદુ કળાધરનું શું ગજું? તેથી તે રોજે રોજનુ કમાઇને રોજે રોજનો નિર્વાહ ચલાવી શકતો. તેના મજબુત હાથ ઉપર તેને સંપૂર્ણ વસ્વાસ હતો. અને તેથી પણ વધારે વિસ્વાસ ગરીબના બેલી દયામય પ્રભુની ઉપર હતો.

અને ઓછું કમાતાં છતાં તે સંતોષથી રહેતો. સંતોષ પ્રગતિ અટકાવે છે. એક માણસને બહુજ આગળ વધવું હોય તો તેણે અસંતોષી બનવું જોઇએ. તમને એકવાર સંતોષ થઇ ગયો એટલે

તમે આગળ નહી વધી શકો. અમરજી જે કાંઇ કમાતો તેના ઉપર તેને સંતોષ હતો. તેને ઝાઝી માયા મીલ્કત ન ગમતી. પૈસાને ખાતર ઘમંડી અમીરોની ખુશામત કરવી તેને ઝેર જેવી લાગતી. આવી ખુશામત કર્યા વિના જો પેટ ન ભરાય તો તે પેટને ફાડી નાખવું એવો તેનો નિશ્ચય હતો.

તેના સદ્ભાગ્યે તેની પત્નિ અમૃતબાઇ સૌન્દર્ય તો નહિ પણ સદ્ગુણોનો તો સંપૂર્ણ ભંડાર હતી. અમરજી અમૃતબાઇ સાથે કલાકોના કલાક વાતો કરતાં થાકતો નહિ. તે કામે ગયો હોય ત્યાં પણ ક્યારે વ્હાલીને મળું એમ થયા કરે. બન્ને વચ્ચે કજીયો ન થતો એમ નહિ પણ દરેક પોતાનો દોષ સમજી શકતાં. અને એક બીજાને નમતું આપવાને શરમાતા નહિ આપણા સંસારમાં પત્નિઓ પતિને નમતું આપે પણ પતિ જો પત્નિને કોઇ પણ વાતમાં નમતું આપે તો તેની આબરૂ જાય. અમરજીને આવી ખોટી આબરૂની જરા પણ પરવા ન્હોતી પુરૂષ અને સ્ત્રી બન્ને સરખાં છે. બન્નેને સરખા હક્ક છે. પુરૂષને કાંઇ લાગણી હોય તો સ્ત્રીને પણ હોય, ઇશ્વરે પુરૂષને સૃષ્ટિના સમ્રાટ થવા અને સ્ત્રીને કાંઇ તેની દાસી થવાને સરજી નથી. એમ તે માનતો.

તેમનું જીવન આટલું બધું સુખી થવાનું કારણ શું? તેણે વિલાયતી ઢબ પ્રમાણે સ્નેહલગ્ન કર્યાં હતાં? ના. પ્હેલાં ચાહવું અને પછી પરણવું એ પાશ્ચાત્ય સંસ્કૃતિ છે. પ્હેલાં પરણવું અને પછી ચહાવું એ પુર્વની સંસ્કૃતિ છે.

અમરજીના લગ્ન થતાં પહેલાં અમૃતબાઇનું મોઢું પણ નહોતું જોયું. છતાં તેના તરફ તેનો સ્નેહ હતો તે મારી ભાવિ

પત્નિ છે. મારા સંસારની રાણી છે. મારી અર્ધાંગના છે. મારી સહચારીણી છે. મારી મિત્ર છે. એવી તેની ભાવના હતી. અને પરણ્યાની પહેલીજ રાત્રિએ તેણે તેનું મુખ પહેલવહેલું જોયું. તે કાંઇ સૌન્દર્યનો ભંડાર નહોતી. છતાં તે નિરાશ ન થયો. "હું પોતે કાંઇ સૌન્દર્ય અને ગુણનો ભંડાર નથી; કે મને સૌન્દર્યના ભંડારવાળી સ્ત્રી મળે." તેણે સંતોષ વાળ્યો. આપણા દરેક યુવકમાં આવી સંતોષ વૃત્તિ હોય તો? આપણા યુવકો પોતે રૂપ અને ગુણના ભંડાર નથી હોતા, પણ પોતાની સ્ત્રી દુનિયાની બધી સ્ત્રીઓ કરતાં વધારે રૂપવાન અને વધારે ગુણવાન હોય એમ ઇચ્છે છે; આ ઇચ્છા મુર્ખતાથી ભરપુર નથી લાગતી?

અમરજીના સંતોષી જીવનમાં એકજ અસંતોષ હતો. તે પુત્રવાંચ્છના, આ દંપતીને એક પણ સંતાન નહોતું. અમૃતબાઇને તે માટે ખાસ દિલગીરી થતી. અસંખ્ય માનતાઓ રાખતી અને પત્થર એટલા દેવ પૂજતી પણ તે વાંચ્છના તૃપ્ત થાય તેમ નહોતું લાગતું.

પણ આખરે પ્રભુએ તેના તરફ જોયું. અમૃતબાઇને ચાલીસ વરસની ઉમ્મરે પુત્રપ્રાપ્તિ થઇ. આટલી મોટી ઉમ્મરે પુત્ર થાય તે અસંભવિત છે. તેથી અમૃતબાઇએ માન્યું કે આતો પ્રભુએ આપણી ઉપર ખાસ દયા કરીને પુત્ર આપ્યો છે. અમરજીનું પણ તેવુજ માનવું હતું. આ બનાવ પછી બન્નેની ઇશ્વર તરફ શ્રદ્ધા વધતીજ ચાલી.

પુત્ર જોરાવર અને તંદુરસ્ત હતો. તે દિવસે ને દિવસે

શુક્લપક્ષના ચંદ્રમાની પેઠે વધતો જ ચાલ્યો. પુત્ર ખુબ વાંચ્છના પછી આવેલ હોવાથી અમરજી તેને ખુબ લાડ કરતો. અને આ લાડને લીધે છોકરો બગડયો. પુત્રનું નામ પ્રતાપ પાડયું.

પ્રતાપને નિશાળે ભણવા જવાનું ન ગમ્યું. વ્હાલો પિતા તેની ઇચ્છા મુજબ ચાલતો આવ્યો. પરિણામ એ આવ્યું કે પ્રતાપ કાંઇ ભણ્યો નહિ. અને આખો દિવસ પોતાના જેવાજ રખડુ છોકરાઓ સાથે રખડવા મંડયો. તેના તોફાનનો કાંઇ પાર નહોતો. શહેરના જુદા જુદા બગીચાઓમાં ઘુસે અને ફળફૂલ નિરાંતે ખાય રખેવાળ તેને પકડવા આવે અને ધમકાવે તો પોતાના હાથમાંની લાકડી જોરથી તેના માથામાં ફટકાવે અને નાસી જાય. બીજી શેરીના છોકરાઓ સાથે વેર બાંધે પોતે અને પોતાના મિત્રો તેની સામે રીતસર યુદ્ધ કરે અને ઘણાંયનાં માથાં ભાંગે.

અને આવા તોફાનમાં પ્રતાપ અઢાર વરસની ઉંમરનો થયો. અમરજી હવે પાંસઠ વરસનો હોવાથી અગાઉ જેટલું કામ નહોતો કરી શકતો. હવે તેને કામ કરવું પણ નહોતું ગમતું. જો તેણે પુત્રને બરાબર કેળવ્યો હોત તો આ વૃદ્ધાવસ્થામાં જીવન નિર્વાહનો બોજો પ્રતાપે માથે લઇ લીધો હોત. પણ ખુબ લાડને લીધે બધું આડું આવ્યું.

છતાં અમરજી પુત્રને સુધારવા, અને તેને બોધ આપવામાં હવે તો કાંઇ મણા ન્હોતો રાખતો પણ પાકે ઘડે કાંઇ કાંઠા ચડતા હશે? આ દંપતીની આજ ઉપરમુજબ થયેલી વાતચીત અને પસ્તાવો લગભગ રોજ ચાલતો હતો.

પ્રકરણ ૨ જું.

પ્રતાપનાં પરાક્રમ.

"પ્રતાપની બા! એ પ્રતાપની બા! જુઓ તમારા પ્રતાપે મારા દિકરાનું માથું ફોડી નાખ્યું." એક બાઇ પોતાના સાત આઠ વરસના બાળકને લઇને આવી.

"બાઇ! હું એ દીકરાને શું કરૂં? રોજ રોજ આવી ફરીયાદો સાંભળી સાંભળીને મારા તો કાન ફુટી ગયા. પ્રતાપને સમજાવી સમજાવીને થાકી ગઇ. તેને તો નવે નાકે દિવાળી છે."

"કેમ શું છે?" આ અવાજ સાંભળી અમરજી ત્યાં આવ્યો.

"જુઓને! આપણા પ્રતાપે આનું માથું ભાગી નાખ્યું છે બિચારા આવા નાના છોકરાને એ 'લડધો' મારતાં શરમાતો નહિ હોય. ખરેખર છોકરામાં બુદ્ધિનું કાંઇ ઠેકાણું નથી રહ્યું." અમૃતબાઇએ વાત કહી.

"મારે હવે તો તે છોકરાનું કાંઇક કરવું પડશે તે સીધો નહિ ચાલે બ્હેન! તમારા છોકરાને તેણે માર્યું તે માટે હું માફી માગું છું. લ્યો! આ બે રૂપીઆ કોઇ સારા હકીમ પાસે તેના માથા પર દવા લગાડાવો."

તે બાઇ હજુ ત્યાંથી ન્હોતી ગઇ તેવામાં એક ડોશી પોતાની છોકરીને પાણીથી તરબોળ થયેલી લઇ આવી.

" અમૃતબાઇ જુવો આ તમારા દીકરાના કામ. ગામની વહુ દિકરીઓની આવી છેડતી હવે નહિ સહન થાય હો! એ તો તમારા મોઢાને લીધે અમે કાંઇ કરતા નથી. નહિ તો ગામના માણસો તેને ભુ પીતો કરી બેસશે. "

" પણ છે શું ? "

" મારી આ દિકરી કુવેથી પાણી ભરી આવતી હતી, તેના ઘડા ઉપર જોરથી પાણો માર્યો, અને નાસી ગયો. ઘડો ફુટી ગયો અને બિચારી રસ્તા વચ્ચે પાણીથી તરબોળ થઇ ગઇ. આ મુસલમાનનું ગામ કોઇ હરામીની તેના પર નજર પડે તો આપણને બુડી મરવાનોજ વખત આવે ને ? "

અમરજીનો હવે પ્રતાપ પર ક્રોધનો પાર ન રહયો.

બ્હેન ! માફ કરો. આજ હવે હું તેને ખુબ શિક્ષા કરીશ. ફરીથી તે આવું નહિ કરે, અને જો કાંઇ તોફાન કરે તો તેને તમે ઇચ્છા પડે તેવી સજા કરજો. મારે લીધે જરાય અચકાવું નહિ.

આ ધમાલમાં પાસેની પડોશણ ભળી.

" કાં શેની ધમાલ છે ? "

" અમારા આ પ્રતાપનીસ્તો. "

" રારે બાઇ એની તો વાત જ છોડી દો. ગઇ કાલના તેના પરાક્રમની વાત તો મેં હજુ કહી નથી. " પડોશણ બોલી.

" એ તો આપણો પાડોશી રતનલાલ હમણાં પરણીને આવ્યો છે ને! તે પોતાની વહુ સાથે અગાશી ઉપર તેની ડોકમાં હાથ નાખીને બેઠો હશે તેવામાં દસ પંદર મીનીટથી આ તમાશો નિહાળતો પ્રતાપ ધીમે પગલે તેમની પાછળ ગયો અને બન્નેનાં માથાં જોરથી બટકાવીને નાસી ગયો. રતનલાલ તો ખુબ ગુસ્સે થઇ ગયેલો મેં તેને જેમ તેમ કરીને ટાઢો પાડયો છે.

હવે તો અમરજીના ક્રોધનો પાર ન રહ્યો આવા નાલાયક નફ્ટ પુત્રના બાપ થવા કરતાં વાંઝીયા રહેવું વધારે બ્હેતર છે એમ તેને લાગ્યું.

આ ધમાલ શાંત પડી ગઇ. ધમાલ શાંત પડયા પછી દોઢ કલાકે પ્રતાપ ઘરમાં આવ્યો.

પ્રકરણ ૩ જું.

પિતાનો ક્રોધ.

" પ્રતાપ! અહિં આવ! પ્રતાપ ઘરમાં દાખલ થયો કે તરતજ અમરજીએ ક્રોધ ભરી આંખે પોતાના ઓરડામાં તેને બોલાવ્યો. "

" કેમ ! બાપુજી ! શું કામ છે ? "

" અહિં આવ ! "

" જરા જમીતો લેવા દો. હજુ ઘરમાં માંડ પગ મુકયો. ત્યાં તો હુકમ કરીને પાસે બોલાવે છે. " પ્રતાપે છણુકો કર્યો.

" હું કહું છું કે અહિં આવ " અમરજીની આંખો લાલ-ચુમ બની.

" હું જમ્યા પછી આવીશ જમ્યા પહેલાં નહિ આવું, જાઓ ! થાય તે કરી લો ? આ તેમાં આખો આટલી બધી રાતી શા માટે કરો છો ? " લાડમાં ઉછરેલા છોકરાને વિનયનું ઝાઝું ભાન ન હતું.

" બા ! ચાલ મને જમવા દે. "

" અમૃતબાઈ જમવા આપવા ઉભી થઇ. "

" તું ત્યાં જ બેસી રહે. આજ એ હરામખોરને જમવા નથી દેવું " એમ કહીને અમરજી એકદમ પ્રતાપ પાસે ગયો અને પ્રતાપને જોરથી એક તમાચો ઝીંકી દીધો.

અમરજીએ આજસુધીમાં કોઇને માર ન્હોતો માર્યો આજ પ્હેલીજ વાર તેણે પ્રતાપને તમાચો માર્યો અમરજી આટલો બધો ગુસ્સે પણ કદિ ન્હોતો થયો.

પ્રતાપ નિશ્ચલ મુખ કરીને થોડીવાર તો પિતા સામે જોઇને ઉભો રહ્યો પણ થોડી વાર પછી તેની આંખમાંથી આંસુનાં બે ટીપાં ખર્યાં આજ બીજો કોઇ પ્રસંગ હોત તો અમરજી આ આંસુનાં ટીપાં જોઇને પુત્રને ભેટી પડત અને તેને મનાવત પણ આજનો અમરજી અને આજ પ્હેલાંના અમરજી વચ્ચે આસમાન જમીનનું અંતર થઇ ગયું હતું.

" ચાલ ! ઘરમાંથી બહાર નિકળ તારા તોફાન અને નિર્લજતાની હવે હદ આવી છે. તારા જેવા નફટ અને નિર્લજ પુત્રના પિતા તરીકે મને ઓળખાવતાંય હવે મને કંપારી છુટે છે મેં આજ સુધી ખૂબ સહન કર્યું હવે તું તારે રસ્તે, હું મારે રસ્તે મેં તને આજ સુધી ઉછેર્યો છે હવે તું તારે હાથે કમાઇ ખા આ ઘરમાં હું તને હવે એક પળ પણ રાખવા રાજી નથી ચાલ! નિકળ! "

" બાપું ! પણ હું હવે કયાં જાઉં તમારા વિના હું કેમ જીવી શકું ? " પ્રતાપ રડવા મંડયો.

"જા ઊંડી ખાડમાં હવે તારા આંસુ મને નહિ પીગળાવી શકે! મેં તને સુધરવાની ખૂબ તક આપી હવે હું નહિ સહન કરી શકું."

"બાપુ! હવે માફ કરો! હવે કાલથીજ હું સુધરી જઇશ."

"નહિ! હવે હું ફરવાનો નથી જ."

અમરજીએ પ્રતાપને ધક્કો મારીને ઘરમાંથી હડસેલી કાઢ્યો. અને દરવાજો બંધ કરી દીધો.

પ્રકરણ ૪ થું

પુત્રનો પશ્ચાત્તાપ

પ્રતાપ બહાર ઉભો રહીને થોડીવાર રડયો. પછી આંખમાંથી આંસુ લુછી નાખ્યાં, અને બહાર રસ્તા પર ચાલવા માંડયું.

રસ્તામાં તેના કેટલાક મિત્રો મળ્યા પણ તેના સામુ પ્રતાપે જોયુ પણ નહિ. તેમણે તેને બોલાવ્યો પણ પ્રતાપે તેને જવાબજ ન આપ્યો એક મિત્ર તેની પાસે મશ્કરી કરતો કરતો ગયો, પ્રતાપે તેને એક તમાચો મારી દીધો.

રસ્તે ચાલતો ચાલતો તે મંદિર પાસે આવ્યો અને તેના ઓટલા પર બેઠો ત્યાં બેસીને તે પાછો રડવા મંડયો.

પ્રતાપ તોફાની હતો, પણ તેનું હૃદય કુમળું હતું તે લાગણીવાન હતો. ભોળો હતો. તોફાન અને નિર્લજ્જતા તેના હૃદયમાંથી ન્હોતાં જનમ્યાં. ખરાબ સોબતમાંથી જનમ્યાં હતાં, કોઇ છોકરાને મારવાથી કે કોઇ બાઇને હેરાન કરવામાં તેને આનંદ ન આવતો. પણ મિત્રમંડળમાં તેની વાહ વાહ પોકારાય તે માટે જ

આવા ધંધા કરતો માણસ પોતાનાં વખાણ કરાવવા માટે હંમેશાં કેટલી મહેનત લે છે ? આ સ્થિતિ પ્રતાપની હતી.

પ્રતાપને કોઇએ સારી રીતભાત શીખવી ન્હોતી વિનય શિખવ્યો ન્હોતો સૌ સન્માન શીખ્યો ન્હોતો. તેના મિત્રો જે કાર્ય કરે તેને તે આદર્શ માનતાં શીખ્યો અને તેમની પાસેથી બધાય દુરગુણ તેણે લીધાં

પણ સદભાગ્યે આ દુર્ગુણો તેના હૃદયમાં ન્હોતા પેઠા માબાપને માટે તેને સંપુર્ણ માન નહી પણ સંપુર્ણ સ્નેહ તો હતો જ તેના વિના કેમ જીવી શકાય તેજ મુખ્ય પ્રશ્ન હતો. તેના હૃદયમાં વિષય વાસના હજૂ જાગ્રત પણ નોતી થઇ.

“મારા બાપુએ મને કાઢી મુકયો હવે મારે કરવું શુ ? હવે મારે જાવું કયાં ? અને ખરેખર ! આમાં બાપુનો જરાય વાંક નથી. મેં તેમને કાંઇ ઓછા પજવ્યા નથી. મારા તોફાનનો પાર નથી. આજ સુધી તો તે ન બોલ્યા. પણ તેની ધીરજનો અંત તો હોય ને ? થોડા દીવસ પહેલાં મેં એક ચોપડીમા વાંચેલું કે માબાપ તો પ્રભુ સમાન છે. આ પ્રભુ સમાન બાપનું મેં આજ અપમાન પણ ઓછું નથી કર્યું. હવે તેની માફી માગવાનું મન તો થાય છે. પણ તે હવે ઘરમાં શેના પેસવા દે ?

આમ સંકલ્પ વિકલ્પ કરતો તે સાંજ ભુખ્યો ભુખ્યો ઉંઘી ગયો. બીજે દિવસે સ્હવારે ઉંઘ ઉડી તોય તે પડયો રહયો. આખો દિવસ પડયો રહયો. પાછી રાત પસાર થઇ.

સ્હવારે તે ઉઠયો. બે દિવસના અપવાસ હતા પણ ભુખ તો તેને યાદજ નહોતી આવતી. તે પિતાનું અને માતાનું મુખ દેખી શકાય એ ઇચ્છાથી ઘર તરફ ચાલવા મંડયો.

પ્રકરણ ૫ મું

માતાની મમતા

અમૃતબાઇ અને અમરજીની સ્થિતિ પ્રતાપથી વધારે સારી ન્હોતીજ તેમણે પ્હેલે દિવસે કાંઇ ન ખાધું. તેઓએ એક બીજાને કાંઇ કહ્યું પણ નહિ. અમરજીના મુખ ઉપર ગમગીની અને ક્રોધ બન્નેનું મિશ્રણ હતું, અમૃતના મોઢા ઉપર એકલી ગમગીનીનું સામ્રાજ્ય હતું.

પુત્ર વિના તેમણે એક રાત પણ આજ અઢાર વરસથી ન્હોતી કાઢી. બે રાત તેઓએ તરફડીયાં માર્યાં. 'અત્યારે પ્રતાપ ક્યાં હશે! તે ક્યાં સુતો હશે? બિચારો કેટલો ભુખ્યો હતો' આવા અમૃતબાઇના વિચારો હતા.

સ્હવારે તેઓ મોડાં ઉઠયાં. નિત્ય કર્મ કર્યા પછી અમૃતબાઇ અમરજી પાસે આવી.

"હું તમને એક વિનંતિ કરૂં! ગુસ્સે ન થતા હો!" અમૃતબાઇએ લાગણીભર્યા અવાજે કહ્યું.

"તારા બોલવા ઉપર હું કદિ ગુસ્સે થયો છું? બોલ શું કહેવું છે?"

" પ્રતાપને પાછો બોલાવી લો. "

" એ નહિ બની શકે, "

" તમે પણ ખોટી હઠ પકડો છો. આપણને તેના વિના ચાલવાનું નથી, તેને આપણા વિના ચાલવાનું નથી, તમે એ રાતથી આખી રાત તરફડીયાં મારો છો, તે હું શું નથી જાણતી ? અને કાલનો દુકાળ આજ શામાટે લાવવો ! તેને રજા આપવાથી આપણે સુખી તો નથીજ થવાના, તો આ ઉમરે તરફડીયામારીને જીંદગી પુરી કરવાનો કાંઇ અર્થ ખરો ! આપણાં મોત પછી તે તેના નસીબ ભરે અત્યારે તેને ખાતર નહિં પણ આપણી પોતાની ખાતર તેને પાછો બોલાવવામાં લાભ છે, તમે મારી વિનંતી કદી પાછી નથી ઠેલી તો આ વિનંતિ અમાન્ય કરશો ? " અમૃતબાઇની આંખોમાંથી દડદડ આંસુ પડવા માંડયા.

અમરજીની મક્કમતા હવે ચાલી ગઇ, અત્યાર સુધીમાં મહા મહેનતે સંચિત કરેલ શકિતને અમૃતબાઇના એક આંસુએ મીટાવી દીધી, પોતાની વ્હાલી પત્નિની આંખમાંથી આંસુ પડતા જોવાના તેનામાં શક્તિ ન્હોતી.

અમરજીએ તેને પાસે ખેંચી તેની આંખના આંસુ લુછયાં " ગાંડી ! આમાં તે શું રડવા બેઠી છે ? આપણે કાંઇ પ્રતાપના દુસ્મન છીએ ? તેને સુધારવા માટે મેં આ પગલું ભર્યું છે તને તે પગલું નાપસંદ પડતું હોય તો કાંઇ નહિ પાડોશીના છોકરાને મોકલીને હમણાં જ પ્રતાપને અહિં તેડાવી લઉં. "

પણ તેવામાં પ્રતાપે ડેલીમાં ડોકીયું કર્યું. અમરજીનું ત્યાં ધ્યાન ગયું.

" પ્રતાપ ! અહિં આવ ! બેટા ! " તેણે નરમાશથી કહ્યું.

પ્રતાપ લથડતે પગલે ઘરમાં આવ્યો પિતા પાસે માંડ પહોંચ્યો તેવામાં તો તે બેભાન થઇને પડી ગયો. બે દિવસના ઉપવાસથી તેની શક્તિ હરાઇ ગઇ હતી.

અમૃતબાઇએ એકદમ દોડીને તેના મોઢા ઉપર પાણી છાંટયું પ્રતાપને થોડીવારે શુદ્ધિ આવી. તેણે માબાપ સામે સ્થિર દ્રષ્ટી કરી. ત્રણેની આંખમાથી આંસુનું એક ટીપું ખર્યું આ આંસુમાં હર્ષ અને શોક બંનેનું મીશ્રણ હતું.

પ્રકરણ ૬ ઠ્ઠું

પિતાનો સ્વર્ગવાસ

પ્રતાપનાં તોફાન તે દીવસથી કાંઇક ઓછાં તો થયાં પ્હેલાં આઠ દિવસ તો સાવ તોફાન વિના ગયા પણ પછી ધીમે ધીમે પાછાં શરૂ થવા મંડયા માણસને એક વસ્તુનો ચેપ લાગ્યા પછી તેના પંજામાંથી ભાગ્યે જ છટકી શકે છે, એ સ્વભાવ એ ચેપ એ ટેવ તેના જીવનનું એક અંગ બની જાય છે, કોઇ વિરલ આત્મા જ તેને એક ક્ષણમાં હમેશા માટે ફેંકી દઇ શકે સાધારણ ટેવના ગુલામ બની જવાના.

પણ અમરજીએ તેને હવે કાંઇ ઠપકો ન આપ્યો તેને લાગ્યું કે આ તોફાનવૃતિ તેના જીવનનું અંગ બનેલ છે, તે એમ સ્હેલાઇથી નહિ કાઢી શકાય માટે ચાલે છે તેમ ચાલવા દો.

પ્રતાપના સ્વભાવમાં એક ફેર તો પડયો ને માબાપ માટે સંપૂર્ણ માન અને વિનય શીખ્યો તે અમરજી સાથે હવે તોછડાઇથી તો ન્હોતો વર્તતો.

અમરજી દરરોજ સાંજે ફરવા જતો, એક દીવસ ચીકણી જમીન પર તેનો પગ લપસ્યો અને હાડકું ભાંગ્યું, અમરજી પથારી વશ થયો.

કહે છે કે માંદા ઢોરને માખીઓ વધારે વળગે. નિર્બળ શત્રુનો લાભ લઇ દુસ્મનો તરતજ ચડાઇ કરે છે, અમરજીના નિર્બળ દેહનો લાભ જુદા જુદા રોગોએ લેવા માંડયો.

અને હવે ખાવું શું ? અમરજીથી કાંઇ કામ થાય તેમ ન્હોતું, બિચારી અમૃતબાઇને માથે પતિની ચાકરી, ઘરની સંભાળ અને જીવન નિર્વાહનો બોજો આવી પડયો, તે ઘંટી દળીને અને ચરખો કાંતીને ઘરનું જેમ તેમ નિર્વાહ ચલાવવા લાગી પ્રતાપને સુધારવો મુસ્કેલ હતુ.

અને અમરજીના મોતની ઘડી આવી પહોંચી. તેને ચાર દિવસથી ટાઇફોઇડ થયેલો. મૃત્યુ વખતે પ્રતાપને પાસે બોલાવ્યો. આ માંદગી વખતે પ્રતાપ લગભગ આખો દિવસ પિતાની પથારી પાસે પડયા રહેતો.

"જો ભાઇ! હવે હું થોડા દહાડાનો મહેમાન છું. મને મરવું જરાય નથી ગમતું, તું પુછીશ કે સાઠથી મોટી ઉમ્મર થઇ તોપણ મરવું આકરૂં કેમ લાગે છે ? તેનો એક જ જવાબ છે તારા અને તારી માને લીધે મને મરવું નથી ગમતું. મારા મૃત્યુ પછી તે બિચારીની કેવી દશા થશે, તેના ખ્યાલ કરતાં મને કંપારી આવે છે, તું તો કમાઇ શકે એવી સ્થિતિમાં નથી. એમા તારો વાંક નથી. મારો વાંક છે. પિતા તરીકે મારી ફરજ

હતી કે તને ભણાવી ગણાવીને સારે દરજ્જે ચઢાવવો. મારી ફરજ હું ચુકયો છું. અને તેની શીક્ષા હું હજુ ભોગવી રહ્યો છું. છેલ્લા છ માસથી મારા હૃદયમાં શોક અને ચિન્તાની જ્વાળા પ્રજળતી રહી છે. એક ક્ષણુ માટે પણુ આ જ્વાળા નથી ઠરી. મારી આ નબળાઇ અને આ રોગોનું ખરૂં કારણુ તો મારી આ સતત્ ચિંતા છે. તને હવે બીજું શું કહું ? તારી માને જરા ય ન દુભવીશ. તે તને કેટલી ચાહે છે તેના ચાહના બદલામાં તું ચાહ આપીશ કે ચિન્તા ? તું ગમે તેમ કરીને નિર્વાહનો બોજો તેના ઉપરથી ઉપાડી લેજે, કયાંક ધંધેસર થઇ જજે. તારા બાપની આ છેલ્લી વિનંતી અમાન્ય ન કરજે હો ! ”

પ્રતાપ રડી પડયો. “ બાપુજી ! બાપુજી ! એ શું બોલો છો ? તમે અમને એકલા મુકીને ચાલ્યા જશો ! ના, ના, મારે તમારી હજુ ઘણી જરૂર છે, તમારા વિના અમે એકલા કેમ રહી શકશું ? ”

અમરજીનું હૃદય પણુ ભરાઇ આવ્યું. તેથી તે કાંઇ જવાબ ન આપી શકયો, અમૃતબાઇ આવી, તેની સાથે તેટલીક વાતો કરી, ભલામણો આપી અને મા દીકરાને રડતાં મુકીને અમરજી એક કલાકમાં તો આ ફાની દુનિયા છોડીને ચાલતો થયો.

પ્રકરણ ૭ મું

પ્રતાપના કાકા

પિતાના મૃત્યુનો આઘાત પ્રતાપ અને તેની માતાને ખૂબ સખત લાગ્યો, લગભગ ૭ માસ સુધી પ્રતાપ ઘરમાં સુમસામ પડ્યો રહ્યો અમૃતની પણ એ જ સ્થિતિ હતી. અમૃતબાઇને બીક લાગવા માંડી કે છોકરો શોકમાં ને શોકમાં ગાંડો બની જશે. તેથી તે દરરોજ પ્રતાપને બ્હાર ફરવા જવા આગ્રહ કરવા લાગી, તેથી પ્રતાપ દરરોજ એક બે કલાક બ્હાર ફરવા જવા લાગ્યો.

* * * *

"અરે છોકરા ! અહિં આવ જોઇએ ! તને ચાર આના આપું" લગભગ ચાળીસેક વરસના ઉમ્મરના એક મુસલમાને રસ્તામા રમતા કેટલાક છોકરાઓમાંથી એકને બોલાવ્યો પ્રતાપ એક ખુણામાં બેઠા બેઠા રમત નિહાળતો હતો.

તે છોકરો તે માણસની પાસે ગયો.

"હે આ ચાર આનાના પેલો છોકરો બેઠો છે તેનું નામ શું છે ?"

"પ્રતાપ."

"તેના બાપનું નામ ?"

"અમરજી."

"માનું નામ ?"

"અમૃતબાઇ."

"બાપ જીવે છે કે મરી ગયો ?"

"તે છ મહિના થયાં મરી ગયેલ છે. તેના મરી ગયા પછી આ પ્રતાપ અને તેની મા નિરાધાર થઇ ગયાં છે."

"પ્રતાપને કાંઇ ભાઇ બ્હેન છે ?"

"ના! ના!"

"તેનો બાપ શેનો ધંધો કરતો ?"

"ચિત્રકાર હતો."

"પ્રતાપને કોઇ કાકો છે ?"

"તે કહેતો હતો ખરો કે તેનો એક કાકો વીસ વરસથી આફ્રિકામાં રહે છે, પણ પ્રતાપે કે પ્રતાપની માએ તેને જોયેલો નથી."

"તે કાકાને અને અમરજીને સારૂં બનતું હતું ?"

"ના. ના. કાંઇક અણબનાવ હતો, છેલ્લાં વીસ વરસથી તેમને કાગળનો પણ સંબંધ નહોતો, પણ આ વાતો જાણીને તારે કરવું છે શું ?"

"તેનું તારે શું કામ છે, આ લે બીજા ચાર આના. મેં તને આ વાતો પુછી છે એમ તારે કોઇને કહેવાનું નથી."

* * * *

બીજે દીવસે તેજ સમયે ચાઇના સીલ્કનો કોટ, માથે રેશમી પાઘડી, ઝીણું ધોતીયું અને પગમાં ચકચકિત જોડા પહેરેલ એક ગૃહસ્થ હાથમાં મુસાફરીની બેગ લઇને આવ્યો, અને પ્રતાપ પાસે ગયો.

"અહો ! કોણ ? તું તો મોટાભાઇનો પ્રતાપ તો નહિને ?"

પ્રતાપને કાંઇક આશ્ચર્ય થયું, તે ઉભો થયો.

"તમે કોણ છો ?"

"તું તો મને ક્યાંથી ઓળખે ? હું આફ્રિકા ગયા પછી તારો જન્મ થયેલો. બેટા ! મગનલાલનું કોઇ દિવસ નામ સાંભળેલ ખરૂં ?"

"તમે કોણ ? મગન કાકા ?" પ્રતાપના આનંદનો પાર ન રહ્યો. તે કાકાને પગે પડયો, કાકાએ તેને ઉઠાડયો.

"પણ કાકા! તમે મને કેવી રીતે ઓળખ્યો? ન્હાનપણ-માંય તમે મને તો જોયો નથી."

"પણ તારૂં મોઢું આબાદ મોટાભાઇ જેવું છે. તે ઉપરથી ઓળખી કાઢયો, ચાલ, ચાલ! ઘેર જઇએ. મોટાભાઈ અને ભાભી આનંદમા છે ને? મેં તમને તાર તો કર્યો હતો; છતાં કોઇ સ્ટેશને ન આવ્યા?"

બાપુની ખબર પુછતાં સાંભળીને પ્રતાપ રડવા મંડયો "કાકા! કાકા! બાપુ તો અમને છોડીને ચાલ્યા ગયા."

"હેં? કયાં ગયા? તે તો બહુજ ડાહ્યા છે છતાં તમને છોડીને બહારગામ ચાલ્યા ગયા?"

"ના! તે ગુજરી ગયા તેને આજ ૭ માસ થઇ ગયા."

"શું કહે છે? ઓ મારા ભાઇરે... મને મુકીને કયાં ચાલ્યો ગયો?" કાકાએ પોક મુકી અને આંખમાથી ચોધાર આંસુ પાડવા લાગ્યો.

"મોટાભાઇ મને માફ કર્યા સિવાય ચાલ્યા ગયા! મેં એમને કેટલા દુભવ્યા હતા. મેં તેમને કેટલા હેરાન કર્યા. પિતાના મૃત્યુ પછી તેણે મને પાળીપાળી મોટો કર્યો તેનો બદલો મેં કેવો આપ્યો? છેલ્લા ૭ મહિનાથી મારી આ ભુલો માટે મને પશ્ચાત્તાપ થતો હતો, દીલ્હીમાં ઉડીને જાઉં અને મોટાભાઇની માફી માગું એમ થયા કરતું હતું. પણ રસ્તામાં વહાણ ભાંગી ગયું અને

હેરાન થતાં થતાં છ મહિને અહિં પહોંચ્યો, ત્યાં તો આ સમાચાર સાંભળું છું. હે ભગવાન! તું મને હવે મારી નાખ."

છેવટે કાકા શાંત પડયા.

"ચાલ! તારી મા પાસે, તેના ઉપર તો દુઃખનો સાગર ઉલટી પડયો છે, પણ હવે તમે બહુ ચિંતા ન કરશો. જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તમને મારાથી દૂર નહિ કરૂં. તમો બન્નેની સંભાળ રાખીને હું મારા પાપનું પ્રાયશ્ચિત કરીશ."



પ્રકરણ ૮ મું.

પ્રતાપને માટે ચર્ચા.

"બા! બા! કાકા આવ્યા." પ્રતાપ ઘરમાં એકદમ આવ્યો અને માતાને વધામણી કીધી.

"કયા કાકા?" માતા આશ્ચર્ય ચકિત થઇ.

"આફ્રિકાવાળા મગન કાકા." પ્રતાપના હર્ષનો પાર ન્હોતો.

ત્યાં તો મગન કાકા ઘરમાં દાખલ થયા, અને 'ભાભી'ને પગે પડયો અને ચોધાર આંસુથી તેના પગ ભીંજવી નાખ્યા.

અમૃતબાઇએ માંડ માંડ કરીને તેને બેઠો કર્યો. તે ડુસકાં ભર્યા કરતો હતો.

"ભાભી! ભાભી! મારા ભાઇ ત્યારે છોડીને મને માફી આપ્ય. વિના ચાલ્યા ગયા?"

"હા. ભાઇ! પ્રભુના ઘર પાસે આપણું કાંઇ ચાલે તેમ છે?" અમૃતબાઇ મગન તરફ બારીકીથી જોવા લાગી.

પહેલાં તેને શક પડયો કે આ મગન ન હોય, પણ ઉપલી વાત સાંભળી. તેનો શક દુર થવા લાગ્યો.

"અને મારી મૂર્ખાઇનો કાંઇ પાર ખરો ? એક નજીવી વાત માટે જે ભાઇએ મને પાળી પોષીને મોટો કર્યો તેને મેં વીસ વીસ વરસ થયાં કાગળ ન લખ્યો ? હે ! ભગવાન ! હે ! મોટાભાઇ ! તમે જ્યાં હો ત્યાંથી આ પામર ભાઇને તેના ગુન્હાની માફી બક્ષો."

હવે અમૃતભાઇને જરાય શક ન રહ્યો.

"પણ મગનભાઇ ! હું ખરેખર તમને જોઇને ચકિત થઇ ગઇ છું. વીસ વરસમાં તો તમારો દેખાવ સાવ ફરી ગયો. વીસ વરસ પહેલાંના મગનભાઇ અને આજના મગનભાઇ વચ્ચે હાથી ઘોડાનો ફેર છે."

"ભાભી ! એ તો પરદેશનાં પાણી ! મને પોતાને પણ નવાઇ લાગે છે, હું આટલો બધો કેમ ફરી ગયો છું, વીસ વરસ પહેલાંની મારી એક છબી જોઇને તો હું ચકિત થઇ જાઉં છું મને એમ જ થયા કરે છે કે મારામાં આટલો બધો ફેર કેમ પડી ગયો ?"

* * * *

મગન કાકાએ ભાભી અને ભત્રીજા સાથે રહેવું શરૂ કર્યું. ઘરનો બધો ખરચ મગન આપવા મંડયો. અમૃતભાઇએ છુટકારાનો દમ ખેંચ્યો ગરીબાઇ કેવું ભયાનક દુઃખ છે એ તો જેને વીતી હોય તે જાણે આરામ ખુરશી પર બેઠા બેઠા ગરીબાઇની ફિલસુફી ગાતાં કવિઓને તેનો ખ્યાલ ક્યાંથી હોય ? અમૃતભાઇએ પ્રભુનો આભાર માન્યો

"હવે આપણે પ્રતાપનું શું કરશું ?"

મગનકાકાએ એક દિવસ પ્રતાપની હાજરીમાં અમૃતબાઈને પૂછ્યું.

" મને તેજ ચિંતા રહ્યા કરે છે; તેનો બાપ પણ તેનીજ ચિંતામાં ને ચિંતામાં ગુજરી ગયા. તેને મોઢે ચડાવેલ હોવાથી ભણ્યો ગણ્યો નહિ. આખો દિવસ તોફાન કરવાં અને રખડવું. હમણાં તો તેના તોફાન ઓછાં થઇ ગયાં છે, પણ તેને કમાવાની કંઇ ચિંતા છે ? ખાવું પીવું અને લ્હેર કરવી. કાકાના પૈસા પર લ્હેર કરતાં આવડા છોકરાને તો શરમ આવવી જોઇએ. પોતાને હાથેથી કમાએલા પૈસા પર ગુજરાન કરવાની તેનામાં ઇચ્છાજ કયાં છે ? "

અમૃતબાઇએ ઉભરો ખાલી કર્યો.

" ભાભી ! તમે એમ પ્રતાપને દુભવો મા. હશે ! એ હજુ બાળક છે, તેને કમાવાને વાર છે, અને મને કાંઇ પારકો ગણો છો ? મારૂં શું તમારૂં નથી ? બાળક છે. હરવાફરવાના હોંશ આજ નહિ રહે તો કયારે સાઠ વરસનો ડોસો થશે ત્યારે રહેશે ? દુનિયા એક નાટક છે, આપણે બધા નાટકનું કામ કરનારા છીએ. એ તો વેશ પ્રમાણે કામ કરવું જોઇએ. પ્રતાપને અત્યારે બાળકનો વેશ મળ્યો છે. તો તેનો પાઠ પુરેપુરો ભજવે છે. " મગન કાકા ફીલ્સુફીમાં ચડયા.

" એ તો બધું સાચું ! પણ બાળક કેટલા વરસની ઉંમર સુધી બાળક રહે તેનો કાંઇ ખ્યાલ કર્યો ? જુવાનીનો વખત રમત ગમતમાં વેડફી નાંખશે તો પછી કમાતાં કયારે શીખશે ? તમે એમ ન સમજતા કે હું પૈસાની ભુખી છું, મને ધનની તૃષ્ણા છે, તેમ

હું પૈસાને ધિક્કારનારી પણ નથી. પૈસાને જડ વસ્તુ માનનારી કવિ હું નથી ગગનગામી કલ્પનામાં રાચવું અને જડ પૃથ્વીમાં વસવું એ બે વાત એકી સાથે બની શકે. ગગનગામી કલ્પાનાઓ કરવી હોય તો તેવું જીવન જીવતાં શીખવું પૈસા માત્રનો ત્યાગ કરવો, ખાવું પીવું અને ઓઢવું પહેરવું બંધ કરવું; પૈસાને ધિક્કારવાનો કાંઇ અર્થજ નથી દુનિયામાં વસવું હોય તો પ્હેલાં પૈસા મેળવતાં શીખવું જોઇએ. હું એમ નથી કહેતી કે ધનના ભંડારો ભરવા. પણ પોતાના કુટુંબનો નિર્વાહ તો ચલાવવો જોઇએ ને ?"

આ સાઠ વરસની ડોસી આવી દલીલો કરી શકતી હશે એવો મગન કાકાને સ્વપ્નામાંય ખ્યાલ ન્હોતો. કાંઇ કહેવાની જરૂર નથી કે ડોસીમાં આ સંસ્કારો રેડનાર અમરજી હતો."

"ભાભી તમારી વાત રજે રજ સાચી લાગે છે. તમારી આજ્ઞા મુજબ હું પ્રતાપને કોઇ સારે ધંધે ચઢાવવા મહેનત કરીશ હમણાં અમે દરરોજ ફરવા જશું. બજારમાં તેને બધે ફેરવીશ અને તેને ઠીક લાગે તે ધંધે તેને વળગાડીશ."

"ભગવાન તમારૂં કલ્યાણ કરે. તમે જો વખતસર અહિં ન આવ્યા હોત તો અમારી શી સ્થીતી થાત ? તમારો ઉપકાર હું આ ભવ તો શું પણ આવતા ભવમાં પણ નહિ ભુલી શકું !" ડોશીએ ગદ્ગદીત સ્વરે કહ્યું.

"ભાભી ! તમે મને શરમાવો મા ! અને આમ કહીને તમે મારૂં અપમાન કરો છો. તમે મને હજુ પારકો સમજો છો તમે મને પોતાનો નથી ગણુતા." મગન કાકાએ વિવેક કર્યો.

પ્રકરણ ૯ મું.

તને કયો ધંધો ગમે છે ?

મગન કાકાએ પ્રતાપને માટે દરજી બેસાડયો અને સરસમાં સરસ કપડાં સીવડાવ્યાં. આવાં કીમતી કપડાં પ્રતાપે તેના જીવનમાં ન્હોતાં પહેર્યાં. પ્રતાપને માટે મગન કાકાને આટલી બધી લાગણી રાખતા જોઇને ડોસી પણ રાજી થવા લાગ્યાં.

"ભાભી ! ત્યારે હું ને પ્રતાપ બ્હાર ફરવા જઇએ છીએ."

"ભલે ! પાછા વ્હેલા આવજો."

બન્ને બહાર ગયા. પ્રતાપ પણ મગનકાકા આવ્યા પછી સુધરવા લાગ્યો હતો. મગન કાકાને પોતા માટે જરા પણ ખરાબ અભિપ્રાય ન થાય તે માટે પ્રતાપ ખુબ કાળજી રાખતો, તે ખુબ ડાહયો થઇ ગયો હતો. દુનિયામા ઘણા ખરા માણસો પોતાની ખાતર નહિ પણ દુનિયાના ખાતર સારી રીતે ચાલે છે. એવા અસંખ્ય માણસો છે કે ચારિત્ર્યને ખાતર ચારિત્ર્યશાળી નથી બનતા, પણ ચારિત્ર્યભ્રષ્ટ થાય તો સમાજ તેની ઉપર થુંકસે, સમાજ તેનો

તિરસ્કાર કરશે, તેને કોઇ માન નહિ આપે એવી બ્હીકથીજ ચારિત્ર્યભ્રષ્ટ બનતાં અટકે છે, દયા વૃત્તિને ખાતર દાન કરનારા ઓછા છે વાહવાહ કરાવવાને ખાતર દાન કરે છે કેટલાક પ્રણાલિકાવાદીઓ કહે છે કે ' આ સમાજભય ઉપરજ દુનિયા બરાબર ચાલી શકે છે નહિતો માણુસો નાગા ફરે' આ દલિલ સાવ વજુદ વગરની તો નથીજ, સમાજનો ભય કોઇ નર પુંગવ છોડે તે ખોટું નથી પણ સાધારણ માનવી છોડી દે તેનું એકદમ પતન થાય.

અને બીજાની ખાતર સુધરવાની વૃત્તિમાં કેટલીક વાર સ્વાર્થનું બિંદુ પણ નથી હોતું, ઉલટું કેટલીક વાર તો નિસ્વાર્થતાની પરાકાષ્ટા હોય છે. વ્હાલી માતાને ખોટું ન લાગે તે ન દુભાય તે માટે સુધરી જનાર પુત્રમાં સ્વાર્થવૃત્તિનો છાંટોય ક્યાં છે? પોતાની વ્હાલી પત્નિને ખાતર, તેને ન ગમતી ટેવ છોડી દેનાર વ્હાલસોયા પતિમા સ્વાર્થનું એક પણ બિંદુ નથી દેખાતું. પ્રતાપની સ્થિતિ લગભગ તેવી ગણી શકાય. તે પોતાના આ કાકાને ચાહતાં શીખ્યો હતો. અને કાકાને ખરાબ ન લાગે તેવું વર્તન રાખવા તે મ્હેનત લે તેમાં કાંઇ ખોટૂં નહોતું, દુનીયામાં એક પણ માણસ એવો ભાગ્યેજ હશે કે જે એમ ન ઇચ્છતો હોય કે મારા તરફ અણગમો ન થાય, તિરસ્કાર ન ઉપજે.

તેઓ બજારમાં ગયા. મગન કાકાએ પોતાના ભત્રિજાને જુદા જુદા વેપારીઓની દુકાનો બતાવી. કાપડની દુકાનો, ફરનીચરની દુકાનો, કરીઆણાની દુકાનો, અનાજની દુકાનો, વાસણની દુકાનો મિઠાઇની દુકાનો, વિગેરે અસંખ્ય દુકાનો બતાવી અને પૂછતો કે " તને આ ધંધો પસંદ પડે કે ? "

પ્રતાપ જવાબમાં ડોકું ધુણાવતો.

પ્રકરણ ૧૦ મું.

પ્રતાપની પસંદગી

પ્રતાપને એક પણ ધંધો પસંદ ન પડયો. તેઓ બજારમાંથી જે કાંઇ ખરીદવાનું હતું તે ખરીદી ઘેર પાછા વળ્યા.

મગન કાકાએ ડોસીને વાત કરી કે પ્રતાપને તો એક પણ ધંધો પસંદ નથી આવતો. અને નોકરી કરવી તો તેને કોઇ દિવસ નહિ ફાવે.

ડોસીએ દિલગીરીનો નિસાસો નાખ્યો.

સાંજે તેઓ ફરવા નીકળ્યા. ફરતા ફરતા એક વાડી પાસે તેઓ આવી પહોચ્યા. વાડીમાં જુદી જુદી જાતના અસંખ્ય ફલ ફુલ ઉગેલાં હતાં. 'ચુ ચુ ચુ ચુ !' નો મધુરો સ્વર કરતો કોસ ચાલતો હતો. બળદીઆઓને હાંકતો ખેડુત ગીત લલકારતો હતો. કેટલીક કણબણો મધુરાં ગીત ગાતી ગાતી કામ કરતી હતી.

પ્રતાપને આ દૃશ્ય ખુબ ગમી ગયું.

"મગન કાકા મને આવી એકાદ વાડી અપાવો તો કેવું સારૂં ! બા ધંધો કરવાનું કહે છે. મને બીજા ભુંડા ભુખ જેવા ધંધા જરાય પસંદ નથી. દુનીયામાં સારામા સારો ધંધો મને તો

આ લાગે છે. આ ખેડુતો કેવી લ્હેરથી કામ કરે છે. મને વાડી મળે તો હું પણ એવીજ લ્હેરથી કામ કરૂં."

"ત્યારે તારે હવે કયો ધંધો કરવો છે? કાંઇક નક્કી તો કરી નાખ! બિચારાં ભાભીને તારી કેટલી ચિંતા થાય છે તેનો કાંઇ ખ્યાલ આવે છે? અને તું આમ આંટા પણ કેટલાક દીવસ મારીશ?"

"કાકા! મને આવી એકાદ વાડી અપાવો તો! મને તેમાં બહુજ મજા આવે. મને બીજો એકેય ધંધો પસંદ નથી પડતો.

"ખેડુતનો ધંધો કરવો છે!" મગન કાકા ઠપકો આપવા જતો હતો તેવમાં તેને કાંઇક વિચાર આવ્યો, તેના મોઢા ઉપર આનંદની એક રેખા દેખાઇ આવી. "પણ તેવું ખેડુતનું કામ કેવી રીતે આવડશે?"

"એ તો શરૂઆતમાં થોડા દિવસ કોઇ ખેડુતને મને શિખવવા માટે રાખી આપજો. પછી મને આવડી જશે. મને ખાત્રી છે કે બહુજ સરસ રીતે આવડી જશે."

"ત્યારે તારી બાને પુછીને આપણે નક્કી કરીએ."

"તેઓ ઘેર ગયા. ડોસીને મગન કાકાએ વાત કરી. ડોસીને તેમાં ખાસ વાંધો ન્હોતો. તેને તો ગમે તે ઉપાયે છોકરાને ધંધે ચઢાવવો હતો. અને ખેતી જેવો પ્રમાણિક ધંધો કરવામાં કઇ જાતનો વાંધો હોઇ શકે?

"ત્યારે પ્રતાપ! આપણે આવતી કાલે સાંજે શહેર બહારની વાડીઓ જોવા નીકળશું. અને જે વાડી તને ગમશે તે તને વેચાતી

લઇ આપીશ અને કોઇ બાહોશ ખેડુતને તને શીખવવા માટે રાખી આપીશ. તેનો વાડીમાં થોડો ભાગ રાખી લઇશું. ”

“ હા, હા, એ ઠીક થશે. મગન કાકા બહુ મજા પડશે હો ! ” પ્રતાપ લ્હેરમાં આવી ગયો.

જમી કરીને પ્રતાપ સુઇ ગયો. આખી રાત તેને ઉંઘ ન આવી. માણસને બે સ્થિતિમાં ઉંઘ નથી આવતી. બહુજ આનંદ હોય ત્યારે અને બહુજ ચિંતા અને દિલગીરીમાં હોય ત્યારે, પ્રતાપ તો આવતી કાલની કાગને ડોળે રાહ જોતો આખી રાત જાગતો જ રહયો.

મગન કાકા પણ ખૂબ આનંદમાં જણાતા હતા પોતાનો ભત્રિજો ધંધે ચડી જશે એ વિચારથી તેને આટલો બધો આનંદ થયો હશે ?

પ્રકરણ ૧૧ મું

"હું થાકી ગયો છું"

પ્રતાપ સ્હવારે પાંચ વાગ્યામાં ઉઠયો. અને નિત્યકર્મથી પરવારીને બેઠો. મગન કાકા તો ખુબ મોડા ઉઠયા. તેણે પણ આખિ રાત ઉંઘ નહિ કરી હોય એમ લાગ્યું.

"કેમ કાકા! વાડી જોવા ક્યારે જવું છે?" પ્રતાપ તો તેનીજ માળા જપતો હતો.

"બહુ ઉતાવળ આવી ગઇ છે. કાંઇ ધંધો છે કે નહિ? કે ઉઠતાં વેંત વાડી જોવા જવું? જશું સાંજે ચાર વાગ્યે અત્યારના પહોરમાં તે જવાતું હશે?"

"પણ અત્યારે જઇએ તો કાંઇ વાંધો ખરો?"

"ના, અત્યારે વાડી જોવા જઇએ તો પછી પાછા ક્યારે આવીએ? તેથી સાંજે જવું ફાવશે. તું તો બારે ઉતાવળીઓ. એક વસ્તુનો વિચાર કર્યો પછી તેનો કેડોજ ન મુકવો. તારો આ સ્વભાવ જો હંમેશાં ચાલુ રહેશે તો તું દુનિયામાં કદી સફળ નહી થઇ શકે. છીછાછળાપણાથી તારો ક્યાંય વિજય નહિ થાય." કાકાએ ઉપદેશ આપવા માંડયો.

પ્રતાપ આવા નિરસ ઉપદેશોથી સખ્ત વિરૂધ હતો. દુનિયા કે જે થવાનું હોય તે થાય. ખાલી શાખામણોથી શો ફાયદો ? આ ઉપદેશ મગન કાકાને બદલે બીજા કોઇએ આપ્યો હોત તો પ્રતાપે તેને બે ચાર સંભળાવી દીધી હોત. પણ મગન કાકામાં તો તેને ખુબ સ્વાર્થ હતો. તેથી 'ભલે જેવી તમારી ઇચ્છાં' એમ કહીને તે બેસી રહયો.

આજે તો એક એક પળ એક એક વરસ જેવડી લાગતી હતી. મીનીટો આટલી બધી લાંબી તેને કોઇ દિવસ ન્હોતી લાગી. માંડમાંડ ચાર વાગ્યા.

મગન કાકાએ કપડાં પહેર્યાં. અને પ્રતાપને પહેરવા કહ્યું.

પ્રતાપ તો તેનીજ રાહ જોતો હતો, તેણે તરતજ કપડાં પહેરી લીધાં અને બન્ને જણ ઘરની બહાર નીકળ્યા.

પહેલાં તેઓ બજારમાં ગયા, ત્યાંથી કેટલીક મીઠાઈ અને મેવો ખરીદ કર્યો; "આપણે ચાલતા ચાલતા થાકી જઇશું, અને ભુખ લાગશે તેથી આ નાસ્તો લીધો છે." મગન કાકાએ કહ્યું. આથી પ્રતાપને કાકા ઉપર સ્હવારે ચઢેલ ચ્હીડ ચાલી ગઇ.

તેઓ વાડી જોતા જોતા આગળ વધવા માંડયા. લગભગ ત્રણેક માઇલ સુધી ચાલ્યા.

"કાકા હવે તો હું થાકી ગયો છું. આપણે ઘણીએ વાડી જોઇ. તેમાંથી પેલા નાથા પટેલની વાડી મને સૌથી સારી લાગે છે, આપણે તે લઇ લઇએ તો ?"

જરા ધીરજ તો ધર! એટલી વારમાં થાકી ગયો? હજુ સારામાં સારી વાડી તો જોવી બાકી છે. તેના જેવી વાડી દિલ્હિમાં એક પણ નથી એમ ઘણાય કહે છે. માટે તે જોઇએ."

"પણ! કાકા! હું તો બહુજ થાકી ગયો છું. એક પગલું આગળ ચલાય તેમ નથી. અને હજુ તો આપણે પાછા ફરીને ઘેર પહોંચવાનું છે."

"ત્યારે તો આ પાસેની વાડીમાં બેસીને નાસ્તો કરી લઇએ. તાજો થવાથી તારા પગમાં જોર આવશે. હું કહું છું તે વાડી કાંઇ બહુ છેટે નથી. માટે આટલે સુધી આવ્યા છીએ તો પછી તે વાડીને જોઇને જ પાછા વળીએ."

બંન્ને પાસેની વાડીમાં ગયા ત્યાં પેટ ભરીને નાસ્તો કર્યો. ઠંડુ મીઠું પાણી પીધું. અને થોડી વાર વિસામો ખાધો. પ્રતાપનો થાક ઉતરી ગયો.

"કાકા! હવે મને ચાલવામાં વાંધો નહિ આવે પણ તે વાડી બહુ છેટે તો નથીને? આટલો બધો મારગ કાપીને પાછું ઘેર કેમ જઇ શકાશે તેની મને ચિંતા થાય છે"

"ગાંડારે ગાડા! જુવાન થઇને આટલો બધો નાહીમત થઇ જાય છે? તે વાડી બહુ ઝાઝે દૂર નથી."

પ્રકરણ ૧૨ મું.

ભેદી ભોંયરૂં

બંને ઉપડયા. પ્રદેશ નિર્જન આવતો ગયો. એકાદ માઇલ ચાલવા છતાં વાડી જેવું ન દેખાણું અને સામે પહાડોની હારો દેખાવા માંડી.

"કાકા! હવે તો હું થાકી ગયો છું. દિવસ પણ આથમવા આવ્યો છે તમારી વાડીનો પત્તો નથી, આપણે રસ્તો ભૂલ્યા છીએ અને સામે પણ પહાડોની હારો દેખાય છે. મને તો હવે બીક જેવું લાગે છે."

"ધીરજ ધર! છોકરો થઇને છોકરીની પેઠે હારી શું જાય [illegible] પહાડમાં પડી આપણે રસ્તો ભૂલ્યા તે ઠીક થયું. આ [illegible] આપણે જઇએ. આ પહાડને જોઇને [illegible] આવી છે. તે પહાડ પાસે એવી સરસ જોવા જેવી [illegible] છે કે તું તો ખુશ થઇ જવાનો એ વાતની આખી દુનિયામાં મને એકલાને જ ખબર છે. તું મારો ભત્રીજો હોવાથીજ હું તને તે દેખાડીશ તારે પછી કમાવાની કાંઇ દિવસ જરૂર નહી રહે."

પ્રતાપના મનમાં કાંઇક જોર આવ્યું કરામતો અને અજાયબી ભરેલ ચીજો જોવાનો જુવાનીઆઓને ખાસ શોખ હોય છે. પ્રતાપને

પણુ તેનો શોખ હોય તેમાં કાંઇ નવાઇને સ્થાન નથી. તે આ વાતથી ખૂશ થયો. સાથે સાથે ભયથી તેનું હૃદય ધબકવા પણુ માંડયું.

બંન્ને થોડીવારમાં બે પહાડો વચ્ચેની ખીણુમાં આવી પહોંચ્યા સાંજ પડવા આવી હતી, બધે નિરવ શાંતિનું સામ્રાજ્ય હતું. અને દૂર દુર વાડીઓમાં કોસના કીચુડ કીચુડ અવાજ ધીમે ધીમે-બહુજ સંભળાતા હતા.

મગન કાકા હવે બહુ જ ધ્યાનપૂર્વક જમીન તપાસવા મંડયો કાંઇક ગણત્રીઓ કરી માપી માપીને પગલાં પણ ભર્યાં અને પછી બોલ્યો.

"પ્રતાપ ! હવે એક કામ કર ! આસપાસથી થોડાં લાકડાં ભેગાં કરીને અહિં લાવ. અને તે સળગાવ."

પ્રતાપે લાકડાં એકઠાં કર્યાં. તેનો ભડકો કર્યો. મગન કાકાએ પોતાના ખીસ્સામાંથી એક ડાબલી કાઢી, અને તેમાથી થોડો ભુકો લઇને આ ભડકામાં નાંખ્યો, તેને લીધે ભડકામાંથી વિચિત્ર જાતની મીઠી સુગંધ અને ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડયા, પ્રતાપ તેે નવાઇ પુર્વક જોઇ રહ્યો.

અને તરત જ જમીનધ્રુજવા મંડી જાણે કેમ ધરતીકંપ થયો હોય ને ? પ્રતાપ તો પડતો પડતો બચી ગયો. તેવામાં જમીનમાં એક ભયાનક ગર્જના થઇ. પ્રતાપથી ચીસ પડાઇ ગઇ અને આંખો બંધ કરી દીધી. બીજી જ ક્ષણે તેણે આંખો ઉઘાડીને જોયું તો માલુમ પડયું કે પાસેની જમીનમાં એક મોટો ખાડો પડયો હતો, અને ખાડામાં એક મોટો ચોરસ પત્થર દેખાયો. તે પત્થર માથે એક જાડું મજબુત પિત્તળનું કડું હતુ.

પ્રકરણ ૧૩ મું

કાકાનો ક્રોધ

આ દેખાવ જોઇને પ્રતાપના ગભરાટનો તો પાર ન્હોતો રહ્યો. તે મુઠીઓ વાળીને દોડવા જ મંડ્યો.

મગન કાકો તેની પાછળ દોડ્યો. તેને પકડ્યો. અને જોસથી ત્રણ ચાર તમાચા ઝીકી કાઢ્યા.

"હરામખોર! ભાગી જાય છે. તારા બાપનું ઘર છે! ચામડું ચીરાઇ જશે. બચ્ચા! આવું વર્તન મારી પાસે નથી ચાલવાનું" લાલચોળ આંખો કરીને તેણે કહ્યું.

પ્રતાપ રડી પડ્યો. "તમે મને મારો છો શા માટે? તમે આ બધી કરામત દેખાડીને મને મારી નાખવા ધારો છો? મેં તમારો શું ગુન્હો કર્યો છે. મારે તમારી વાડી બાડી કાંઇ નથી જોઇતી. મને સહીસલામત ઘર ભેગો થઇ જવા દો તો તમારો

ઉપકાર." મગન કાકાની વિકાળ શૈતાન જેવી આંખો જોઇને પ્રતાપના હાંજા ગગડી ગયા.

મગન કાકો એકદમ પોતાની ભુલ સમજી ગયો. આમ ગુસ્સે થવા માટે તેણે પોતાના મનને ઠપકો આપ્યો. તે પાછો અગાઉ જેવો સૌમ્ય અને શાંત બની ગયો.

"જો પ્રતાપ આટલો બધો ગભરાય છે શા માટે? તું મને પુછયા વિના આમ નાસવા મંડયો તેથી મને ક્રોધ તો ચઢે ને? તારે માટે આટલી બધી મહેનત કરૂં તારા લાભ માટે આટલી આટલી ચિંતા કરૂં તેની તને જરાપણ દરકાર નથી? આ બધું હું તારે માટે જ કરૂં છું જો હવે હું કહું તે સાંભળ!

જો આ પત્થરની નીચે મોટું ભોયરૂં છે તેમાં અખુટ લક્ષ્મી ભરી છે. તેમા જેટલું ધન છે તેટલા ધનનો હજારમો ભાગ પણ દિલ્હીના મુસલમાન સમ્રાટ પાસે નહિં હોય! બધું ધન તને અપાવવા મારી ઇચ્છા છે તે ધન તારા માટે જ સરજાયું છે. તારા સિવાય કોઇ બીજું તેને હાથ અડાડી શકે તેમ નથી."

"એમ તમે શા ઉપરથી કહો છો?"

"ગઇ કલે મને સ્વપ્નું આવેલું તેમાં કોઇ દેવદૂત મારી પાસે આવ્યો. તેણે મને આ ઠેકાણું બતાવ્યું, અને કહ્યું કે આ બધું ધન તારા ભત્રિજા માટે છે ભોંયરા ઉપરનો પિત્તળના કડાવાળો પત્થર પણ તારા ભત્રિજાએ ઉંચો કરવાનો છે, ભોયરામાં પણ તેણે જવાનું છે, અને આ બધા ધનનો માલિક તેણે થવાનું છે, તેને

બચ્ચો જો બાળો કોઈ માણસ આ કડાને અડશે તો તે બળીને ભસ્મ થઇ જશે."

"ત્યારે આ સ્વપ્નની વાત મને આજ સ્હવારે કેમ ન કહી?"

"કેમ ન કહી સ્વપ્નું સાચું હશે કે ખોટું તેની કાંઇપણ ખાત્રી મને ન્હોતી તેથી આ વાત હું તને અને તારી બાને કરૂં અને તે વાત જો ખોટી પડે તો મારી આબરૂ શી રીતે રહે? તારી બા અને તું એમજ માને કે હું જુઠા બોલો માણસ છું"

મગનકાકાના આ ખુલાસાથી પ્રતાપને તેના ઉપર વિશ્વાસ બેઠો.



પ્રકરણ ૧૪ મું

કેટલીક સુચનાઓ

"તુમારી વાત હું સાવ સાચી માનું છું અને તમારા ઉપર પૂરતો વિશ્વાસ છે. હવે મારે શું કરવાનું છે, તે મને સમજાવો."

"હવે બરાબર એમ શાનજુ થઇને વાત કરતો હોય તો કેવું સારૂ મને સ્વપ્નામાં દેવદૂત કહી ગયો છે તે પ્રમાણેજ હું તને બધું સમજાવું છું.

જો! પ્હેલાં તો કહું પકડી ને આ પત્થરને ખેંચી કાઢ."

"પણ! કાકા! આવડો બધો ગંજાવર પત્થર મારાથી કેવી રીતે ઉપડશે, આ પત્થરનો ભાર ઓછામાં ઓછો દસ મણ હોય એમ લાગે છે. તમે તે ઉપાડવામાં મદદ કરોને?"

"મેં તને પહેલા જ કહી દીધું તે કે તે પત્થર તારે જ ઉપાડવાનો છે. બીજો કોઇ તેને હાથ અડાડે તોપણ બળીને ભસ્મ થઇ જાય તારે મને મારી નાખવો છે કે શું?"

"ના! ના ! એમ તે કાંઇ હોય ? પણ આવડો બધો પત્થર મારાથી કેમ ઉપડશે ?"

"દેવદૂતે તો કહ્યું છે કે તારાથી તે ઉપડી શકશે, માટે ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખીને કહું જોરથી ખેંચ."


પ્રતાપે તેમ કર્યું પ્રતાપને ઝાઝું બળ ન વાપરવું પડ્યું પત્થર સહેલાઇથી ઉંચો થઇ ગયો.

"જો ! હું ન્હોતો કહેતો ? તું ખાલી ગભરાતો હતો. હવે તે ખાડામા જોને શું દેખાય છે ?"

પ્રતાપે ખાડમાં નજર કરી તો એક મોટી બધી નીસરણી પડી હતી, અને નિસરણીને છેડે સામી બાજુયે એક દરવાજો જણાતો હતો.

"હં બરાબર ! હવે હું જે કહું તે બરાબર સાંભળ ! તારો કોટ પહેલાં તો તારી છાતી સાથે બરાબર વીંટી લે, અને પછી નીસરણી મારફત નીચે ઉતર ત્યાં સામે દરવાજો આવશે તે દરવાજો ધીમેથી ધક્કો મારવાથી ઉઘડી જશે. તેમાં દાખલ થજે ત્યાં તને એક પછી એક અંદર અંદર ત્રણ ઓરડા દેખાશે. દરેક ખુણામાં ચાર ચાર સોનાથી ભરેલા ચરૂ દેખાશે. તેમાથી એકને પણ અડવાની હિંમત ન કરતો. બે ઓરડા પસાર કર્યા પછી તારે ત્રીજા ઓરડામાં જવું તેને છેડે એક બારણું હશે તે ખોલીને બ્હાર નિકળજે ત્યાં તને સ્વપ્ને પણ નહિ જોયો હોય એવો અદ્ભુત બગીચો દેખાશે પણ તારાં કપડા ક્યાંય એક પણ વસ્તુને અડકે નહીં તેનું

ખાસ ધ્યાનમાં રાખજે. નહી તો તું ત્યાંને ત્યાં મરી જવાનો. તે બગીચો પસાર કરતાં ઠેઠ છેડે તને એક અગાશી દેખાશે. ત્યાં એકાદ નિસરણી પડી હશે તેના પર ચઢીને અગાશી ઉપર જજે. તે અગાશીની વચ્ચોવચ્ચ એક ન્હાનકડો દીવો બળતો દેખાશે તે દીવો તું લઇ લેજે. તે ઠારી નાખજે તેની વાટ અને તેલ પણ ફેંકી દેજે અને દીવો તારા કોટના ગજવામાં નાખીને જે રસ્તે આવ્યો તે રસ્તે પાછો અહીં ચાલ્યો આવજે. પાછાં વળતાં પેલા અદભુત બગીચાના ફળફુલ કે મેવો તને લેવાની ઇચ્છા થાય તો લઇ શકે છે. દિવો ખીસ્સામાં આવ્યા પછી કોઇ પણ જાતની ધાસ્તી નહિ રહે."



પ્રકરણ ૧૫ મું

દુષ્ટનો દગો

"ઠીક! ત્યારે હું આપના કહેવા પ્રમાણે વરતીશ. જરા પણ ભુલ નહિં કરૂં. અંદર કાઇ ભય જેવું તો નથી ને?"

"જરાય નહિ ત્યારે તું જલદી જા! અને ફતેહ કરીને પાછો આવ. આપણે હવે દુનિયામાં સૌથી વધુ શ્રીમંત અને ભાગ્યશાળી બની જવાના! અને તારા જમણા હાથની આંગળી ધર, તેમાં આ મારી જાદુઇ વીંટી પહેરાવું છું. આ વીંટી તારી ગમે તેવી મુશ્કેલીઓમાં તારૂં રક્ષણ કરશે." આમ કહીને તેણે પ્રતાપની આંગળીમાં એક વીટી પહેરાવી દીધી.

પ્રતાપ ખૂશ થતો થતો સીડી ઉતરવા લાગ્યો સીડી ઉતર્યા પછી બારણું ઉઘાડયું. અને અંદર દાખલ થયો તેના કાકાએ કહ્યા મુજબ તેના દરેક ખુણામા ચાર ચાર ચરૂઓ પડયા હતા તે ઓરડામાંથી બીજા ઓરડામાં ગયો. ત્યાં પણ તેમજ હતું ત્રીજા ઓરડામાં પણ દરેક ખુણે ચાર ચાર ચરૂઓ પડયા હતા ત્યાંથી નિકળી બગીચામાં આવ્યો બગીચાનો દેખાવ જોઇને તો તે ખુશ થઇ ગયો. પણ આ બીલકુલ નજર નાખ્યા વીના તે તો બગીચાને

છેડે પહોંચ્યો. અગાશી ઉપર ચડી ગયો. પેલો દિવો બંધ કીધો. ઠારી નાંખ્યો. તેલ ફેંકી દીધું અને તેને ખીસ્સામાં નાંખી દીધું, અને પાછો ફર્યો.

હવે પેલો બાગ તપાસવા લાગ્યો. તેના ફુલફુલ તપાસ્યાં. આ બાગમાં ઝાડો તરેહ તરેહનાં મેવાથી ભરાઇ ગયાં હતાં જુદા જુદા રંગના બેરંગી ફુલોથી ઝાડો છવાઇ ગયા હતાં. કેટલાંક સફેદ, કેટલાંક પ્રકાશીત કેટલાંક કીરમજી અને કેટલાંક આસમાની રંગનાં ફુલવાળાં ઝાડો નજરે પડતાં હતાં. ખરૂં કહીએ તો આ કાંઇ ફુલ જેવાં ફુલ ન્હોતાં. તેને અડતાં પ્રતાપને લાગ્યું કે આ તો રંગ બેરંગી કાચના મોટાં મોટાં ફુલ છે, છતાં તે દેખાવમાં બહુ જ આકર્ષક અને સુંદર લાગવાથી તેણે ઝાડ ઉપરથી તોડીને પોતાના ગજવાંઓ ભરવા માંડયાં, અને બધાં ગજવાં ભરાઇ ગયાં ત્યાં સુધી ફુલ ભર્યાં કર્યાં.

પછી તરત જ આ ભાર ઉપાડીને તેણે ઝડપથી ત્રણેય ઓરડા પસાર કર્યા અને ભોંયરામાં આવી પહોંચ્યો. ત્યાંથી સીડી ઉપર ચઢયો અને સીડીને છેડે આવીને તેણે કહ્યું.

"કાકા! તમારા કહ્યા મુજબ ફતેહ કરી આવ્યો છું પણ અહીંથી બહાર નથી નિકળાતું તો મને તમારા હાથનો જરા ટેકો આપોને?"

"હા ભલે" પણ મને પેલું ફાનસ આપી દે. તે ફાનસ તને આડું આવશે અને ઉપર આવવામાં અડચણ પડશે."

“ કાકા ! ફાનસ તો અત્યારે આપી શકાય તેમ નથી. હું ઉપર પછી આપી દઇશ.”

કાકાએ તેનો હાથ ખેંચીને તેને સ્હેજ ઉપર ખેંચ્યો અને બોલ્યો, “ હવે મને પેલું ફાનસ આપી દે. કદાચ તે ફુટી જશે ”

પણ પ્રતાપ તે આપી શકે તેમ નહોતું. કારણ કે તે ન્હાનકડો દિવો ગજવાને ઠેઠ તળીયે હતો. અને ઉપર પેલા સુંદર ફળફુલ ભર્યાં હતાં, તે સિવાય પોતાનો ડગલો ક્યાં અડી ન જાય તે માટે કમર સાથે બરાબર વીંટયો હતો. તેથી બ્હાર નિકળ્યા વિના દિવો આપી શકાય તેમ ન્હોતુ.

કાકા ! તમારી આ જક કઇ જાતની ? મેં તમને એક વાર તો કહ્યું કે ઉપર આવ્યા સિવાય દિવો નહિ આપી શકું ? છતાં નથી સમજતા ? હાથનો ટેકો ન આપવો હોય તો કાંઇ હું એમ તેમ ચાલ્યો આવીશ.”

આમ કહેવાથી કાકાને લાગ્યું કે આ તો દિવો પચાવી પાડવા ઇચ્છે છે, અને તેની મદદથી મોટો બાદશાહ થઇ જવા ધારે છે. તેથી ગુસ્સે થઇને પેલા અગ્નિ ઉપર તેણે બહુ જ ખરાબ વાસવાળી ભુકી નાખી; અને કાંઇક મંત્ર બોલ્યો. તરત જ ભયાનક અવાજ થયો. પેલો કડાવાળો પત્થર પોતાની મેળેજ ઉંચકાઇને પાછો ભોયરા ઉપર ઢંકાઇ ગયો. અને બિચારો પ્રતાપ અંદર પુરાઇ ગયો.

પ્રકરણ ૧૬ મું

કાકો કે કસાઈ

મગન કાકા જેવા ભલા માણસે આવો ભયાનક દગો કર્યો તે જાણી વાંચકોને આશ્ચર્ય ઉપજશે.

ખરી વાત તો એ છે કે મગન કાકો એ તેનો કાકો જ નહોતો. તે હિંદુ જ નહોતો, મુસલમાન પણ નહોતો, તો પછી પ્રતાપનો કાકો તો ક્યાંથી જ હોય.

મગન કાકાનું સાચું નામ શું હતું તે આપણે નથી જાણતા કદાચ તેને નામ જ નહિ હોય, તે જાપાનનો જબરદસ્ત જાદુગર હતો. તે મોટો જ્યોતિષ શાસ્ત્રી હતો. તે દુનિયાની દરેક ભાષા જાણતો તે આખી દુનિયામાં ફર્યો હતો. દરેક દેશ અને કોમના રીતરીવાજ અને રહેણી કહેણીથી અને ભાષાથી તે વાકેફ હતો.

પોતાની જાદુઇ વિદ્યાના પ્રતાપે તેને એવી ખબર મળી કે દિલ્હીથી કેટલેક દુર બે પહાડની વચમાં આવેલ ભોંયરામાં એક જાદુઇ ફાનસ છે. તે ફાનસ જેના હાથમાં આવે તે આખી સૃષ્ટિનો સમ્રાટ બનવા સમર્થ છે, તેને એવી પણ પ્રેરણા થઇ કે અમુક ઉપરના અને અમુ દેખાવના એક છોકરાથી આ કામ થઇ શકશે.

તેથી તે ફાનસ મેળવવા માટે જાપાનથી મુસાફરીની અસંખ્ય હાડમારીઓ ભોગવતો ભોગવતો દિલ્હી સુધી આવ્યો. પણ તે

કામ કરવા માટેના અમુક દેખાવનો છોકરો તેને ન મળ્યો. તેથી તે દિલ્હીમાં ભટકવા લાગ્યો. તેણે દુરથી પ્રતાપને જોયો. ને ખુશ થયો. તેને ખાત્રી થઇ કે હું આ છોકરાને જ શોધતો હતો. તેના સોબતી પાસેથી તેણે પ્રતાપની હકીકત મેળવી લીધી, અને બીજે દિવસે તેનો કાકો બનીને તે આવ્યો.

પોતા પર પ્રતાપનો વિશ્વાસ બેસે તે માટે તેણે પ્રતાપને રાજી રાખવા પ્રયાસ કર્યો. અને છેવટે પોતાની મુરાદ પાર પાડવા અહિં સુધી ખેંચી લાવ્યો.

અહિં આવીને તેણે તમાચા માર્યા તેનો હેતુ એવો હતો કે તેના પર ધાક બેસાડવો, બધું પાર ઉતર્યું. પણ છેવટે બગડ્યું. પ્રતાપે બહાર નિકળ્યા પહેલાં દિવો આપવાની ના પાડી. તે આપી શકે તેમ હતું જ નહિ. જાદુગરને લાગ્યું કે પ્રતાપ તે ફાનસની કિંમત સમજી ગયો છે અને તેની દાનત બગડી છે તેનાથી અહિં વધુ વખત રોકાઇ શકાય તેમ નહોતું, આસપાસ કોઇ માણસ તેને દેખી જાય તો તેનું આવીજ બને, અને પ્રતાપ ફાનસ નહીં જ આપે એમ તેને લાગ્યું. આ નિરાશામાં તેનો ક્રોધ થયો અને પ્રતાપને ભોંયરામાં હમેશને માટે રાખીને તે ચાલતો થયો, આ પ્રદેશમાં હવે વધુ વખત રોકાઇ શકે તેમ નહોતું કારણ કે કોઇએ તેને પ્રતાપ સાથે જતો જોયો હોય. અને પ્રતાપ વિના એકલા ફરતા જોઇને તેને પકડે અને પ્રતાપને ગુમ કરવાનું તહોમત તેના ઉપર મુકાય, તેથી નિરાશ મને પ્રતાપને અને તેની માને અસંખ્ય ગાળો દેતાં દેતાં તેણે જાપાન જવાનો રસ્તો લીધો. વરસો થયાં તેણે જે વસ્તુ મેળવવાની આશા રાખી હતી. તે વસ્તુ ઠેઠ છેલ્લી ઘડીએ મળતાં રહી જવાથી તેને સખ્ત આઘાત થયો.

પ્રકરણ ૧૭ મું.

રામ રાખે તેને કોણ ચાખે ?

"કાકા ! એ કાકા ! મને બહાર કાઢો મારો ગુન્હો માફ કરો. મ્હેરબાની કરીને મને બહાર કાઢો. તમારૂં ધન મારે નથી જોઇતું, મને ગમે તેમ બહાર કાઢીને મારી બા પાસે પહોંચાડી દો ! મને કાંઇ નથી જોઇતું. મારા વિના મારી બા ઝુરી મરશે. મારો તેને ક્યાંય પત્તો નહિ લાગે. તમને પગે પડીને કહું છું કે મને બહાર કાઢો." પ્રતાપ ચોધાર આંસુ પાડીને ચીસો પાડવા મંડયો. પત્થર અગાઉની જગ્યાએ આવી જતાં તેનો રસ્તો બંધ થઇ ગયો. દયાહીન કાકાને પીગળાવવા તેણે ખુબ આજીજીઓ કરી પણ કાકો તો ક્યારનોય ચાલ્યો ગયો હતો.

તેણે પેલો પત્થર ઉંચો કરવાના ખૂબ પ્રયાસ કર્યા. પણ તે જરા પણ ચસ્યો નહિ. તે હિંમત હારી ગયો. રાત પડી ગઇ હતી. ભયંકર અંધકાર સિવાય બીજું કાંઇ ન્હોતું જણાતું.

"હવે શું કરવું ?" તેણે બધી આશા છોડી દીધી. પોતે ફરીથી પોતાની વ્હાલી માતાને નહિ જોઇ શકે એ વિચારે તેને કંપારી આવી. પોતાનું અહિંજ ગુંગળાઇને મોત થશે એ બ્હીકે તેને ધ્રુજારી વછુટી.

તેણે પેલા બગીચામાં જવાનો નિશ્ચય કર્યો કદાચ ત્યાં અજવાળું હશે. પરંતુ બારણું ઉઘડ્યું જ નહિ. આ ભેદી ભોંયરાની ખાસ કરામતજ એવી હતી કે ત્યાં અગાશી ઉપર જાદુઇ દિવો બળતો હોય તોજ બધા બારણાં ઉઘડી શકે. નહિ તો ન ઉઘડી શકે. જાદુઇ દીવો તો પ્રતાપે ઠારી નાખીને ગજવામાં મુકી દીધો હતો. તેથી ગમે તેટલી મ્હેનત કરવા છતાં બારણું ન ઉઘડી શક્યું.

તે સાવ હતાશ થઇ ગયો તેણે નિરાસામાં માથાં પછાડયાં. અને આમ રડતાં રડતાં બે દિવસ ત્યાં પસાર કર્યા. હવે તેને લાગ્યું કે ખાધા પીધા વિના જીવ નિકળી જશે. તરસ એવી સખ્ત લાગી હતી કે તે શ્વાસ પણ ન્હોતો લઇ શકતો તેણે હવે માથા પછાડીને મરી જવા નિશ્ચય કર્યો.

તેણે નિરાશામા સામી ભીત સામે જોરથી પોતાનો હાથ પછાડ્યો. તેવામાં ચમત્કાર થયો. તે હાથમાં પેલા જાદુગરે આપેલી જાદુઇ વીંટી હતી. આ વીંટીની કિંમત તે જાદૂગર પણ ન્હોતો જાણતો. તેનો તો એટલોજ ખ્યાલ હતો કે આ વીંટી સંકટ વખતે બચાવ કરી શકશે આ વીંટી હવે ભીત સાથે ઘસાતા સામે મોટો ભડકો થયો. તરતજ ભડકો દૂરી ગયો અને એક ગંજાવર રાક્ષસ તેની સામે આવીને ઉભો રહ્યો, આ રાક્ષસને જોઇને પ્રતાપનાં તો હાંજાં ગગડી ગયાં.

કેમ સરકાર! શો હુકમ ફરમાવો છો? આપ જાણતાજ હશો કે જે માણસના હાથમા આ વીંટી હોય તેની સેવા બજાવવા

માટે હું અને મારા હાથ નીચેના ગુલામો બંધાયેલા છીએ." પેલા રાક્ષસે બહુજ વિનયપુર્વક હાથ જોડીને પ્રતાપને આ પ્રમાણે કહ્યું.

કોઇ બીજે પ્રસંગે આમ રાક્ષસ આવ્યો હોત તો પ્રતાપ તેની સામે જોયા વિના મુઠ્ઠીઓ વાળીને નાસી ગયો હોત. પણ આજ તો તેણે મરણનો ભય છોડયો હતો, મોત તેને સાવ પાસે જ દેખાતું હતું. તેથી બહુ ગભરાયા વિના તેણે જવાબ આપ્યો:—

"તું કહે છે તે વાત સાવ સાચી હોય. તો કૃપા કરીને મને આ કેદખાનામાંથી બહાર કાઢ."

તરતજ એક ધડાકો થયો આંખના એક પલકારામાં કોઇ જાદુઇ શકિતથી તે ભોંયરાના બહાર આવી ગયો.

સુર્યોદય થઇ ચુકયો હતો, પણ દિવસ અંધારામાં કાઢયા હોવાથી અને એકાએક પ્રકાશમાં આવવાથી લગભગ એક કલાક તો તેને આંખો મીંચી જવી પડી અને પછી તે પ્રકાશમાં આંખો ઉઘાડી રાખી શકયો.



પ્રકરણ ૧૮ મું.

જાદુઇ ફાનસ.

પ્રતાપની મા બે દિવસથી પ્રતાપની કાગને ડોળે રાહ જોતી હતી રડી રડીને તેની આંખો સુજી આવી હતી. પ્રતાપને શોધવા શહેર બહારની દરેક વાડીએ તે ભટકી આવી હતી. પણ ક્યાંય તેના વહાલા પ્રતાપનો પત્તો ન્હોતો લાગ્યો. તેણે બે દિવસ જરાય ન્હોતું ખાધું આ ત્રણ રાત તેણે મટકું સરખું યે નહોતું માર્યું. તેણે પ્રતાપની બધી આશા છોડી દીધી હતી.

"બા! એ બા!" માએ પોતાના વ્હાલા બાળકનો અવાજ ઓળખ્યો. તે તરતજ દોડી આવી. ડેલીનો દરવાજો ઉઘાડ્યો. પ્રતાપ થાકીને લોથંપોથ થઇ ગયો હતો, આંખો ઉંડી પેસી ગઇ હતી. મોઢા પર ખુબ ધુળ ચોટી હતી. લથડીઆ ખાતો ખાતો તે ઘરમાં આવ્યો. માતાને જોતાં તેને અદ્‌ભુત સુવર્ણીય આનંદ થયો. માતાને તે ભેટી પડયો. માતા પણ ચોધાર આંસુ પાડતી હતી. બીજી મીનીટે તો તે બેભાન થઇને પડયો.

અરધી કલાક પછી તે ભાનમાં આવ્યો માતા રાજી થઇ.

પ્રતાપે પોતાની બધી આપવીતી માને કહી સંભળાવી, માએ

પેલા જાદુગરને ખુબ ગાળો દીધી અને કહ્યું. "બેટા! તુ ત્રણ રાત થયાં ઉંઘ્યો નથી, તો ઉંઘી જા."

પ્રતાપ ઉંઘી ગયો તેને ઘસઘસાટ નિંદ્રા આવી ગઇ. સાંજે ઉઠયો તેની માએ થોડું રાંધી રાખ્યું હતુ' તે ખાઇ લીધું, અને પાછો ઉંઘી ગયો.

સ્હવારમાં વ્હેલા ઉઠીને તેણે કહ્યું. "બા! મને ભુખ લાગી છે."

"અત્યારે તો ઘરમાં કાંઇ નથી. મેં થોડું રૂ કાંતી રાખ્યું છે તે વેચી આવું, અને લોટ લઇ આવું."

પ્રતાપને તરત યુક્તિ સુજી સુતર વેચવાની જરૂર નથી મારો કોટ અહીં લાવો જોઇએ.

તેણે કોટમાંથી પેલા બનાવટી ફળફુલ કાઢીને તેને એક ખુણામાં ઢગલો કર્યો આ તો ખાલી કાચના લાગે છે તે વેચતાં તો તેનો એક પૈસો પણ આવે એવો સંભવ નથી પણ આ ફાનસ ઠીક દેખાય છે માટે હું બજારમાં વેચી આવું

જાદુઇ ફાનસ મા એ હાથમાં લીધું આ મેલું બહુ થઇ ગયું છે તેને જરા રાખથી સાફ કરી નાખું તેમ કરવાથી કદાચ કીમત વધારે આવશે. આમ કહી તે ફાનસને રાખથી ઘસવા મંડી તેણે તે જરાક ઘસ્યુ કે તરતજ એક ગંજાવર બીહામણો રાક્ષસ તેમાથી પ્રગટ થયો આ રાક્ષસને દેખતાં તો ડોસી બેભાન થઇ ગઇ. રાક્ષસે નમન કરીને કહ્યું મને શા માટે બોલાવ્યો છે? આપ જાણતાજ હશો કે આ જાદુઇ ફાનસના માલીકના હું તથા મારા

હાથ નીચેના અસંખ્ય રાક્ષસો તાબેદાર છીએ તમે જે કાંઇ હુકમ ફરમાવો તે બજાવવા તૈયાર છીએ બોલો આપની શી આજ્ઞા છે.

ડોશી બેભાન થઇ ગઇ; પણ પ્રતાપ તો આ દેખાવથી ટેવાઇ ગયો હોવાથી તે જરા પણ ગભરાયો નહિં તેણે હિંમતથી રાક્ષસને કહ્યું.

" હું ભુખ્યો થયો છું મારે માટે સારૂં ભોજન લઇ આવ."

તરતજ રાક્ષસ પોતાના માથા ઉપર જુદી જુદી રૂપાની થાળીઓ લઇ આવ્યો અને તે જમીન ઉપર મુકી લગભગ પચીસેક થાળીઓ અને તેટલાજ વાટકા, કળશીયા વીગેરે હતા આ થાળીઓમાં જુદી જુદી જાતની મજાની મીઠાઇઓ અને બીજાં ભોજન હતાં પ્રતાપ તો આ દેખીને ખૂશ થઇ ગયો રાક્ષસ અદૃશ્ય થઇ ગયો.

પ્રતાપની મા હજુ ભાનમાં નહોતી આવી. પ્રતાપે તેના મોંઢા પર પાણી છાંટયું અને તેને ભાનમાં આણી.

બા ! બા ! જો તો ખરી ! કેવું સરસ ભોજન પીરસાવું છે ચાલ આપણે જમી લઇએ.

ડોસી તો આ જોઇને ચકિતજ થઇ ગઇ. " પ્રતાપ આ કયાંથી આવ્યું, કોઇ રાજા મહારાજાને ત્યાં પણ આવી થાળીઓ અને આવું ભોજન નહિ હોય ! આવું સરસ ભોજન અહિં આવ્યું કયાંથી ? "

બા મને ભુખ બહુ લાગી છે માટે પ્હેલાં તો જમી લઇએ પછી તમને હું આ વાત વિગતપુર્વક સમજાવીશ.

પ્રકરણ ૧૯ મું.

પ્રતાપનો પ્રતાપ

આ ખોરાક તેમને આઠ દિવસ ચાલ્યો. તે થઇ રહેતાં પ્રતાપે ફાનસ ઘસીને રાક્ષસને બોલાવવા વિચાર કર્યો. પણ તેની મા તેનાથી સખ્ત વિરૂદ્ધ હતી તેથી આ ચાંદીના વાસણ વેચીને થોડા દિવસ ચલાવ્યું તે વાસણ બધાં ખુટી ગયાં. પછી તેને પાછો રાક્ષસને બોલાવ્યો. અને હૂકમ કર્યો કે "તારે દરરોજ તે દિવસ આપી ગયો તેટલું જમવાનું આપી જવું."

હવે દરરોજ રાક્ષસ તે પ્રમાણે અસંખ્ય થાળીઓ અદ્રસ્ય રહીને આપી જતો. આથી દરરોજ આવા કીંમતી વાસણ મળવાથી પ્રતાપ દિવસે દિવસે શ્રીમંત બનતો ગયો. જમવાનું જે કાંઇ બાચતું તે ગરીબોને વ્હેંચી આપવામાં આવતું.


હવે પ્રતાપનો ઠાઠમાઠ ફરી ગયો. એક રાજવંશી પેઠે તે હવે રહેવા લાગ્યો. તેના પિતા ચિત્રકાર હતા પણ તેઓ જાતે ક્ષત્રિય હતા. તેથી ક્ષત્રિ તેજ તેનામાં હવે પ્રકટવા માંડ્યું.

પ્રતાપને બીક લાગી કે હું આટલો બધો શ્રીમંત કેમ થઇ ગયો તે માટે બધાને શક આવશે અને મારી પાસે જાદુઇ ફાનસ છે એવી ખબર પડતાં કદાચ પાદશાહ તે પડાવી લેશે. તે માટે તે જરા દુરના એક ગામડામાં જઇને રહેવા લાગ્યો. ગામડાના લોકોએ માન્યું કે આ કોઇ લક્ષાધિપતિ અમીર છે અને હવા ફેર માટે અહિં રહેવા આવેલ છે.

વખત પસાર થવા લાગ્યો. પ્રતાપ પચ્ચીસ વરસનો યુવાન થયો. તેની યુવાની ફાટ ફાટ થવા માડી. કામદેવ જેવું તેનું શરીર અને મુખમુદ્રા જોઇને ગામની અસંખ્ય યુવતીઓ તેના પર મુગ્ધ થઇ ગઇ કેટલીય વિલાસીત સુંદરીઓ એકાંત મળતાં તેના તરફ ઇશારા કરતી, પોતાના મોહક સ્તનો બતાવવા છેડો સરકાવતી, અને મીઠું હાસ્ય હસતી, પણ પ્રતાપ વિશુદ્ધ હતો આ સુંદરીઓને આટલી બધી મ્હેનત લેતાં જોઇ તેને ખડખડાટ હસવું આવતું. કોઇ કોઇ વાર તેને તેમની દયા આવતી. કોઇ કોઇ બહુ ઉન્મત બનેલ સુંદરીએ તો ખુલ્લા-શબ્દોમાં પોતા સાથે વિહાર કરવા તેની પાસે માગણી કરેલ પણ પ્રતાપે તેમને તુચ્છકારી કાઢેલી. વખત વીતતાં સ્ત્રીઓએ તેને જીતવાના પ્રયાસ કરવા છોડી દીધા; તેમણે એક મતે નક્કી કરી દીધું કે યુવાન જેટલો સુંદર અને બળવાન છે તેટલો રસિક અને ચતુર જણાતો નથી. કારણ કે નહિ તો અમારા જેવી સુંદરી કે જેને માટે ગામનો ગમે તે યુવાન પોતાનો જાન કુરબાન કરવા તયાર થાય છે તેને, આમ તરછોડી કાઢે ?

ખરી વાત એ હતી કે પ્રતાપ શુદ્ધ પ્રેમનો ભુખ્યો હતો. તેનામાં મલીન દેહવાસના ન્હોતી તેને તો આત્માની પ્યાસ હતી.

તેની કીર્તિ આસપાસ ફેલાતાં કેટલાય સારા ક્ષત્રિય કુટું-બોએ પોતાની યુવાન સુંદર કુમારીકાઓનાં માગાં મોકલ્યાં પણ પ્રતાપ એવા દેહલગ્નની સખ્ત વિરૂદ્ધ હતો. તેને તો પોતાના આત્માને ઓળખી શકે અને પોતાના સંસારમાં સ્વર્ગ ઉતારી શકે તેવી સ્નેહાળ સહચરી જોઇતી હતી. તેણે એક દિવસ સ્વપ્નામાં એક યુવતીને જોઇ બસ પરણું તો એનેજ પરણું એવો તેણે નિશ્ચય કર્યો.



પ્રકરણ ૨૦ મું

સખીઓનો વાર્તા વિનોદ

"વાહ! સખી વાહ! તું તો ભારે ઉતાવળી હો! કેમ કોઇ તારી રાહ જુએ છે કે શું? તારી ઉતાવળી ચાલથી તારૂં યોવન છલકાઇ જશે તે કેમ? ચંપા બોલી.

અને તું તારૂં યૌવન જરાય ન છલકાય તે માટે આમ લસડતી ચાલે ચાલતી હઇશ કાં? કે તને યોવનનો ભાર લાગ્યો છે એટલે નથી ચાલી શકતી? સ્નેહલતાએ હસતાં હસતા જવાબ આપ્યો.

" સાવ સાચું છે હોં! આ ચંપાની સ્થિતિ તો હમણાં નવલકથાની વિરહીણી નાયિકા જેવીજ થઇ ગઇ છે હો. હાલતાં ચાલતાં નિશ્વાસ નાખે છે ખાવું પીવું કાંઇ ગમતું નથી અરે! ગઇ કાલે તો તેણે ગજબ કરી હું તેને ઘેર ગઇ ત્યારે તે ઉંઘતી હતી. કપાળે પરસેવો વળ્યો હતો. બધાં કપડા પરસેવાથી તરબોલ લાગતાં હતાં. અને મોંઢે સીસકારા કરતી હતી પોતાના બન્ને હાથે છાતીને આલીગન દીધું હતું જાણે કેમ સ્વપ્નામાં પોતાના મનના હરનાર સાથે સંયોગ કરતી હોય ને? હું ગઇ મેં તેને હાથેથી હલાવીને ઉઠાડી તો 'વ્હાલા' કહીને મ્હને એવું તો સજ્જડ

અલિંગન આપ્યું કે હું તો ગુંગળાઇ ગઇ મેં ધાર્યું કે આના દેહમાં કોઇ ભુતે પ્રવેશ કર્યો છે તે મને ગુંગળાવી મારી નાખશે તે તો આલિંગન આપીને આંખો મીચી ગઇ અને અધુરામાં પુરૂ મને ચુમ્બન લેવા ગઇ મેં તો તેને એવો તો તમાચો ઝીકી દીધો કે તેનાં સ્વપ્નાઓ ઉડી ગયાં અને મને દેખીને શરમાઇ ગઇ; માલતીએ પોતાની અનુભવ કથા કહી સંભળાવી.

"હે ચંપા! આ ખરૂ કહે છે? સ્નેહલતાએ ચંપાને હસતાં હસતાં પુછ્યું ત્યારે તો તારે પેલું મોહક ગીત ગાવું જ જોઇએ.

"મનનો હરનાર મનોહર એ
હું ક્યાં શોધું મનનો હરનાર મનોહર એ."
સખી! કંઇક જે મનનો હરનાર મનોહર એ,
સ્નેહલતાએ મીઠા સુરથી લલકાર્યું.

"બ્હેન! તું ય મારી મશ્કરી કરીશ? બાકી યૌવનન પરચા તો કોને નથી મલ્યા યૌવન આવે અને પોતાના મનન હરનાર મનોહર સાથે વિહાર કરવાની તાલાવેલી જાગે તેમાં નવાઇ શી છે? હું તો સારૂ છે કે એક જીવતા માણસના પ્રેમમાં પડી છુ તેને માટે ગાંડી બની છું તેણે મને પરણવાનું વચન આપ્યું છે તેની તાલાવેલીમાં સ્વપ્નાઓ પણ આવે, અને ભુલમાં માલતીને આલિંગન કરી દેવાય પણ તમારી સ્થિતિ મારાથી કય સારી હતી?"

ખબરદાર! જો એક શબ્દ પણ ઉચ્ચાર્યો તો માથું ભાંગ નાંખીશ? સ્નેહલતાએ મશ્કરીમાં બ્હીક બતાવી.

કેમ વળી સ્નેહલતા બ્હેનનું શું ભોપાળું છે કહેતો ખરી મારા સમ! માલતીને ઉત્કંઠા થઇ.

અરે તેને તો ઓખાની પેઠે સ્વપ્નું આવ્યું અને તેના ૅપર મોહી પડી છે તેની સાથે સ્વપ્નામાં ગણગણ્યા કરે છે.

"સખી! સ્વપ્ન મહી મનમોહન મેં નીરખ્યા એકાંત વિષે શયને"

ચંપાએ સ્નેહલતાની વાત કહી દઇને વેર વાળ્યું

"હવે વાતો કરતી બંધ થઇ જાને! હજુ તો તળાવ છેટે ા. અને કેટલો બધો વખત થઇ ગયો? હજુ તો ત્યાં પહોંચવું છે. ાહવું છે. રમવું છે. માટે એકદમ ચાલ યૌવનનો ભાર બહુ લાગતો ાય તો વાંધો નહી. યૌવનના ઇજારા તેં કાંઇ એકલીએ નથી ાધાને?" સ્નેહલતા વાત અટકાવવા બોલી.

ત્રણે જણીઓ આમ વાત કરતી આગળ ચાલી.



પ્રકરણ ૨૧ મું

સ્નેહલતાની સ્નેહલીલા

પ્રતાપ કૃષ્ણપુર ગામમાં રહેતો, ત્યાંથી દસ ગાઉ દુર આવેલ ચંદ્રપુર શહેરમાં ચંદ્રસિંહ રાજા રાજ કરતો હતો તેના તાબામાં લગભગ પાંચસો ગામ હતાં તેના તાબામાં કેટલાય ખંડીયા રાજાઓ રાજ કરતા તેને સ્નેહલતા નામની એકની એક દીકરી હતી તે હાલ સોળ વર્ષની ઉમરની થઈ હતી તેના જેવી રૂપાળી સ્ત્રી આખા રાજ્યમાં ક્યાંય ન્હોતી બાપે તેને ખુબ લાડકોડથી ઉછેરી હતી તેને ઉંચી કેળવણી અને સુસંસ્કાર આપ્યા હતા.

સ્નેહલતા માટે ગામથી એક માઇલ દૂર એક નાનકડા તળાવની આસપાસ સુંદર બગીચો કરાવી આપ્યો હતો. સ્નેહલતા અવરનવર પોતાની સખીઓ સાથે ત્યાં જલવિહાર કરવા અને રમવા જતી.

આપણા કેટલાક માબાપો છોકરી તેર ચૌદ વરસની થાય એટલે તેને રમવા કુદવાની મનાઇ કરે છે, અને ઘરમાંજ બેસાડી રાખે છે. ચૌદ પંદર વરસની છોકરી એતો બાળક ગણાય. તેને રમવા કુદવાનો તો હક્ક હોવો જોઇએ. તેને તેમ કરતાં અટકાવવાથી તેનો કુદરતી વિકાસ અટકી જાય છે તેની નિર્દોષતા ઉલટી ચાલી

જાય છે. તેનામાં યૌવન ઉલટું વહેલું આવે છે. એક પુષ્પકલિકાને પોતાની મેળે વિકસવા દેવાની તક આપવાને બદલે તેને કૃત્રિમતાથી વિકસાવવામાં આવે તો તેનો નાશ વ્હેલો થાય. જેને યૌવન વ્હેલું આવે તેને વૃદ્ધાવસ્થા તો ખૂબ વ્હેલી આવે છે જો બાલિકાને વિકારી વાતાવરણમાં ન રાખતાં રમવા કુદવાની છુટ અપાય તો યૌવન મોડું આવે અને તે બહુજ લાંબા સમય સુધી ટકે.

સ્નેહલતાના બાપે સદભાગ્યે બીજા માબાપોની પેઠે સ્નેહલતાને રમવા કુદવાની મનાઇ કરીને તેના વિકાસને દાબી દીધો ન્હોતો.

ત્રણે સખીઓ બગીચામાં પહોંચી. અત્યારે બગીચામાં કોઇ ન્હોતું. કોઇને ત્યાં આવવાની સખ્ત મનાઇ હતી.

તેઓ બગીચો બંધ કરીને સરોવરમાં ન્હાવા પડી. તેઓ ન્હાતાં ન્હાતાં એક બીજા સ્હામે પાણી છાંટતી, એક બીજીને ધક્કો મારીને, એક બીજીને પછાડતી વિગેરે લ્હેર કરતી હતી.

આજ સમયે પ્રતાપ પોતાના ઘોડા પર ફરવા નિકળેલો તે અહિં આવી પહોંચ્યો. આ રસ્તે તે પ્હેલવ્હેલો આવ્યો હતો, દુરથી બગીચો જોઇને તે વિસામો લેવા માટે બગીચાની વાડને ટપીને અંદર આવ્યો.

પાણી પીવા સરોવર પાસે આવ્યો. ત્યાંતો આ ત્રણેય મસ્ત સખીઓ ધીંગા મસ્તી કરતી હતી. તેમનું કોઇનું ધ્યાન પ્રતાપ તરફ ન પડયું.

પ્રતાપ આ પાણીથી તરબોળ થયેલ સુંદરીઓને આશ્ચર્યચકિત નયને જોઇ રહયો, કપડાં એક તો બારીક હતાં, અને તેમાંય ભીનાં

થવાથી શરીરને સાવ ચોટી જવાથી તેમના દેહનો એકેએક મોહક અવયવ દેખાઇ આવતો હતો. તેમાંય સ્નેહલતાનું સૌન્દર્ય તો અજબ, આ કોઇ માનવ સુંદરી હશે કે સ્વર્ગમાંથી રમવા આવેલ દેવબાલિકા હશે તેની પ્રતાપને શંકા થઇ. જાણે કોઇ અદ્ભુત કુશળ કારીગરે કોઇ ચિત્ર દોર્યું હોય ને? આવું સૌન્દર્ય દુનિયામાં હોઇ શકે એવો ખ્યાલ પણ પ્રતાપને ન્હોતો. તેવામાં તેના મોઢા તરફ તેની નજર ગઇ. તે ચમક્યો. ચ્હેરો કાંઇ પરિચિત જણાયો. બીજીજ ક્ષણે તેને ખબર પડી કે તે તો પોતાની સ્વપ્ન સુંદરી છે પોતે સ્વપ્નામાં આ સુંદરીનાજ પ્રેમમાં પડયો છે. તેના આશ્ચર્યની સીમા ન રહી, તે નિરાશ પણ થયો. આતો કોઇ ચક્રવર્તિ રાજાની પુત્રી લાગે છે. હું તેને મેળવવાની આશા રાખું તો નિરાશા સિવાય બીજું કાંઇજ ન મળે.

અહિં વધુ વખત ઉભા રહેવું તેને ઠીક ન લાગ્યું તેથી ત્યાંથી ચાલતો થઇને તેજ બગીચામાં એક ઝાડ નીચે જઇને તે વિચાર તંદ્રામાંજ ઉભો રહયો.

ત્યાં તે અરધી કલાક ઉભો રહ્યો હશે. તેવામાં એક ચમત્કાર થયો. સ્નેહલતા તેજ ભીનાં કપડાં સાથે આંખે પાટા બાંધીને કોઇને શોધતાં શોધતાં ત્યાં આવી. સ્નેહલતાને ત્યાં આવતાં જોઇ પ્રતાપ આગળ ચાલવા મંડયો. તેનો ચાલવાનો અવાજ સાંભળી સ્નેહલતા દોડી. 'ઉભી રહેજે! કયાં સંતાઇ જાય છે! તને પકડી પાડું. એમ કહીને તે એકદમ પ્રતાપને ભેટી પડી. પ્રતાપ ચમકયો. તેના આલિંગનમાંથી છુટા થવા પ્રયાસ કર્યો તેમ તે વધારે જોરથી

ભેટવા લાગી. 'ક્યાં ભાગી જાય છે ? મેં તને પકડી પાડી છે ? કોણ માલતી કે ચંપા ?' એમ કહી તેણે આંખ પરથી લુગડું ખેસવી નાંખ્યું. અને માલતી કે ચંપાને બદલે પ્રતાપને દેખતાં તે ગભરાઇ ગઇ, સ્હેજ ખીજાઇ ગઇ, અને શરમાઇ ગઇ.

"માફ કરજો ! આપે પાટા બાંધ્યા હતા, અને મેં ચાલ્યા જવાનો પ્રયાસ કર્યો છતાં તમરા પંજામાંથી ન છુટી શક્યો."

સ્નેહલતાની ગભરામણ સ્હેજ ઓછી થઇ. તેણે પ્રતાપને બરાબર નિરખ્યો, તે ચમકી આતો તેનો સ્વપ્ન દેવ હતો. તેની સાથે તે સ્વપ્નાઓમાં વિહાર કરતી.

"આપ કોણ છો ? આ મારી ખાનગી વાડીમાં આવવાનું પ્રયોજન ?" સ્નેહલતાએ નીચું મોઢું રાખીને સ્હેજ ગૌરવથી પૂછ્યું.

"હું પ્રતાપસિંહ પાસેના કૃષ્ણપુર ગામમાં રહું છું આ તરફ ફરવા નીકળેલો મને ખબર નહિ કે આ આપની ખાનગી વાડી છે, તે ગુન્હા માટે આપની માફી માગું ?

તે દરમ્યાન ચંપા અને માલતી ત્યાં આવી પહોંચી. ચંપા તો પ્રતાપને ધમકાવવા જતી હતી. પણ સ્નેહલતાએ તેને અટકાવી. અને કાનમાં થોડા શબ્દો કહ્યા ચંપા આનંદમાં આવી ગઇ.

"કોઇની વાડીમાં વિના રજાએ આવવા માટે તમને શી શિક્ષા કરવી ?" ચંપાએ પ્રતાપને પુછ્યું. "તમે જે ફરમાવો તે !"

"તમને તો એકી સાથે બમણી સજા થવી જોઇએ. તમે

બે ગુન્હા કર્યા છે. એક ગુન્હો સ્નેહલતાબાની આ ફુલવાડીમાં પેસવાનો અને બીજો ગુન્હો કહું ? સ્નેહલતા !

" ના ! ના ! મારા સમ ! " સ્નેહલતા તેના મોં પર હાથ દેવા ગઇ.

" અંદરથી હા હા અને બ્હારથી ના ના જો શરમનું મોઢું પૂછડું આવ્યું–અને બીજો ગુન્હો સ્નેહલતાબાની હૃદયવાડીમાં ઘુસી જવાનો કર્યો છે. સ્નેહલતાબાએ તમને સ્વપ્નામાં જોયા અને ત્યારથી તમારી પાછળ એક નવલકથાની નાયિકાને પણ ટકકર મારે તેવી દખની ઝુરે છે. આ ભયાનક ગુન્હા માટે તમને શી સજા કરવી ? "

ત્યારે પહેલા ગુન્હા માટેજ જવાબદાર છું. બીજા ગુન્હા માટે તો ખાતું સરભર થઇ જાય તેમ છે. તે માટે જેટલો હું જવાબદાર છું તેટલાં જ તે જવાબદાર છે, મારી હૃદયવાડીમાં પણ તે ઘુસી આવ્યાં છે, અને મને દરરોજ સતાવ્યા કરે છે.

" તમે ખરૂં કહો છો ? " ચંપાએ આશ્ચર્યચકિત થઇ પૂછ્યુ સ્નેહલતાને પણ આશ્ચર્ય અને આનંદ થયો.

" હા મારી વ્હાલામાં વ્હાલી વસ્તુના સોગન ખાઇને કહું છું કે છેલ્લા એક માસથી તમારાં કુંવરી મને સ્વપ્નામાં હેરાન કરે છે. "

" એમ ! ત્યારે તો હું હમણાં આવું છું હો ! " એમ કહીને ચંપા ચાલતી થઇ.

"અને હું પણ હમણાં આવું છું." કહીને માલતી પણ સાથે ગઇ. બન્ને બ્હેનપણી આમ સ્નેહલતા અને પ્રતાપને એકાંત આપવા સટકી ગઇ.

" કુમારી ! આમ ચુપ ક્યાં સુધી રહેશો ? એ તો હવે ખુલ્લું છે કે તમે મને ચાહો છો અને હું તમને ચાહું છું." પ્રતાપે સ્નેહલતાને કહ્યું.

" તમે મને ખરેખર ચાહો છો ? "

" હા. "

" તમારા પ્રાણથી પણ વધારે ? "

" હા. "

" ત્યારે પ્રતીજ્ઞા લો કે તારા સિવાય બીજાને નહિ પરણું."

" આ પ્રતિજ્ઞા લઉં છું. તમારા સિવાય—"

" તમે મને ખરેખર ચાહતા હો તો મને માનાર્થે ન બોલાવતા. "

" અને તમે કેમ મને માનાર્થે બોલાવો છો ? "

"સ્ત્રીઓને તો ટેવ પડી. પણ તમારાથી તો નજ બોલાવાય."

" જેવી તારી આજ્ઞા, હું પ્રતિજ્ઞા લઉં છુ કે હું તારોજ છું અને તારોજ રહીશ. "

" અને હું પણ પ્રતિજ્ઞા લઉં છું કે હું તમારી છું અને તમારીજ રહીશ. "


" પણ આ પ્રતિજ્ઞાની કાંઇ નિશાની આપવીજ જોઇએ. "

" શું ? " સ્નેહલતા હસીને બોલી.

" હજુ ન સમજ્યાં. " પ્રતાપે સ્નેહલતાને પોતાના ભુજ-પાશમાં જોરથી ભીડી અને એક મીઠું ચુમ્બન લેતા લેતા કહ્યું, જો આ. "

સ્નેહલતાએ જીંદગીમાં પહેલીજવાર પુરૂષનો સ્પર્શ અને બન અનુભવ્યા. તેનાં રોમેરોમ હર્ષથી ખડાં થઇ ગયાં તેના મોઢા અત્યાનંદ લોહી ધસી આવ્યું. છતાં કૃત્રિમ ગુસ્સાનો ડોળ કરીને લી, " જાવ ! જાવ ! હરામખોર ! તમે પાકા બદમાશ દેખાવ . " કહીને તે મહામહેનતે પ્રણુયાતા બાહુપાસમાંથી છુટી થઇ.

બંનેએ અવારનવાર આ બગીચામાં મળવાનું નકકી કર્યું.



પ્રકરણ ૨૨ મું.

લગ્નની તૈયારી

બન્ને પ્રેમીઓ અવારનવાર આ બાગમાં મળતાં અને મીઠી નિર્દોષ વાતો કરીને છુટાં પડતાં.

સ્નેહલતાને માટે બહાર ગામના રાજાઓનાં માગાંઓ આવતાં પણ ચંદ્રસિંહ બધાને ના પાડતો, તેની ઇચ્છા પોતાના પ્રધાનના પુત્ર સાથે તેને પરણાવીને તેને રાજપાટ સોંપી દેવાની હતી.

હવે પ્રતાપે પોતા માટે ચંદ્રસિંહ પાસે સ્નેહલતાના હાથની માગણી કરવા બ્રાહ્મણને મોકલ્યો. તેને નજરાણા તરીકે પેલાં જાદુઈ બાગનાં ફળફુલ મોકલ્યાં. પ્રતાપે પહેલાં તેને સાધારણ કાચના ફળફુલ ધારેલાં, પાછળથી એક ઝવેરીને બતાવતાં તેને ખબર પડી કે તે તો સાચા હીરા છે. અને આવા મોટા અને સરસ હીરા આખી દુનીયામાં ન મળી શકે તેવા છે. તેથી પ્રતાપે તેમાંથી થોડા હીરા નજરાણા તરીકે મોકલ્યા. બ્રાહ્મણે પ્રતાપના બળ, બુદ્ધિ અને શ્રીમંતાઇના ખુબ વખાણ કર્યાં, પણ રાજાએ તો ચોકખી ના પાડી. અને કહ્યું કે મેં મારી પુત્રીને મારા પ્રધાન પુત્ર સાથે પરણાવવાનું નકકી કર્યું છે, અને પ્રતાપ ભલે તમે ગણાવ્યો તેવો હોય, પણ તે જાણીતા વંશનો તો નથીજ."

પ્રતાપ આ જવાબથી ગુસ્સે થયો, તેણે સ્નેહલતાને આ વાત કરી સ્નેહલતાએ પણ પોતાના જક્કિ બાપને સમજાવવાની આશા મુકી દીધી.

તે પ્રધાન પુત્રને ધિક્કારતી હતી. હવે તેણે લગ્ન વખતે આપઘાત કરવાનો નિશ્ચય કર્યો. તે પ્રતાપ સાથે નાસી શકત પણ તેમ કરવું તેને આર્યસંસ્કૃતિથી વિરૂદ્ધ લાગ્યું. તેણે પ્રતાપને આ નિશ્ચય જણાવ્યો. પ્રતાપે તેને ધીરજ ધરવા કહ્યું.

તે ઘેર ગયો. જાદુઇ ફાનસને ઘસીને રાક્ષસને બોલાવ્યો, અને કહ્યું કે, " ચંદ્રપુરના પ્રધાનપુત્રને અહિં ઉપાડી લાવ. રાક્ષસ તરતજ તેને ઉપાડી લાવ્યો.

પ્રતાપ તેને ધમકાવીને કહેવા મંડયો કે, " મારો પ્રભાવ તો તેં જોયો હસે. તેં રાજાની પુત્રિને પરણવાનો નિશ્ચય કર્યો છે. રાજકુમારી તને ધિક્કારે છે. માટે તારે તેને પરણવાનો વિચાર છોડી દેવો. જો તું મારૂં કહેવું નહિ માને તો તારૂં સત્યાનાશ વળી જશે એ ધ્યાનમાં રાખજે ને તારી રજેરજની હિલચાલની મને અહિં બેઠા ખબર મળે છે. તો આપણી આ મુલાકાતની આ વાત જો કોઇને પણ કહીશ તો તારૂં આવી બન્યું સમજજે " આમ કહીને તેણે રાક્ષસને કહ્યું, " જા ! આને પાછો મુકી આવ. "

સ્નેહલતાએ પોતાના માબાપને ખૂબ સમજાવ્યાં પણ તેમણે નમતું ન આપ્યું.. તે રોઇ, કકળી આજીજીઓ કરી. પણ માબાપ ક્રુર બન્યાં હતા. તેમણે તો લગ્નની તૈયારીઓ માંડી.

પ્રધાનપુત્રે તેના માબાપને પરણવાની ચોકખી ના પાડી પણ કારણ ન બતાવી શક્યો. માબાપે તેને પરાણે પરણવાનું નક્કી કર્યું.

લગ્નનો દિવસ આવી પહોંચ્યો. પ્રધાનપુત્ર ધ્રુજતો ધ્રુજતો પરણવા આવ્યો. તેનો ગભરાટ માતો ન્હોતો. તેનું મોઢું ધોળું પુણી જેવું થઇ ગયું હતું.

સ્નેહલતાએ પણ રડીરડીને આંખો લાલચોળ કરી નાંખી હતી.



પ્રકરણ ૨૩ મું

લગ્નમાં વીઘ્ન

લગ્નનો સમય આવી ચુકયો. સ્નેહલતાએ હસ્તમેળાપ વખતે હાથમાંથી વીંટી ચુસીને આપઘાત કરવાનો નિશ્ચય કર્યો હતો.

વરઘોડો પુર ધામધુમથી આવી પહોંચ્યો. વર પરણવા બેઠો. કન્યાને પધરાવવામાં આવી. હસ્તમેળાપનો સમય થયો. ગોર બંનેના હાથ મેળવવા જતો હતો તેવામાં ચમત્કાર થયો. બધી રોશની એકદમ બુઝાઇ ગઇ. અંધારૂં ઘોર થઇ ગયું. બીજીજ ક્ષણે બતીઓ પાછી સળગી. પણ તપાસ કરતાં વરરાજાનો પત્તો ન્હોતો. બધા આ ચમત્કારથી ગભરાઇ ગયા. વરને શોધવા ખુબ પ્રયાસ થયા. પણ તેનો કયાંય પત્તો ન મળ્યો.

વિવાહ વિવાહને ઠેકાણે રહયો. આનંદને બદલે ગમગીની ફેલાઈ ગઇ. સ્નેહલતાએ છુટકારાનો દમ ખેંચ્યો.

ચંદ્રસિંહ અને તેની રાણીએ ધાર્યું કે આ તો ઇશ્વરી કોપ થયો છે. પુત્રીની ઇચ્છા વિરૂદ્ધ વર્તવાથી આમ થયું છે. માટે તેણે સ્નેહલતાને પ્રતાપ સાથે પરણવવાનો વિચાર કર્યો, પણ તે વિચાર તેમને રૂચ્યો તો નહિ. તેણે સ્નેહલતાને કહ્યું કે,

પ્રતાપ ભલે ધનવાન હોય પણ શૂરવીર નથીજ. ક્ષત્રિનું ખરૂં ધન તેનું શૌર્ય છે. માટે તે જો આપણા હડહડતા દુસ્મન રઘુ બ્હારવટીયા અને તેની ગંજાવર ટોળીનો નાશ કરી દે તો તેની સાથે તારાં લગ્ન કરીએ.

"તો ભલે! પ્રતાપને તમે અહિં બોલાવો અને વાત કરો."

રાજાએ પ્રતાપને આવવા કહેણ મોકલ્યું, પણ પ્રધાન પુત્ર કયાં ગયો? વાંચકે કલ્પીજ લીધું હશે કે પ્રતાપે રાક્ષસની મદદથીજ આ ચમત્કાર કરેલ, અને પ્રધાનપુત્રને તે ઉપાડી ગયો અને આઠ દિવસ પછી પાછો તેને તેને ઘેર મુકી ગયો. તેના માબાપ તેને પાછો આવેલ જોઇ ખુશ થયા. પોતે કયાં ગયો હતો તેનો કાંઇ ખુલાસો તે ન કરી શકયો. પણ એટલુંજ કહ્યું કે તમે મને સ્નેહલતા સાથે પરણાવતા હતા, તેથીજ આમ બન્યું તમે ફરીથી મને તેની સાથે પરણાવવાની ગોઠવણ કરશો, તો મારૂં મોત થવાનું. તેનો બાપ સમજી ગયો. તેને રાજ્યને ખાતર છોકરો ગુમાવવાની ઇચ્છા ન્હોતી તેથી તેણે રાજાને બહુજ નમ્રતાથી કહી દીધું કે મારા પુત્રને પરણાવવા ઇચ્છા નથી.

પ્રતાપને રાજાનું કહેણ મળ્યું પોતાની યુક્તિ સફળ થઇ તેથી તે ખુબ ખુશ થયો અને માણસને જવાબ આપ્યો કે આવતી કાલે હું આવીશ.

બીજે દિવસે પ્રતાપે પેલા રાક્ષસને બોલાવ્યો. અને તેને કેટલીક સુચનાઓ આપી તેની સુચના પ્રમાણે તેણે એક સો બહાદુર શસ્ત્ર સજીત ઘોડેસ્વારો, એક એક હજાર સોના-મહોરોની કોથળી પોતાના માથા ઉપર ઉપાડનાર દસ ખુબસુરત દાસીઓ, અને પ્રતાપ માટે એક સરસ ઘોડો તૈયાર કર્યો.

પ્રકરણ ૨૪ મું.

પ્રતિજ્ઞા

પોતાની આ ભભકાદાર સ્વારી સાથે પ્રતાપ કૃષ્ણપુરમાં આવ્યો. ગામના લોકો આ સ્વારી જોવા માટે ટોળે વળ્યા, પ્રતાપને જોઇને પણ બધા ખુશ થયા આવા પ્રતાપી ભવ્ય ચ્હેરાવાળો માણસ તેમણે આજ સુધીમાં જોયો ન્હોતો.

ચંદ્રસિંહ અને તેના દરબારીઓ પણ આ ભભકાથી આભા બની ગયા તેમણે પ્રતાપને આવો શ્રીમંત અને પ્રતાપી ન્હોતો ધાર્યો ચંદ્રસિંહે તેને જોતાંજ તે પોતાની સ્નેહલતાને લાયક છે એમ નક્કી કર્યું.

તેણે પ્રતાપ અને તેના યોદ્ધાઓનો સારી પેઠે સત્કાર કર્યો. તેના માનમાં ચંદ્રસિંહે દરબાર ભર્યો પ્રતાપે નજરાણા તરીકે હજાર હજાર સોના મ્હોરની દસ કોથળીઓ ભેટ કરી

ચંદ્રસિંહે પ્રતાપને કહ્યું કે, તમારું માગું ઠેલવા માટે હું ખુબ દીલગીર છું. તે માટે મારે માફી માગવી જોઇએ. મ્હેં તમારા માટે બહુ સારો અભિપ્રાય ન્હોતો બાંધ્યો. હવે મને લાગે છે કે મારી ભુલ હતી. મારી પુત્રી તમને આપવામાં મને હવે ખાસ વાંધો નથી.

પણ મારી એક ખાસ ઇચ્છા છે. તમને ખબર છે કે આપણા ક્ષત્રિયો તો સ્વયંવરમાંથી બહાદુરીનું કામ કરીને પરણે છે માટે તમે એવું બહાદૂરીનું કામ કરીને પરણો તો મને, મારા કુંટુંબને, મારી પ્રજાને અને મારી પુત્રીને પણ વધારે આનંદ થાય. માટે બહાદૂરી ભર્યું કામ મેં શોધી કાઢયું છે રઘુ બ્હારવટીયો અને તેની ટોળીથી તમે અપરિચિત તો નહિંજ હો, અહિંની પ્રજાને તે ખૂબ હેરાન કરી રહયો છે. હું તો હવે વૃદ્ધ થયો છું શરમની સાથે મારે કબુલ કરવું જોઇએ કે મારા સૈનિકો તનતોડ પ્રયાસ કર્યા છતાં તે બહાદુર બ્હારવટીયાને પરહેઝ નથી કરી શકયા. આપ આ કામ કરી શકો તો મારી પ્રજા તમને ખુબ આશિર્વાદ આપશે અને તમારા બળની કસોટી પણ થશે. તમારે જેટલા જોઇએ તેટલા યોદ્ધાઓ હું આપવા તૈયાર છું. ”

“ આપની આજ્ઞા હું માથે ચઢાવું છું તમે વૃદ્ધ છો અને મારા ભાવી સસરા છો, તેથી હું તમને પિતા તુલ્ય માનું છું. આપની આજ્ઞા પ્રમાણે હું રઘુને પરહેજ કરવા જાઉં છું આપના સૈનિકોની મને જરૂર નથી. મારા સૈનિકો આ કામ માટે બસ છે. આજથી આઠ દિવસ પછી હું રઘુ બારવટીયાને અને તેની આખી ટોળીને પરહેજ કરીને તમારી સમક્ષ રજુ કરવા હું વચન આપું છું.

પ્રતાપને આ ભગીરથ કામ આઠ દિવસમાં પુરૂં પાડવાનું વચન આપતાં જોઇ ચંદ્રસિંહ અને તેના દરબારીઓના આશ્ચર્યની અવધી આવી. કેટલાકને તો એમ પણ લાગ્યું કે આ માણસ પ્હેલા

નંબરનો ગપ્પીદાસ છે, કારણ કે આજ બાર બાર વરસથી આ બહારવટીયો સેંકડો પોલીસોની આંખોમાં ધુળ નાખીને પ્રજાને રંજાડી રહયો હતો. આ બહારવટીયાને પકડવા માટે હજારો માણસોએ પોતાનાં લોહી રેડયાં હતાં; છતાં તેનો પત્તો ન્હોતો લાગ્યો. અને બહારવટીયો લોકોને લુંટતો, તેમનાં ખુન કરતો અને તે અને તેની ટોળી ગામની અસંખ્ય સ્રીઓનાં શીયળ અવારનવાર લુંટતી. આ બહારવટીયાને આઠ દિવસમાં પકડવો એ આકાશ પૃથ્વીપર ઉતારવા જેવુંજ અઘરૂં કામ હતું.



પ્રકરણ ૨૫ મું.

સ્વારી.

આઠ દિવસ પુરા થાય તે દરમ્યાન પ્રતાપ શહેરમાં દેખાણો નહી ચંદ્રસિંહે પ્રતાપની હીલચાલ તપાસવા જંગલમાં બહારવટીયાઓના રહેઠાણ આસપાસ માણસો મોકલ્યાં પણ તેમણે પ્રતાપ કે તેના સૈનિકોને જોયા નહિં.

ચંદ્રસિંહને વધારે નવાઇ લાગી. આઠ દિવસમાં બહારવટીયાને પકડવાનું વચન આપ્યા છતાં હજુ સુધી તેને પકડવાની કાંઇ પ્રવૃતિ કેમ નહિ કરતા હોય? તેણે પ્રતાપના ગામમાં જાસુસ મોકલ્યા તે ખબર લાવ્યા કે પ્રતાપ ગામમાં આંટા મારે છે અને લ્હેર કરે છે.

હવે ચંદ્રસિંહને ખુબ ગુસ્સો ચડયો. તેને ખાત્રી થઇ કે પ્રતાપ કોઇ લબાડ મવાલી લાગે છે નહિ તો આમ વચન આપીને બેસી રહે ખરો કે? મને લાગે છે કે હવે તે અહિં આવીને મોઢું દેખાડવાની હિંમત નહિ કરે. મેં તેના દેખાવ પરથીજ મોહ પામીને સ્નેહલતા તેને આપી દીધી હોત, તો આજ પસ્તાવું પડત. જે થયું તે ઠીકજ થયું. તેણે પોતાના માણસોને હુકમ કરી દીધો કે, 'જો પ્રતાપ ગામમાં આવે તો તેને કેદ કરી લેવો. એક

રાજાની કુમારીકાના હાથનું માગું કરનાર એક મવાલીને શી સજા થાય તે મારે પ્રજાને બતાવવું પડશે.'

સ્નેહલતાને આ વાતની ખબર મળી, તેની ગમગીનીનો પાર ન રહયો. એક વસ્તુની ખુબ આશા હોય અને તેમાં નિરાશા મળે તે બહુજ ભયાનક વસ્તુ છે તેના કરતાં પહેલેથીજ નિરાશા હોય તે હજારગણું સારૂં. સ્નેહલતાને પહેલાં નિરાશા હતી. તેમાં સુખી આશા આવી કે મારા માબાપ મને અચુક પ્રતાપ સાથે પરણાવશે. આ આશાપર પાણી ફરી વળતું જોઇ તેના હૃદયને સખત આઘાત લાગ્યો.

અને હવે વધુ ચિંતા થવા લાગી, પ્રતાપને પોતાનો બાપ સખત સજા કરશે તેને છોડી નહિ દે, અને બહારવટીયાને તો તે કયાંથી પકડી શકવાના હતા? હવે હું શું કરૂં! તેની ચિંતાનો પાર ન રહયો.

આમ આઠ દિવસ પુરા થયા. આઠમે દિવસે સવારે સાત વાગ્યામાં લોકો પ્રતાપની રાહ જોઇને ઉભા. લોકોને તો ખાત્રી હતી કે પ્રતાપ બહારવટીઆઓને પકડીને આવવાનોજ, જનસમાજમાં હમેશાં બુદ્ધિ કરતાં લાગણીનું તત્વ વધારે હોય છે, તેઓ સંભવાસંભનો ઝાઝો વિચાર નથી કરતા તેઓ લાગણી પ્રધાન અને ગગનગામી થઇ જાય છે. જનસમાજને ચમત્કારોનો ભારે શોખ હોય છે, તેથી પ્રતાપ બહારવટીયાને પકડીને આવવાનોજ એવી તેમને ખાત્રી થઇ ચુકી હતી. ઘણા ખરા માણસોએ વિજયી પ્રતાપને ગળે પહેરાવવા પુલના હાર અને તેને માથે ઉડાડવા સુગંધી છુટાં ફુલો એકઠાં કરી લીધાં હતાં.

અને લોકોમાં ગપ પણ ખૂબ ઉડતી હતી. પ્રતાપે કેવી બહાદુરી કરીને રઘુને પકડયો. રઘુના સાથી માધુએ પ્રતાપપર કેવો જીવલેણ હુમલો કર્યો, પ્રતાપે કેવી ચપળતાથી હુમલામાંથી પોતાને બચાવીને માધુને એક ધાએ પછાડયો. પેલા રામુને તો પ્રતાપે તેનો એક પગ ઝાલીને કેવો ચક્કર ચક્કર ફેરવીને જમીનપર પછાડયો વિગેરે રહસ્યમય હકીકતો કેટલાક લોકો અંદર અંદર ફેલાવતા હતા. આવા ગપગોળા કાંઇ સ્વાર્થ માટે ફેલાવવામાં નથી આવતા માણસોને તેનો શોખજ લાગ્યો હોય છે કેવળ નિસ્વાર્થ શોખ.

આઠ વાગ્યે લોકોમાં કાંઇ ગણગણાટ ફેલાવા મંડયો ત્યાં તો ગામના દરવાજા પાસે ઉભેલા ટોળાના લોકોએ આગળ વાત ચલાવી કે પ્રતાપની સ્વારી આવે છે દૂરથી તેની ધુળ ઉડતી દેખાય છે.
અને અરધી કલાકમાં આખી મેદનીમાં ખબર પહોંચી ગયા કે પ્રતાપ બધા બ્હારવટીયાને બાંધીને પોતાની સ્વારી સાથે આવી પહોંચ્યો છે.

ડંકાઓએ દિશાઓ ગજાવી ને શરણાઇના સુરે ગગન ભેદાઇ રહ્યું અને સવારી આવી.

પહેલાં ડંકાધારી સાંઢણીઓ આવી, પાછળ વિજયડંકા કરતું પાયદળ આવ્યું તેની પાછળ ધુધરીથી ધમકતા ઘોડાઓ પર બેઠેલા સ્વારો આનંદમાં હસતા હસતા હાથમાં ભાલાઓ નચાવતા આવી પહોંચ્યા.

તેમની પાછળ રઘુ બ્હારવટીયાના પાંચસો સાથીઓની ટોળી ખિન્ન મુખે આવી તેમના હાથ પીઠ પાછળ બાંધેલા હતા. તેમના

વસ્ત્રો અને દેહ લોહીથી ખરડાએલાં હતાં. તેમના હાથમાંથી શસ્ત્રો લઇ લેવામાં આવ્યાં હતાં. હજુ પખવાડીઆં પ્હેલાંજ જે બહારવટીયાઓ પ્રજાને ત્રાહી ત્રાહી પોકારાવતા હતા, તે આજ બંદીવાન થઇ, નિસ્તેજ બની આયુધધારી પ્રતાપના યોદ્ધાઓની મશ્કરી સહન કરતા હતા પ્રતાપની વિજયસેનાને સોભાવી રહ્યા હતા.

તે ઘોડાઓ પુરા થતાં બખ્તર સજેલા ઘોડેસ્વારો અને ત્યાર પછી હાથી પર બેઠેલા પ્રતાપના સામંતો એકેક પછી એકેક આવવા લાગ્યા.

તેની પછી બસો નાગી તલવારો અને ભાલાઓ સહિત ચાલતા સૈનિકોનો સમુહ આવ્યો અને તે સમુહની પાછળ પ્રતાપનો ઘોડો કુદતો કૂદતો આવ્યો. તેના મોઢા પર ભવ્ય ઓજસ અને નૂર હતાં. તેને જોતાંજ પ્રજાજનોએ તેના પર ફુલની વૃષ્ટિ કરી અને હર્ષનો પોકાર કર્યો, "પ્રતાપસિંહની જય."

પ્રતાપના ઘોડા પાછળ ચાલતા સૈનિકોનો કોટ બનાવી તેમાં થોડી જગ્યા ખુલ્લી રહેવા દીધી હતી. આ ખુલ્લી જગ્યામાં એકજ બંધીવાન ચાલતો હતો. લોકો તેને ટીકી ટીકીને જોવા લાગ્યા. 'આ પોતેજ ચંડાલ બહારવટીયો રઘુ લોકો પોકારી ઉઠયા અને સ્વારીનો અહિં અંત આવ્યો.

સ્વારી રાજકચેરી પાસે આવીને ઉભી રહી. રાજાના આશ્ચર્યની સીમા ન્હોતી. આવું ગંજાવર લશ્કર પ્રતાપ પાસે હશે તેનો તેને સ્વપ્નેય ખ્યાલ ન્હોતો.

તેણે પ્રતાપનો ખૂબ સત્કાર કર્યો પ્રતાપનો જાહેર આભાર માન્યો અને જાહેરમાં તેણે પ્રતાપને કહ્યું " તમારા આ આભારનો બદલો હું વાળી શકુ તેમ નથી. પણ ફુલ નહિ તો ફુલની પાંખડી હું આપને મારી એકની એક પુત્રિ સ્નેહલતાનો હાથ સોંપુ છું હું હવે વૃદ્ધ થવા આવ્યો છું. તેથી મારી રાજગાદી પણ આપનેજ આપું છું હું ઇચ્છું કે મારી આ માગણી તમે સ્વિકારશો.

" મેં કરેલ નજીવી સેવા માટે તમે આટલું બધું મને આપવા તૈયાર થયા તે મારા મોટા ભાગ્યની નિશાનીછે. એવો કયો મુર્ખ હોય કે દેવોને પણ દૂર્લભ તેવી આપની પુત્રિનો હાથ સ્વિકારવા ના પાડે ? અને રાજકાજમાં તો હું સાવ કાચો છું માટે કાંઇક અનુંભવ મેળવ્યા પછી તે મને આપો તો વધારે સારૂં. "

"મહારાણા ચંદ્રસિહજીની જય! પ્રતાપસિંહની જય ! કુમારી સ્નેહલતાબાની જય !' લોકો પોકારી ઉઠયા,

"તો જેવી આપની ઇચ્છા, તમારી એવી ઇચ્છા હોય તો એક વરસ અનુભવ લીધા પછી ગાદી સ્વિકારજો. ત્યાં સુધીપણ ખરા રાજા તો તમેજ છો. હુંતો તમારા વતીજ કારભાર ચલાવું છું. એમ તમારે અને પ્રજાએ માનવાનું છે.

પ્રકરણ ૨૬ મું

આનંદની રજની

પ્રતાપનાં નસીબ સાવ ખુલી ગયાં. ટુંક મુદતમાં સર્વ શ્રેષ્ટ સુંદરી સ્નેહલતા સાથે તેનાં બહુજ ધામધૂમથી લગ્ન થયાં. બન્નેના આનંદનો પાર નહોતો. બન્નેને જોઇતી વસ્તુ મળી ગઇ.

તેમની પ્હેલી રાત તો દેવોને પણ ઇર્ષા આવે તેવી ગઇ. બન્ને મસ્ત પ્રેમીયોએ પ્રણયરસની અનેરી મોજ ચાખી. શરદ પૂનમની સુંદર રાત હતી. બન્ને મ્હેલની અગાસીએ ચડી ગયાં. સ્નેહલતાએ સિતાર લઇને સુંદર ગીત ગાયું. પ્રતાપ તેના ખોળામાં માથું મુકી સુતો હતો, અને એકી ટશે ગીત ગાતી સુંદરીનું ઉજ્વળ આનંદીવદન જોઇ રહયો હતો. ગીત પુરૂં થતાંજ એક હાથથી તેનું મોઢું ખેંચીને પોતાના મોઢા સાથે જોડી દીધું અને અમુલ્ય અધરામૃતનું પાન કર્યું.

"તમે બહુજ મસ્તીખોર છો હો! મારે રીસાવું પડશે."

અને તું કયાં ઓછી મસ્તીખોર હતી. મારા જેવા ગભરૂ જુવાનને ફસાવીને ગાંડો કરનાર આ કે બીજી?"

" વાહ! માણુસ તે સવાલાખ રૂપીઆનું! હું કાંઇ ન્હોતી સમજતી, ને તેને પ્રેમપાસમાં બાંધીને પછી ઝુંકાવનાર આ પોતે કે બીજું કોઇ ?" આમ કહી તેણે પ્રતાપને પોતાના નાજુક હાથે ટપલી મારી.

"બદમાસ! તમાચો મારે છે? પતિ એ તો પરમેશ્વર કહેવાય એટલીય ખબર નથી? "

" હા. હા. થાય તે કરી લેજો એક હજાર ને એક વાર તમાચા મારીશ પતિ એ પરમેશ્વર એ સિદ્ધાંત આપણને માન્ય નથી પરમેશ્વર પાસે તો અદબ રાખવી પડે વિવેક રાખવો પડે' સાથી છે. ઇશ્વર નથી. જીવનસાથી સાથેજ એક થઇ શકાય. તેની પરમેશ્વર એ બાપની જરા મોટી આકૃતિ. છોકરું બાપ પાસે મિત્ર ભાવે નજ રહી શકે. પતિ એ તો જીવનસાથી છે, ઇશ્વર નથી. જીવન સાથી સાથેજ એક થઇ શકાય. તેની સાથેજ મન ભેળી શકાય તેના સ્નેહમાંજ પોતાને ભુલી જવાય. અને તેને લીધેજ તેને માટે ફના થઇ જવાનું બળ આવે. આ મારો સિદ્ધાંત છે. શું, સમજ્યા ? મ્હારા મ્હેરબાન !"

'તું તો મોટી બધી વિદુષિ થઇ ગઇ છેને શું ? એક વિદ્વાનને ટક્કર મારે તેવી ઢબથી તને દલીલો કરતાં ક્યાંથી આવડી ? ત્યારે તો ઋષિમુનિઓએ પાડેલ સતીના ચોગઠામા તારો પ્રવેશ નહિ થઇ શકે. તેમના સિદ્ધાંત પ્રમાણે પુરૂષ ભોકતા છે, સ્ત્રી ભોજ્ય છે. પુરૂષ સ્વામી છે, સ્ત્રી ગુલામ છે. પુરૂષના ગુલામી કરવાજ સ્ત્રી જન્મેલી છે. તું મારી ગુલામી નહિ કરે ?'

" જરૂર કરીશ પણ કયા ભાવથી ? તમે મારા માલીક છો મને ખાવાનું આપો છો. મને વિલાસ કરાવો છો તે માટે ગુલામી. નહિં કરૂં. પણ હું તમને ચાહું છું. દુનિયામાં વધારેમાં વધારે તમને ચાહું છું. અને જેને ચાહીએ તેને શેવા કરવામાં તો અણુમોલી લ્હાણુ હોય તેને માટે ફના થઇ જવામાં તો જીવનના કર્તવ્યની ઇતિશ્રી હોય. એ ભાવથી, સમજ્યા ! "

" બધું સમજી ગયો. આખર બધું એનું–એ. હું તો તારી મશ્કરીજ કરતો હતો. અને તું તો ગંભીરતાથી દલીલો કરવા મંડી ગઇ. વ્હાલી ! ઇશ્વર આપણુને હંમેશા આમને આમ સુખી રાખે તો ? "

" એ તો કેમ કહેવાય ? દુનિયામાં સ્થાયી કાંઇજ નથી. દુનિયા હંમેશાં ફર્યાજ કરે છે. આજ સુખ હોય ત્યાં કાલ દુઃખ હોય કાલ દુઃખ હોય ત્યાં આજ સુખ હોય. પણુ એક વસ્તુ ન ભુલવી. સુખ વખતે સુખનો પુરેપુરો ઉપભોગ કરવો. દુઃખ વખતે ગભરાયા વિના દુઃખ પુરેપુરૂ સહન કરવું."

" ત્યારે તો આજે સુખનો પુરો ઉપભોગ કરવોને ? "

" હા. " શરમાઇને સ્નેહલતાએ જવાબ આપ્યો.

પ્રતાપે તેને બાથમાં લીધી અને હવે આ દંપત્તિની આનંદ રજની બહુ વખત જોવાનો આપણુને હક્ક નથી.

પ્રકરણ ૨૭ મું

અદ્ભુત મહેલ

પ્રતાપે રાજકાજમાં ભાગ લેવા માંડયો. મૂળ સ્વભાવે તે ચપળ અને ચાલાક હોવાથી તેને જે કાંઇ શીખવવામાં, સુચવવામાં કે બતાવવામાં આવતું તે તે તરત જ સમજી જઇ શકતો.

તેણે તેવામાં પોતાનો નવો ચમત્કાર બતાવ્યો. તેણે પેલા રાક્ષસને બોલાવ્યો. અને હુકમ કર્યો. " આખી દુનિયામાં કયાંય ન હોય તેવો એક અદ્ભુત મ્હેલ ગામ બહાર નદીને કાંઠે ઉભો કર, જો તેમાં એક બારી અધુરી રાખજે. "

રાક્ષસે તેના કહેવા પ્રમાણે કર્યું, મ્હેલ અદ્ભુત બન્યો. આખા મ્હેલનું બધું કામ સોના, મોતી, હીરા વિગેરેનું જ થયું હતું.

બીજે દિવસે પ્રતાપે રાજાને કહ્યું કે, " પિતાજી ! અહિ. નદીને કિનારે મેં એક મ્હેલ બંધાવ્યો છે ત્યાં હું રહેવા જવા ઇચ્છું છું. "

" મ્હેલ બંધાવ્યો ? ક્યારે ? મને તો ખબરેય નથી, "
" ગઇ કાલે એક દિવસમાં બંધાવ્યો. સાધારણ કામચલાઉ મ્હેલ છે. આપ જોવા આવશો ? "

" હા ભલે. " રાજાએ જવાબ આપ્યો. તેણે ધાર્યું કે સાધારણ ઝુંપડી બારસ ઘર બંધાવ્યું હશે. એક દિવસમાં સારૂ મકાન કયાંથી થાય.

તે, પ્રધાન અને દરબારીઓ સાથે મ્હેલ જોવા ગયો, મ્હેલ જોઇને તેઓ ચકિત થઇ ગયા. તેમની અક્કલ કામ ન કરી શકી.

" પ્રતાપ ! આવો મ્હેલ એક દિવસમાં કયાંથી બંધાવ્યો ? તમે કોઇ જાદુગર છો ? "

" તમને કેમ લાગે છે ? ખરી વાત તો એ છે કે હું કૃષ્ણ-પુરમાં હતો ત્યારે કામરૂ દેશનો એક કારીગર ત્યાં આવેલો તેમણે મને કહ્યું કે જો એક અબજ રૂપીયા આપો તો દૂનિયાનો એક અદભુત મ્હેલ બનાવી દઉં "

મેં કહ્યું, " એક અબજના કાકા પણ એક રાતમાં બનવો જોઇએ. " તેણે તેમ કરવા કબુલ કર્યું અને કામરૂ દેશથી પોતાના માણસોને બોલાવવા ગયો. ગઇ કાલે તે અહિં આવ્યો અને મને કહ્યું હું કૃષ્ણપુર ગયો હતો. તમે અહિં હોવાના સમાચાર મળતાં અહિં આવ્યો છું કહો મહેલ કયાં બનાવવો છે. " મેં જવાબ આપ્યો. " આજ રાતમાંજ નદીકાંઠે મ્હેલ તૈયાર થઇ જવો જોઇએ. " તે ચાલ્યો ગયો સ્હવારના પાંચ વાગ્યે પાછો આવ્યો અને બોલ્યો.

" લાવો રૂપીયા ! મ્હેલ તૈયાર છે. " મેં રૂપીયા આપી દીધા અને પોતાના માણસો સાથે ચાલ્યો ગયો.

બધા હવે બારીકીથી મકાન જોવા લાગ્યા. મ્હેલને સાત તો માળ હતા. ફરતા ફરતા તેઓ સાતમે માળે આવ્યા. ત્યાં એક ન્હાની બારી સ્હેજ અધુરી રહી ગઇ હતી. પ્રધાનનું તે તરફ ધ્યાન ખેંચાયું.

" આ બારી અધુરી રહી ગઇ હશે ? " તેણે પુછયું.

" કારીગર બદમાસ લાગે છે. આટલું કામ અધુરૂં મુકી દીધું. આ મ્હેલની શોભા બગાડી.

પ્રતાપજી ! કાંઇ વાંધો નહિ. અહિંના સારામાં સારા ઝવેરીઓ અને કારીગરો પાસે તે બારી પુરી કરાવી લેશું. "

તેજ દિવસે રાજાએ સારામાં સારા ઝવેરીઓ કારીગરોને બોલાવ્યા તેમણે છ માસ સુધી મ્હેનત કરી. પણ તે બારી પુરી ન કરી શકયા. લોકોને મ્હેલની પુરી કદર ત્યારેજ થઇ શકી.

પ્રતાપ; સ્નેહલતા અને તેની મા આનંદથી આ મ્હેલમાં રહેતા હતા. આ જાદુઇ ફાનસની વાત પ્રતાપે સ્નેહલતાથી છુપી ન્હોતી રાખી. કારણ કે તેને ખાત્રિ હતી કે તે કોઇને આ વાત નહિ કહી દે. આખી સૃષ્ટિમાં આ જાદુઇ ફાનસની વાત ત્રણ જણ જાણતા હત.. તે પ્રતાપ, સ્નેહલતા, પ્રતાપની મા ના ભુલ્યો એક ચોથો જણ પણ આ વાત જાણતો હતો, તે કોણ ?

પ્રકરણ ૨૮ મું

જાપાની જાદુગર.

પેલા જવાન જાદુગર ઉર્ફે મગન કાકાને વાચક ભુલી તો નહિજ ગયો હોય. વાંચકે એમ પણ માનવાની ભુલ ન કરવી કે વાર્તામાં તેનું કર્તવ્ય ખલાસ થયું હોવાથી તે પાછો નહિ આવે. તેનાં સાચાં પરાક્રમ આલેખાવાં તો હજુ બાકી છે.

જાપાનમાં થોડો વખત તો તેણે આ ફ્રાનસની હકીકતને ભુલી જવા પ્રયાસ કર્યો, તેણે માની લીધું કે પ્રતાપ તો ભોંયરામાં ગુગળાઇને હમેશને માટે મરી ગયો. અને પ્રતાપ સિવાય સારિય સૃષ્ટિમાં બીજું કોઇ તે ફાનસ મેળવી શકે તેમ ન હોવાથી હવે તેની આશા રાખવી ફોગટ છે. પણ ૭ માસ પછી તેને એક વિચાર આવ્યો. આ વિચારે જ બધુ સત્યાનાશ વાળ્યું. આ વિચાર તેને ન આવ્યો હોત તો વાર્તા આટલેથી જ પુરી થાત અને લેખકને

વધુ પાના ચિતરવાની કડાકૂટ બચી જાત પણ વીધીના લેખને કોણ જીતી શક્યું છે ?

એવો તે વળી કયો વિચાર હશે ? વાચકો તારી કલ્પનાને કસોટીએ ચઢાવીશ ? એવો તે કયો વિચાર હશે ? એ વિચારનો ખ્યાલ કરતાં પણ અમારી કલમ ધ્રુજવા મંડે છે. એમજ થાય છે કે વાર્તા અહિંથી જ છોડી દેવી. આગળ ચાલવાની હિમત જ નથી થતી પણ લેખક બિચારો પરાશ્રયી છે. તેને લખ્યા શિવાય છુટકો નથી.

તેને વિચાર આવ્યો કે પેલો પ્રતાપ ખરેખર મરી ગયો છે કે નહિ તેની મને ખાત્રી કરવીજ જોઇએ, આપણે જાણીએ છીએ કે આ માણુસ જબરજસ્ત જાદૂગર હતો. તેને માટે આ કામ અશક્ય ન્હોતું

તેણે પોતાની એક જાદુઇ દાબલી લીધી. તે ઉઘાડી ને તેમાંથી રેતી જમીનપર પાથરી તેણે પ્રતાપનું નસિબ જોયું તો માલમ પડયું કે પ્રતાપ તો એક જબરદસ્ત રાજ્યનો માલિક થઇ બેઠો છે સૃષ્ટિની એક સર્વોતમ સુંદરીને પણ પરણ્યો છે અને લ્હેર જીવનની મજા માણે છે. અને આ બધું પેલા જાદુઇ ફાનસના પ્રતાપે મેં લેવા ધાર્યું હતું, તે ફાનસ તે છોકરો ઉપાડી ગયો અને આવું સ્વર્ગિય સુખ ભોગવે છે ?

તેના ગુસ્સાનો પાર ન રહ્યો. તેની ઇર્ષાનો અંત ન રહ્યો. તે એકદમ પોતાના લશ્કરના લઇ ને હિન્દ તરફ આવવા ઉપડયો.

૭ મહિને તે હિંન્દમાં આવી પ્હોંચ્યો રસ્તામાં તેને કેટલાય અકસમાત અને તોફાન નડયા પુરી મુશ્કેલીઓ ભોગવીને તે દિલ્હીમાં આવ્યો ત્યાં પત્તો ન લાગ્યો આસપાસના સહેરમાં તે ગુમવા લાગ્યો છેવટે મહા મ્હેનતે તે ચંદ્રપુરશહેરમાં આવ્યો. તેણે પ્રતાપને દુરથી જોયો ક્રધથી તેની આંખો વધારે લાલ થઇ. તેણે પ્રતાપનુ સત્યાનાશ વાળવાનો નિશ્ચય કર્યો.

પ્રકરણ ૨૯ મું

ઉડતો મહેલ

"કોઇ નવાં ફાનસ લઇ જુનાં આપો છો? સોનેરી તક છે આવો લાભ કદિ મળવાનો નથી. જુનાં ફાનસ આપનારને નવું ફાનસ ચાલો લુંટાય છે! લુંટાય છે!" આજે વિચિત્ર ચીથરેહાલ કપડાં પહેરેલ એક ફકીર જેવો જણાતો અર્ધગાંડા જેવો માણસ એક રેંકડીમાં પાંચસોક નવાં ફાનસ ભરીને ઉપરના વાકયો જોરથી બોલતો બોલતો શહેરના લત્તાઓમાં પોતાની રેંકડી ફેરવતો હતો. વચમાં વચમાં વળી ગાંડાની પેઠે નાચતો હતો અને કુદતો હતો. છોકરાઓ ને સ્રીઓને આ દેખાવ જોવામાં ભારે આનંદ આવતો હતો. સ્રીઓનો સ્વભાવ ઘણું ખરૂં બાલક જેવો કુતુહલ વૃત્તિ અને જીજ્ઞાસાવૃત્તિ વાળો હોય છે. તેઓ આ ફકીરને જોઇને ખૂશ થતી હતી.

લોકો તેને માટે જુદા જુદા અભિપ્રાય બાંધતા. કોઇ તેને ચિત્તભ્રમ માનતા, તો કોઇ મુત્સદીઓ તેને હરામખોર ધારતા છતાં તેને ગાંડો માનનારની સંખ્યા વધારે હતી. ખાસ કરીને સ્રીઓ અને બાળકો આ વર્ગમાં આવતા હતા.

આ 'પરોપકારી' ફકીરે ચારસો સાડા ચારસો ફાનસ જુના ફાનસના બદલામાં આપી દીધાં. અને પછી તે ગામ બહાર નદી કાંઠે રેંકડી લાવ્યો. બાળકોનું અને મોટી ઉમરના માણસોનું ટોળું તેને ઘેરીને ચાલતું હતું.

તે પેલા અદ્ભુત મહેલ પાસે આવ્યો. અને ઉપર મુજબ જોસથી ચીસો પાડવા લાગ્યો.

પ્રતાપ આજ શિકાર કરવા ગયો હતો. અત્યારે બપોરના બે વાગ્યા હતા. સ્નેહલતા ઉંઘી ગઇ હતી.

એક દાસીએ આ અવાજ સાંભળ્યો અને બારી પર આવી. 'કેમ શું વેચે છે?' ફકીરનો દેખાવ અને તેની આસપાસના લોકોનાં ટોળાને દેખીને વિસ્મય પામતાં દાસીએ પુછ્યું.

"જુનાં ફાનસ છે? તે આપો તો નવાં ફાનસ આપું. આ જોયાં કેવાં સરસ ફાનસ છે? ગમે તેવું રદ્દી ફાનસ આપશો તો પણ નવું ફાનસ આપીશ." પેલા ફકીરે કહ્યું.

મીઠી તો આ સોદો સાંભળી ખુશ થઇ ગઇ. "અરે ગંગા! ગંગા! અહિં તો આવ! આ તો મજા છે?" બીજી દાસી ગંગા આવી.

"કેમ?"

"તને ખબર નથી પેલો ફકીર જુનાં રદ્દી ફાનસ આપનારને નવાં ફાનસ આપે છે."

"તો બાને કહીએ."

" એમાં બાને શું કહેવું છે ? આપણા ફાનસ જુનાં થઇ ગયાં છે. તે ચાલ ભેગાં કરીએ. બા ઉંઘી ગયા છે. તેને ઉઠાડવાની જરૂર નથી. જુના ફાનસના બદલામાં નવા લેવા છેને ? તેમા બાને પુછવાની જરૂર કયાં છે ? "

બંન્ને જણીએ ફાનસ ભેગાં કરવા માંડયાં. ઓગણપાસ ફાનસ થયાં.

" ગંગા ! હવે એક ગોતી કાઢીએ તો પચ્ચાસનો મેળ થાય. "

" હા. હા. મને યાદ આવ્યું ખરૂં. બાના શયનગૃહમાં પલંગ નીચે ખુણામાં એક સાવ સડેલ ફાનસ પડેલ છે. "

" પણ બાની ઉંઘમાં ખલેલ નહિ પડે ? "

" ના. ના. હું ચુપકીથી લઇ આવું. એમ કહી તે દોડી. અને પેલું જાદુઇ ફાનસ ઉપાડી લાવી.

પચ્ચાસે ફાનસ ગંગા ફકીરને આપવા ગઇ. ફકીરે બદલામાં પચ્ચાસ નવાં ફાનસ દીધાં. હવે તેના બધાં નવાં ફાનસ ખલાસ થઇ જતાં તે શહેર બહાર ચાલ્યો ગયો.

પ્રતાપ ચાર દિવસ પછી આવવાનો હતો. ફકીર દુર જંગલમાં ગયો ને બેઠો અને રાત પડતાં સુધી ત્યાં ખમ્યો.

રાત પડતાં જ તેણે પેલા ફાનસોમાંથી જાદુઇ ફાનસ શોધી કાઢયું. તેને ઘસ્યું. રાક્ષસ હાજર થયો. ફકીરે તેને હુકમ કર્યો.

" પ્રતાપનો મહેલ તેની રાણી સાથે મારા વતન જાપાનમાં પહોંચાડી દે, અને મને પણ સાથે પહોંચાડ."

વાચક સમજી ગયેલ હશે કે આ ફકીર તેજ હરામખોર જાદુગર તેણે ફાનસ મેળવવા માટે સરસ યુકિત કરેલી, તેણે ફકીર જેવો વેશ પહેર્યો. એક રેંકડી ખરીદ કરી, અને ફાનસવાળાને ત્યાંથી પાંચસો ફાનસ ખરીદ કર્યા. પોતા ઉપર શક ન આવે તે માટો પ્હેલાં તે ગામમાં ખૂબ ફર્યો. તેને ખબર પડી હતી કે આજ પ્રતાપ ચાર દિવસ માટે શિકારે ગયોછે. અને રાણી હમેશાં બારથી ચાર નિદ્રા લે છે. તે તકનો તેણે પુરેપુરો લાભ લીધો.

રાક્ષસે હુકમ મુજબ મ્હેલને જાપાનમાં પેહોંચાડી દીધો. રાત હોવાથી મ્હેલને અદ્રશ્ય થતાં કોઇએ જોયો નહિ,



પ્રકરણ ૩૦ મું.

પ્રતાપની પડતી

બીજે દીવસે સ્હવારે નદીએ ન્હાવા આવનાર માણસોમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો. બધા હોહાટ કરવા લાગ્યા. ચારે તરફ દોડાદોડી મચી રહી. તેમના આશ્ચર્ય અને દુઃખનો પાર ન્હોતો. તેમના માનીતા પ્રતાપનો અદ્ભુત મ્હેલ અદ્રશ્ય થઇ ગયો હતો.

લોકોએ આ ખબર રાજમહેલમાં પહોંચાડયા રાજા પ્રધાન સાથે બેબાકળો નદિ કિનારે આવ્યો. ખરેખર મ્હેલનો પત્તો ન્હોતો.

"આ શું થયું? મ્હેલ ખાડમાં પડયો પણ મારી આંખની કીકી સ્નેહલતા! તેનું શું થયું? તેના વિના હું કેમ જીવી શકીશ?" ચંદ્રસિંહ ચોધાર આંસુઓ પાડવા લાગ્યો.

"રાજાજી! હું તો તમને પ્હેલેથી કહેતો હતો કે પ્રતાપ કોઇ બદમાસ જાદુગર છે. તમે માનતા નહોતા. આ પ્રતાપના જ પ્રતાપ ફરી વળ્યાં છે. માટે તેને શોધીને પકડી લાવવા માણસો મોકલો." પ્રધાને રાજાના કાનમાં વિષ બર્યું.

"તમારી વાત મને સાવ સાચી લાગે છે. આપણે પ્રતાપને

પકડી મંગાવીએ તેનો પત્તો મળવો મુશ્કેલ છે. છતાં પ્રયાસ કરી જોઇએ."

કેટલાક યોદ્ધાઓને જંગલમાં મોકલ્યા. પ્રતાપ શિકાર કરતો મળી આવ્યો. યોદ્ધાઓએ તેને વિનયપુર્વક બધા સમાચાર આપ્યા. અને રાજાજી બોલાવે છે એમ જણાવ્યું.

પ્રતાપના આશ્ચર્ય અને શોકનો પાર ન રહ્યો. તે એકદમ શહેરમાં આવ્યો. લોકો હવે પ્રતાપને જાદુગર માનતા થયા હતા. અને લોકોનો ભાવ સાવ ઉતરી ગયો હતો. પ્રતાપ રાજા પાસે આવ્યો.

"મારી સ્નેહલતા ક્યાં છે? લાવ! મારે અત્યારે જ જોઇએ." તેણે લાલ આંખો કરી કહ્યું.

"પિતાજી! તેની તો મને તમારા કરતાં ઓછી ખબર છે. હું તો અહિં ચાલ્યો આવું છું. મને પણ મહેલ અદૃશ્ય થયાના સમાચાર સાંભળી નવાઇ લાગે છે!" પ્રતાપ રડવા માંડયો. તેને સ્નેહલતા માટે ખૂબ ચિંતા થતી હતી.

"નહિ તું જુઠો છે. બદમાસ છે. જાદુગર છે. મારી પુત્રીને તેં ક્યાં ફેંકી દીધી બોલ!" દુઃખમાં માણસ ડહાપણ છોડીને ગાંડપણ સ્વિકારે છે. રાજાની તેજ સ્થિતિ થઇ હતી.

"તમે ભુલ કરો છો. દુઃખમાં તમે ભુલ કરો છો સ્નેહલતાને અદૃશ્ય કરવાથી મને શો લાભ! તમે તમારી પુત્રીને ચાહો છો તેના કરતાંય હું તો વધારે ચાહું છું. માટે શાંતિ રાખો. હું કાંઇ પ્રયાસ કરી જોઉં."

"તું બદમાશ છે તેમાં શંકાને સ્થાનજ નથી. હવે તારા ઉપર વિશ્વાસ નહિ રાખી શકું. જો તને આજથી બે મહિનાની મુદત આપું છું. તે દરમ્યાન મારી પુત્રીને સહીસલામત લાવી શકે તો તું સલામત છે. નહિ તો તારૂં માથું આપવા તારે બરોબર બે મહિને હાજર થવું. તારા જામીન તરીકે તારી વહાલી માને આ મહેલમાં રાખવામાં આવશે, તેને કોઇપણ જાતનું અપમાન આપવામાં નહિ આવે તેની બરાબર બરદાસ કરવામાં આવશે. પણ તું જો બે મહિને પાછો નહિ આવે તો તારી માતા તારે બદલે ફાંસીએ ચડશે." રાજાએ ચોકખી વાત કરી નાખી તેનાં હ્રદયમાં આ વિષ રેડનાર દુષ્ટ પ્રધાન હતો.

"આ તો ઇશ્વરી કોપ છે. હું નિર્દોષ છું. હું તેને શોધવા પ્રયાસ કરીશ. આશા નથી છતાં પ્રયાસ કરીશ અને બે મહિને કાં તો સ્નેહલતાને પાછો લઇને અગર તો એકલોજ જીવતો હોઇશ તો ફાંસીએ ચડવા આવીશ. મારી સ્નેહલતા ગયા પછી મારે જીવીને કરવું પણ શું હોય!"

"તમારે કોઇ જાતની મદદ જોઇએ છે."

"ના." કહીને પ્રતાપ ચાલ્યો ગયો.

પ્રકરણ ૩૧ મું.

આપઘાત.

પ્રતાપના જીવને કોઇ જાતનું સુખ નહોતું. આખુય શરીર તુટતું હતું. સ્ત્રી વિના પુરૂષના આત્મા અને દેહને ખાલી ચઢી જાય છે. પોતાની માશુક વિના પોતાનો દેહ અને આત્મા તેને કપાયેલો ભાસે છે. તેનું દિલ ક્યાંય ચોટતું નથી. તેને એમજ થાય છે 'હું શું કરૂં !' અને આવી પળમાં તે આપઘાત કરવા પ્રેરાય છે.

પ્રતાપને લાગ્યું કે ગામમાં હવે એક ક્ષણ પણ રહેવું ઠીક નથી. લોકો તેને વારંવાર વાતો પુછીને તેનો ઘા વધારે તિવ્ર કરતા હતા. તેથી એક ગાંડા માણસની પેઠે તે શહેર છોડીને ચાલતો થયો.

અને આ ચિતભ્રમ સ્થિતિમાં તે આગળ ને આગળ ચાલ્યો ગયો. પોતાને થાક લાગ્યો છે, ભુખ લાગી કે તરસ લાગી છે તેનું કાંઇ ભાન ન રહ્યું. પણ છેવટે પગે આગળ ચાલવાની ચોકખી ના પાડી, અને તે ઢગલો થઇને જમીન પર પડયો.

અષાડ મહિનાની ઘનઘોર ભયાનક અમાસ હતી. અંધકાર બહુજ ઘાડો હતો. ગમે તેવો છાતીવાળો પણ ગભરાઇ જાય તેવો બિહામણો દેખાવ હતો.

રાતે અગીયાર વાગ્યે તે ભાનમાં આવવા લાગ્યો. તેણે બધા બનાવો એક પછી એક યાદ કર્યા. તે ખુબ રડયો. પણ તરસથી ગળું એવું સોષાઇ ગયું હતું કે તે નિરાંતે રડી શકતો પણ નહોતો.

જરા પાસેજ કલકલ કરતી નદી આવી જતી હતી. તે ઉઠયો અને નદીમાં પાણી પીવા ગયો. પાણી ખુબ પીધું. પાણી જરા દૂર ખુબ ઉંડું હોય તેમ લાગ્યું. તેણે આપઘાત કરવાનો નિશ્ચય કર્યો.

તે ઉંડા પાણી પાસે ગયો. તેમાં પડવાનો વિચાર કરતાં તેને પોતાની માતા યાદ આવી. તેની મા સદભાગ્યે મહેલ અદશ્ય થયો ત્યારે બ્હાર ગયેલ હોવાથી તે બચી ગઇ હતી, અને રાજાના મહેલનો તેણે આશ્રય લીધો હતો. તેને ઠેઠ અત્યારે મા યાદ આવી, માને મળ્યા વિના ચાલ્યા આવવા માટે તેને પસ્તાવો થયો. આપઘાત કરતાં ખચકાયો. "મારા મોતના સમાચાર સાંભળી તે ઝુરી મરશે." એવો ખ્યાલ આવ્યો. પણ પાછો તે ખ્યાલ ચાલ્યો ગયો તેને લાગ્યું કે આપઘાત કરવા સિવાય છુટકો નથી.

તેણે નદીમાં ઝંપલાવવા તૈયારી કરી. તેવામાં આકાશમાં ભયાનક ગડગડાટ થયો અને વીજળીનો અદભૂત ચમકારો થયો. બધે એક ક્ષણ પ્રકાશ ફેલાઇ રહયો. આ પ્રકાશમાં તેના આંગળા-પરની વીંટી ચમકી ઉઠી. પ્રતાપનું તેના તરફ ધ્યાન ખેંચાયું.

પ્રકરણ ૩૨ મું

વીંટીનો ચમત્કાર

તુરત જ વીજળીના જેટલા વેગથી પ્રતાપને એક વિચાર સુઝી આવ્યો તેનું મોં હર્ષથી ચળકી ઉઠયું. આ વીંટીને વાંચક ભુલી નહી જ ગયો હોય.

પેલા જાદુગરે આપેલ આ વીંટી હતી. આ વીંટીની મદદથી તો તે પેલા ભોંયરામાંથી ગુંગળાઇ મરતો બચ્યો હતો. આ વીંટીનો આજે ઉપયોગ કરવાનો તેને વિચાર સુજ્યો.

તેણે એક પત્થર શોધી કાઢયો, અને તે વીંટી પર ઘસ્યો. તરત જ મોટો ભડકો થયો. ભડકો બુઝાઇ ગયો અને એક રાક્ષસ આગળ આવ્યો. અને પ્રતાપને નમન કરીને બોલ્યો.

"આપને ખબર છે કે આ વીંટી પ્હેરનારનો હું અને મારા હાથ નીચેના માણુસો ગુલામ છીએ. તેનું ગમે તે કાર્ય કરી દેવા અમે બંધાયેલા છીએ માટે ફરમાવો શી આજ્ઞા છે? આ દાસ બજાવવા તત્પર છે."

"ભાઇ! તેં તો મારી ઉપર એક વાર ઉપકાર કરેલ છે. તેં એકવાર મારી જીંદગી બચાવેલ છે. તો આજ ફરીથી બચાવવાનો પ્રસંગ આવ્યો છે, તો કહે મારા મહેલને અને મારી સ્નેહલતાને કોણુ ઉપાડી ગયું ?"

"જાપાનનો પેલો હરામખોર જાદુગર જે તમારો કાકો થઇને આવેલો તે."

"હું" હવે પ્રતાપને બધું સમજાઇ ગયું છતાં તે કેવી રીતે ઉપાડી ગયો તેની સુજ ન પડી.

"તે કેવી રીતે અને કઇ જગ્યાએ ઉપાડી ગયો ?"


"તમારે ત્યાંથી જાદુઇ ફાનસ મેળવી ને તેની મદદથી જાપાનમાં પોતાના વતનમાં તમારા મહેલને સ્નેહલતા સહિત ઉપાડી ગયો છે !"

"ત્યારે તે મહેલને ત્યાંથી ઉપાડી લાવીને પાછો જ્યાં હતો ત્યાં મુકી દઇશ ?"

"ના તે મારી શક્તિની બહાર છે. જાદુઇ ફાનસના ગુલામો મારાથી ઉંચી કોટીના છે. તેમનું કરેલ કાર્ય અમારાથી ઉથાપી શકાય નહિ."

"ત્યારે તે મહેલ જ્યાં હોય ત્યાં મને મુકી આવીશ ?"

"હા ભલે" કહીને રાક્ષસે પ્રતાપને ઉપાડયો અને એક ક્ષણમાં તો જાપનના એક જંગલમાં ઉભેલા મહેલ સામેના મેદાનમાં રાક્ષસે પ્રતાપને મૂકી દીધો અને તે અદ્રશ્ય થઇ ગયો..



પ્રકરણ ૩૩ મું

મેળાપ

તે તરત જ ઉભો થયો પોતાનો મહેલ તેણે ઓળખી કાઢયો પછી તે જરા દુર જઇને એક ઝાડ નીચે ઉંઘી ગયો, આનંદમાં તેને ઉંઘ આવી ગઇ. તેને ખાત્રી થઇ હતી કે હું ગમે તેમ કરીને હવે સ્નેહલતાને બચાવી શકીશ.

દિવસે તેણે ફળફુલ મેળવીને આહાર કરી લીધો. અને સાંજ સુધી તે ત્યાં બેસી રહ્યો, સાંજ પડતાં જ તે મહેલ તરફ આવવા નીકળ્યો.

તે મહેલ પાસે આવ્યો. સાતમે માળે ગોખમાં ઉભેલ વ્યક્તિ તેણે જોઇ તેને દેખતાં જ આનંદથી તેનું મોઢું લાલ થઇ ગયું,

તે સ્નેહલતા, તે લમણે હાથ દઇને ચિંતાથી ઉભી હતી. આંખમાંથી આંસુ ચાલ્યા જતા હતાં મોઢાપરથી નુર ચાલ્યું ગયું હતું. પુનમના ચંદ્રમા જેવું તેનું વદન આજ કાળું ધબ દેખાતું હતું માથાના સુંદર વાળ ચુંથાઇને મોઢા પર ઉડતા દેખાતા હતા, તેનાં કપડાં પણ તેના જેવા જ ગમગીન કાળા રંગનાં દેખાતાં હતાં. પોતા માટે આમ ઝુરતી પ્રિયાને જોઇને પ્રતાપને શેર લોહી ચઢયું આ ગમગીન દેખાવ જોઇને આનંદ થયો. પોતા માટે મરી ફીટનાર આ સૃષ્ટિમાં છે એવું ભાન થતાં કોને આનંદ ન થાય?

પ્રતાપ બોલ્યા વિના તેની સામે જોઇ રહ્યો. તરત જ સ્નેહલતાનું તેની તરફ ધ્યાન ખેંચાયું. આનંદથી તેનાથી રાડ પડાઇ ગઇ. તેના મોઢા પર લાલી આવી ગઇ, તે એકદમ બોલી ઉઠી.

આપણા છુપા દરવાજેથી આવો હું દરવાજો ઉઘાડવા આવું છું." તરત જ તે દરવાજો ઉઘાડવા દોડી દરવાજો ઉઘાડયો અને વ્હાલા પતિને ભેટી પડી, બન્ને પ્રણયીઓએ પેટ ભરીને આંસુ પાડી હૃદય ખાલી કર્યાં, અને શાંત થતાં બન્ને ઉપર આવ્યાં.

"પેલો જાદુગર ઉપર નથી?" પ્રતાપે બ્હીકથી પુછયું.

"ના રાતે નવ વાગે આવે છે." કહી તે પતિને ઉપર દોરી ગઇ.

"વ્હાલા હું જબરદસ્ત મુશ્કેલીમાં આવી પડી છું. તમને મારે માટે તો વ્હેમ નથી આવ્યો ને? આપણી મુર્ખ દાસીએ આપણું જાદુઇ ફાનસ આપી દીધું અને આપણા સત્યાનાશની પાટી મંડાણી. આ મારા ત્રણ દિવસ કેમ ગયા તે તો મારૂં મન જાણે છે અને તમારી આશા ન હોત તો ચોક્કસ આપઘાત કરત, વ્હાલા! મને આમાંથી કેવી રીતે છોડાવશો?" સ્નેહલતા ફરીથી રડવા માંડી.

"સ્નેહલતા! આમ ગાડી શું થતી હઇશ. પૃથ્વી પલટી જાય તો પણ મને તારા ઉપર લગીરે વ્હેમ આવે એમ તું માની શકે કે? અને દુઃખ વખતે ધીરજ રાખવાની તું પોતે જ વાતો કરતી હતી અને તું જ દુઃખ પડતાં અધીરી બની ગઇ એ કાંઇ ઠીક કહેવાય? હું તને જરૂર બચાવીશ અને મારી સ્થિતિ તારા

કરતાં સારી નથી રહી. તારા બાપે તો મને મારી નાખવાની અને બાને મારી નાખવાની ધમકી આપી છે."

"અરેરે! મારા બાપ એટલા બધા નિર્દય અને ક્રુર છે! આવા બાપની પુત્રિ થવા કરતાં હું જન્મી ન હોત કેવું સારૂં હતું."

"તું એમ તારા બાપને અન્યાય ન આપ તે તને ખુબ ચાહે છે. અને તેથી તારા દુઃખમાં તે ચિત્તભ્રમ થઇ ગયા છે. ચિત્તભ્રમ થયેલા માણુસ માટે ધોખો ન હોય. પણ હવે જાદુગરને આવવાનો વખત થયો હશે, માટે હું જાઉં. અને કાલે તું કહે ત્યારે તને મળું અને આપણે કંઇક યુક્તિ કરીએ."

"જાદુગર રાતે નવ વાગે આવીને સવારે આઠ વાગે ચાલ્યો જાય છે. તેથી તમે બપોરે આવો. પણ તમે મને અત્યારે ઉપાડી જાવ તો?"

"ના. તેની પાસે જાદુઇ ફાનસ હોવાથી તે આપણને ગમે ત્યાંથી પકડી મંગાવશે. માટે ગમે તેમ કરીને જાદુઇ ફાનસ મેળવવું જોઇએ. તે જાદુઇ ફાનસ રાખે છે કયાં?"

તે પોતાની છાતી સાથે બાંધી રાખે છે. મેં તેને એક બે વાર મને બતાવવા કહ્યું. તેણે મને દૂરથી બતાવ્યું, પણ મારા હાથમાં ન આપ્યું. હવે તમે એકદમ જાવ. કદાચ તે હમણાં જ આવી પહોંચશે."

પ્રતાપ એક ચુમ્બન લઇને ચાલતો થયો.

પ્રકરણ ૩૪ મું

યુક્તિ

પ્રતાપે ગામમાં જવાનો નિશ્ચય કર્યો, તેને લાગ્યું કે આ પોશાકમાં તો પરદેશી તરીકે લોકોનું ધ્યાન મારા તરફ ખેંચાશે, અને કદાચ જાદુગરને પણ મારી હાજરીની ખબર પડી જશે, તેથી તેણે એક ભીખારી સાથે પોતાના કપડાં બદલી લીધાં. ભીખારી તો ચીંથરેહાલ કપડાના બદલામાં આવાં સરસ કપડાં મળતાં રાજી થઇ ગયો.

તે પાસેના ગામમાં ગયો. ત્યાં એક દવાવાળાની દુકાને ગયો. અને કાતીલ ઝેર આપવા કહ્યું. દવાવાળાએ રૂપીયા પંદર માગ્યા. પ્રતાપ મુંઝાણો તેની પાસે ફુટી બદામ પણ ન્હોતી. પણ તરતજ તેના હાથ પરની રત્નજડિત વીંટી (જાદુઇ વીંટી નહિ) તરફ ધ્યાન ગયું દવાના બદલામાં આ વીંટી આપી દવાવાળાને બે ચાર પૈસાની દવાના બદલામાં આ પાંચસો રૂપીયાની કિંમતની વીંટી મળતાં આનંદનો પાર ન રહયો.

પછી તે મ્હેલ તરફ આવવા ઉપડયો બપોરના બાર થયા હતા. છુપે દરવાજે જઇ બારણું ઠોકયું સ્નેહલતા રાહ જોઇને બેઠી હતી. તે કમાડ ઉઘાડતાં તેણે પ્રતાપને બદલ જાપાનીઝ ભીખારીને

જોયો, તે ગભરાણી પણ પ્રતાપ હસ્યો. " કેમ ? મને ભુલી ગઇ ? " હવે સ્નેહલતા ઓળખી શકી અને હસી પડી બંને આનંદ કરતાં કરતાં ઉપર આવ્યા.

" વ્હાલી ! હવે મને નિરાંતે વાત કર ? આ જાદુગર તારા તરફ કેવું વર્તન રાખે છે ? "

" તે મને પોતાની માશુક બનાવવા પ્રયાસ કરે છે. મને રીઝવવા માટે મારી ખુબ બરદાસ કરાવે છે તેને મારા લોહીની ભુખ લાગી છે તે મારા રૂપ પર દિવાનો થયો છે તે હમેશાં મને સમજાવે છે તમારા માટે તીરસ્કાર પેદા કરવા ખૂબ પ્રયાસ કરે છે અને કહે છે કે પ્રતાપ તો બદમાશ હરામી છે તારા બાપે તેનું ખૂન પણ કર્યું હશે માટે હવે તું મ્હારી થા હું તને સ્વર્ગનું સુખ આપીશ " પણ હું તો તેને હમેશા ધુતકારી કાઢું છું અને તેનું અપમાન કરૂં છું પણ તે એમ માનતો જણાય છે કે મારો શોક થોડા દિવસ રહેશે પછી હું પ્રતાપને ભુલી જઇશ અને તેની થઇશ તેથી તે ધીરજપુર્વક મારી ખુશામત કર્યા કરે છે. પણ મને લાગે છે કે તેની ધીરજ લાંબો વખત નહી ટકે તેની પશુતામાં પુર આવશે, અને મારા ઉપર બળાત્કાર કરવા તૈયાર થશે તે દીવસે એમ કલંકિત થવા કરતાં હું મારી આ વીંટી ચુસીને મરી જઇશ એવો મેં નિશ્ચય કર્યો છે તમને મારી પવિત્રતા ઉપર શ્રદ્ધા તો છે ને ?" તેણે દયામણી આંખો કરીને પ્રતાપ સામે જોયું.

" સ્નેહલતા ! વ્હાલી ! તું મારે માટે શું ધારે છે ? તું શું એમ ધારે છે કે હું તારા જેવી સ્વર્ગની દેવીની પવિત્રતાપર સ્વપ્ને

પણ શંકા લાવવાનું ઘોર પાપ કરૂં ? પૃથ્વી પલટી જાય પણ મારી સ્નેહલતા નહી પલટે એવી મારી શ્રદ્ધા અને ખાત્રી છે તો હવે હું કહું તેવી યુક્તિ કર આજે જાદુગર આવે તે પહેલાં તારે દાસીઓ પાસે વિવિધ જાતના પકવાન તૈયાર કરાવી રાખવાં તારે પણ સુંદર કપડાં અને શણગાર સજી રાખવાં તે આવે એટલે તેને મીઠાશથી બોલાવીને બેસાડવો તું તેની થવા તૈયાર થઇ છે એમ જાહેર કરવું તે કાંઇ અટકચાળાં કરે તો ચલાવી લેવા તારે યુક્તિપુર્વક તેના શરાબના પ્યાલામાં ઝેર નાખી તેને પ્રેમપુર્વક પાવું તે તરતજ મરી જશે હું જાણું છું કે તને આમ પ્રેમનો ઢોંગ કરવો અને તે હરામીને આલિંગન આપવું નહિ ગમે પણ તારૂં મન તો શુદ્ધ અને પવિત્ર છે તો તારે ખાતર, મારે ખાતર અને મારી વ્હાલી માને ખાતર આટલું તને ન ગમતું કામ જરૂર કરજે તે સિવાય આપણો ઉદ્ધાર નથી હું અહીં એક ઓરડીમાં સંતાઇ રહીશ.

" પ્રતાપ ! તમારૂં કહેલું કાર્ય બહુ વિકટ છે જાદુગર સાથે પ્રેમ કરવાનો વિચાર કરતાં મને ચીતરી ચઢે છે મારાં ધ્રુજારીમાં રોમ ખડાં થઇ જાય છે પણ મનેય લાગે છે કે બીજો કોઇ ઉપાય નથી અને આ ઉપાય સફળ થશે એવી મને પણ આશા છે."

બંનેએ પછી પરચુરણ વાતો કરી સ્નેહલતાએ દાસીને સરસ રસોઇ તૈયાર કરવા ફરમાવ્યું અને બન્ને પ્રેમીઓએ સાંજ સુધી આનંદ વિલાસ ભોગવ્યો સાંજ પડયા પછી પ્રતાપ એક અવાવરૂ ઓરડીમાં સંતાઇ રહયો.

પ્રકરણ ૩૫ મું

પાપનો ક્ષય

રાતે નવ વાગે જાદુગર આવ્યો, આજ સ્નેહલતા હસતું મોઢું રાખી તેને લેવા ગઇ.

"નાથ! આજ તો બહુ મોડા. તમારી રાહ જોઇને હું થાકી ગઇ." સ્નેહલતાને હસતાં હસતાં આ વાકય બોલતાં તો કાંઇનું કાંઇ થઇ ગયું

જાદુગરના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો. જે સુંદરી તેને તરછોડી શકતી તે આજ તેને નાથ કહે, હસે, અને તેની રાહ જોઇને થાકી જાય? તેને સ્વર્ગ એક વેંતજ દુર રહ્યું હોય એમ લાગ્યું.

સ્નેહલતા તેનો હાથ ઝાલીને તેને કોચ ઉપર લઇ ગઇ અને ત્યાં તેને બેસાડયો અને દાસીને હુકમ કર્યો. "દાસી! મારા નાથ થાકયા પાકયા ઘેર આવ્યા છે અને હજુ ભોજન તૈયાર નથી કર્યું? જા એકદમ તૈયાર કર."

કેમ વ્હાલી! તારી ભુલ તને સમજાણી હોય તેમ લાગે છે. તને હવે તો ખાત્રી થઇ છે ને કે હું તને પ્રાણથી પણ અધિક ચાહું છું?

" હા. વ્હાલા! મારા અવિવેક અને ખરાબ વર્તન માટે હું આપની માફી માગું છું. મેં તમારૂં ખૂબ અપમાન કર્યું. ખરી વાત તો એ છે કે હું મારા પતિને જરા પણ ન્હોતી ચાહતી તેનાથી સાવ કંટાળી ગઇ હતી. તે તો સાવ ગમાર છે. તમે પણ તેવા હો તો તમને ચાહીને શું કરૂં? તેથી હું તમારી પરીક્ષા કરતી હતી. લાલાજી! તમે આ પરીક્ષામાં સાવ પાસ થઇ ગયા હવે હું હમેશને માટે તમારી છું અને તમારી રહીશ."

" ઓહો વ્હાલી! તારો હું કેટલો આભાર માનું?" આમ કહી તે તેને આલિંગન આપવા અને ચુમ્બન લેવા ધસ્યો. સ્નેહલતા તરતજ દુર ખસી ગઇ. જાદુગર સ્હેજ ક્રોધે ભરાયો.

" માફ કરજો! નાથ! આજ નહિં. આજે મારે વ્રત છે, વ્રતને દીવસે અમારે હિંદુઓને ખુબ પવિત્રતા પાળવી પડે છે. માટે આજ એક દીવસ માટે માફ કરજો ફક્ત એકજ દિવસને માટે આવતી કાલથી હું હમેશને માટે તમારી છું. હું જાણું છું કે તમે મને ચાહો છો. તેથીજ હું આ માગણી કરવાની હિંમત કરૂં છું નાથ! તમે ગુસ્સે નથી થયાને?"

આ શબ્દોએ જાદુગરનો ક્રોધ પીગળાવી નાખ્યો.

" ના! ના! તારા ઉપર હું કદી ગુસ્સે થઇ શકુંજ નહિ, ભલે તારી ઇચ્છા પ્રમાણે હું વરતીશ."

" સારે ચાલો આપણે જમી લઇએ." બંને જમવા બેઠા.

" પણ નાથ! અહીંનું શરબત બહુજ વખણાય છે એમ મેં સાંભળ્યું છે. એ સાચી વાત છે?"

" હા. હા. તેં કદી ચાખેલ નથી ? એ તો દુનિયાનું સારામાં સારૂં શરબત ગણાય છે ને ! હું લઇ આવું. અહિં મારા કબાટમાં થોડા શીશા છે. એક શીશો લાવું. "

" પણ તમે તસ્દી લેશો ? દાસીને મોકલો ને ? "

" ના, ના, દાસીને ખબર નહિ પડે, હુંજ લાવું છું " એમ કહી જાદુગર શીશો લેવા ગયો. પાછળથી પેલી ઝેરની પડીકી તેણે એક ખાલી પ્યાલામાં ઠાલવી નાખી. ઝેર સ્વાદ વિનાનું અને કાતિલ હતું.

તરતજ પેલો શીશો લાવ્યો. જાદુગરે કહ્યું ' વાલી !' મારી એક વાત માનીશ ? શરાબ અને સંગીત વચ્ચે અદ્‌ભુત દોસ્તી હોય છે. માટે કાંઇક ગાઇશ ?"

" જેવો આપનો હુકમ " કહી સ્નેહલતાએ મીઠાં મધુર સ્વરે એક સુંદર ગીત ગાયું. ગીત ગાતાં ગાતાં શીશો પ્યાલામાં ઠાલવ્યો અને પ્યાલી હાથમાં લીધી.

સંગીત પુરૂં થયું. સ્નેહલતાએ જાદુગરની ડોકમાં હાથ નાખ્યો. અને પ્યાલો જાદુગરને મોંડે અડાડયો. " નાથ ! મારા હાથથી શરબત ભાવશે ?"

" અરે ! તેની પાસે તો સ્વર્ગનું અમૃત પણ તુચ્છ લાગશે. "

" ત્યારે લો. " કહીને આખો પ્યાલો જાદુગરને પાઇ દીધો. તરતજ તે બેભાન થઇને પડ્યો, અને બીજી ક્ષણે તેનો જીવ ચાલ્યો ગયો.

સ્નેહલતા અને તેની દાસીઓના આનંદનો પાર ના રહ્યો. તેમણે તરતજ પ્રતાપને બહાર કાઢ્યો. પ્રતાપ પણ એટલોજ રાજી થયો હતો.

" ત્યારે વ્હાલા ! હવે આપણે સાથે જમીએ. " પ્રતાપને સજડ આલીંગન આપીને તે બોલી.

" જરા ધીરજ ધર. જાદુગરના મોતના ખબર કોઇને પડશે તો આપણા પર ખૂનનું તહોમત આવશે. પેલું જાદુઇ ફાનસ ક્યાં ? "


" તેની છાતી ઉપર બાંધ્યુ હશે ?"

બન્નેએ જાદુગરના કપડાં ઉતાર્યાં અને છાતી પરથી ફાનસ છોડી લીધુ. તરતજ તેણે ફાંનસને ઘસ્યું રાક્ષસ હાજર થયો.

રાક્ષસને હુકમ કર્યો, " પહેલાં આ જાદુગરના શબને કોઇ નિર્જન જગ્યાએ દાટી આવ અને પછી આ મ્હેલ જ્યાં હતો ત્યાં પાછો મુકી દે. " એક ક્ષણમાં આ કામ રાક્ષસે પતાવી દીધું. મ્હેલ ચંદ્રપુરમાં નદિને કાંઠે અસલ જગ્યાએ આવી ગયો.


બન્નેએ આનંદથી ભોજન કર્યું. ખુબ વિલાસ માણ્યો. દુઃખ પછી સુખ ખુબ મીઠું લાગે છે. લગ્નની પ્હેલી રાતે તેમને જે આનંદ ન્હોતો આવ્યો તે આનંદ તેમને આજ આવ્યો.

રંગ વિલાસમાં તેમની આખી રાત પસાર થઇ.



પ્રકરણ ૩૬ મું

પ્રતાપનો રાજ્યાભીષેક



બીજે દિવસે સવારે નદી પર આવેલ માણસોમાં અજબ બેહદ, આશ્ચર્ય અને આનંદ ફેલાઇ રહ્યા હતાં. લોકો હર્ષઘેલા બની ગયા હતા. તેમના માનીતા પ્રતાપ અને સ્નેહલતાનો મહેલ પાછો આવી ગયેલો જોઇ તેમના હર્ષનો પાર નહોતો.

સેંકડો માણસો આ વધામણી આપવા ચંદ્રસિંહ પાસે દોડયા. ચંદ્રસિંહે સ્નેહલતા ન મળે ત્યાં સુધી અન્નપાણી હરામ કર્યાં હતા. વૃદ્ધાવસ્થામાં આ દુઃખ પડવાથી તેમનું શરીર સાવ લથડી ગયું હતું. તે પથારી પર બેસી પણ ન્હોતો શકતો.

પણ આ વધામણી મળતાં તેના શરીરમાં અજબ ચેતન આવ્યું. તે એકદમ ઉભો થયો. અને કપડાં વધુ પહેર્યાં વિના ઉઘાડે માથે સ્નેહલતાના મ્હેલ તરફ દોડયો.

સ્નેહલતા અને પ્રતાપ પણ ત્યાં આવવા તૈયારી કરતા હતા, તેવામાં આનંદથી હાંફતો હાંફતો ચંદ્રસિંહ ત્યાં પહોંચ્યો અને પોતાની પુત્રિને ભેટી પડ્યો. તેની આંખોમાંથી ચોધાર આંસુ વરસતાં હતાં, પુત્રિ પણ આંસુ પાડીને ડુસકાં ભરતી હતી.

" સ્નેહલતા ! દિકરી ? મેં તો તારી આશા છોડી દીધી હતી. તને કોણે બચાવી ? પ્રતાપ ક્યાં ? "

" અંદર કપડાં પહેરે છે. મને બચાવવાનું બધું માન તમારા જમાઈને ઘટે છે. જો તેમણે પ્રયાસ ન કર્યો હોત તો તમારી પુત્રિ આજ કમોતે મરી ગઇ હોત. તમે છતાં તેને હેરાન કરવામાં મણા નથી રાખી. "

" દીકરી ! હું દુઃખમાં ઘેલો બની ગયો હતો. હું તો ધારતો હતો કે આ તેનાં જ કાળાં કામ હશે."

" તમે અન્યાય કરતા હતા, તે મને કેટલા બધા ચાહે છે તેનો તમને ક્યાં ખ્યાલ હોય, તે હવે તમને બધી વાત સમજાવશે. "

પ્રતાપ પણ અવાજ સાંભળી બહાર આવ્યો, ચંદ્રસિંહને પગે

પડયો, અને બોલ્યો, "તમારી શરત પ્રમાણે તમારી દીકરીને હું લાવ્યો છું."

"બેટા પ્રતાપ! મારો ગુન્હો માફ કર! દુઃખમાં હું ઘેલો બન્યો હતો. પણ તારી માતાને મેં લગીરે દુઃખ નથી આપ્યું હો, ચાલ હવે તારી માતા પાસે? તેણે પણ તારી પાછળ અન્નપાણી છોડયાં છે."

બધા ચંદ્રસિંહના મહેલમાં ગયા. પુત્રને પાછો આવેલ જોઈ માતાને અદભુત આનંદ થયો. તેની બધી અશકિત ચાલી ગઇ. ચારે જણની આંખમાંથી આનંદનાં આંસુ ટપકતાં હતાં.

પછી પ્રતાપે બધી વાત કહી સમજાવી જાદુઇ દીવાની વાત ચંદ્રસિંહને કરી. ચંદ્રસિંહના આનંદનો પાર નહોતો.


"પ્રતાપ! હવે તું રજકાજમાં પવરધો બન્યો છે. માટે તારી ગાદી સંભાળી લે. હું હવે હરી ભજનમાં મારૂં આયુષ્ય પુરૂં કરવા ધારૂં છું."

"જેવી આપની આજ્ઞા."

બીજે દિવસે ખુબ ધામધુમથી પ્રતાપને ગાદીએ બેસાડવાની ક્રિયા થઇ ગરીબોને ખુબ દાન કરવામાં આવ્યું પ્રજાને અસંખ્ય

હુકકો આપવામાં આવ્યા. ચારે તરફ પ્રતાપની વાહવાહ બોલાવા મંડી.

"મહારાજા પ્રતાપનો જય? મહારાણી સતી સ્નેહલતાનો જય" એ પોકારો તો ગગનને ભેદી નાખે તેવા થતા હતા.



પ્રકરણ ૩૭ મું

વિશ્વ જાદુ વચ્ચેની વાઢ,
વીર નરોને લખી લલાટ.



અને આમ દસ વરસ અદ્ભુત આનંદમાં પસાર થયાં. દસ વર્ષમાં બન્નેનો પ્રેમ જરા પણ ઘટયો નહોતો. જાણે આજે જ કેમ ન પરણ્યા હોય એવી તાલાવેલી એક બીજાને માટે રહી હતી. તેમનો પ્રેમ ગુલાબ જેવો સુવાસિત રહ્યો હતો.

સ્નેહલતા નવ વર્ષના અજબ ક્રાંતિમાન પુત્રની માતા પણ બની ગઇ હતી. અને પ્રતાપ અને સ્નેહલતાના સ્નેહ વચ્ચે આ પુત્ર સાંકળ રૂપ બન્યો હતો.

પણ તેમના આ સુખમાં હજુ થોડું વિઘ્ન આવવું બાકી રહી ગયુ હતું.

પેલા બદમાસ જાદુગરને તેના જેવો જ બદમાશ ન્હાનો ભાઇ હતો. તે આફ્રિકામાં રહેતો હતો. તે પણ બાહોશ જાદુગર હતો.

પોતાના મોટાભાઇને મળવાની ઇચ્છા થતાં તે મહિનાઓની મુસાફરી કર્યા પછી જાપાનમાં આવ્યો. ત્યાં તેની તપાસ કરતાં તેને ખબર મળી કે તેનો ક્યાં ય પત્તો નથી.

તેણે પોતાની વિદ્યાના બળથી તેનો પત્તો મેળવવા માટે પોતાના ભાઇની જન્મકુંડળી કરી. તે પરથી તેને ખબર પડી કે 'હિંદુસ્થાનમાં દિલ્હીથી રહેજ દુર આવેલા ચંદ્રપુરના હાલ રાજા બની બેઠેલા પ્રતાપ નામના ચિત્રકારના પુત્રે પોતાની સ્રી સ્નેહલતાની સહાયથી તેનું ખુન કરેલું છે.' આ ખબર મળતાં તેના ક્રોધનો પાર ન રહ્યો. તેણે પોતાના ભાઇના મોતનું વેર લેવાનો નિશ્ચય કર્યો.

તેને એમ પણ ખબર પડી કે તેની પાસે જાદુઇ ફાનસ છે. તેથી તેને કાંઇ નહિં થઇ શકે. પછી ખૂબ વિચાર કરતાં તેને સરસ યુકિત મળી જવાથી તે ખૂબ ખુશ થયો.

તે હવે હિંદુસ્થાન આવવા ઉપડયો. કેટલેક મહિને મુસ્કેલીઓ ભોગવતો ભોગવતો દિલ્હી પહોંચ્યો. અને મહા મહેનતે ચંદ્રપુર શોધી કાઢ્યું.

તે ચંદ્રપુરમાં ચુપકીથી રહેવા લાગ્યો. ચંદ્રપુરમાં સ્વામી આત્માનંદ નામનો એક બહુ જ ભલો વિદ્વાન સાધુ રહેતો હતો. ગામના લોકોને તેના ઉપર ખુબ આસ્થા હતી તે ચમત્કારી પણ ગણાતો. કેટલાક માંદા માણસોને આશિર્વાદ આપીને તે સાજા કરી

શકતો. કેટલાય દુઃખીને આશ્વાસન આપીને તેમનાં દુઃખ દુર કરી શકતો ગામનું એકેએક માણસ તેને પૂજતું.

જાદુગરે આ સાધુની કીર્તિ સાંભળી તેને એક વિચાર સુજ્યો. તે હિંદુ સાધુના વેશમાં આત્માનંદ પાસે ગયો; અને કહ્યું, "મહાત્માજી! આખી જીંદગીમાં મેં ખુબ પાપ કર્યાં છે. આપનું નામ સાંભળીને, મારા પાપનું પ્રાયશ્ચિત કરવા તમારી મરણ સુધી સેવા કરવા માટે હું બાવો બનીને આવ્યો છું માટે મને આપના શિષ્ય તરીકે સ્વિકારો."

સ્વામીએ તેને ખુબ સમજાવ્યો. પાછો સંસારમાં જવા બોધ આપ્યો. અને પોતે શિષ્ય જ નથી રાખતો, પોતે જ બધાનો શિષ્ય છે. એમ કહ્યું, છતાં તેણે ન માન્યું. તેણે આપઘાત કરવાની ધમકી આપી. છેવટે સ્વામીએ તેને શિષ્ય તરીકે સ્વિકાર્યો.

તે ચોવીસ કલાક સ્વામીની સેવામાં રહેવા મંડ્યો. બહાર ફરવા પણ તેની સાથે જ જાય તે સ્વામીની બધી રીતભાત શીખી ગયો. લોકો પણ તેને માન આપવા લાગ્યા.

છેવટે એક રાતે તેણે સ્વામીનું ખુન કર્યું. તેના શબને દાટી દીધું. પોતે સ્વામી જેવો જ વેશ લીધો, અને સ્વામી બની બેઠો લોકોને શક જ ન પડ્યો.

તે સ્વામીની પેઠે વરતવા લાગ્યો, કોઇ કોઇ તેને પુછતું.

" તમારો પેલો શિષ્ય ક્યાં ગયો. " " હમણાં જરૂરી કામે બહાર ગામ ગયો છે " તે જવાબ આપતો.

ચાર દિવસ પછી તે ફરતો ફરતો પ્રતાપના મ્હેલ પાસે આવ્યો. ભાવિક લોકો તેને ઘેરીને ચાલતા હતા સ્નેહલતાએ તેને જોયો. તેણે દાસીને પુછ્યું.


" દાસી આ કોણ છે ? "

" બા ! તમે તેને ઓળખતા નથી ? એ સ્વામી આત્માનંદ ! જબરો ઓલીયો છે. જુવો આપણા ઘર પાસે જ પસાર થાય છે. તેને મ્હેલ જોવા અને આશીર્વાદ આપવા બોલાવીએ તો ? "

" હા. ભલે ! હું પોતેજ તેને બોલાવી આવું. "

તે નીચે ઉતરી અને સ્વામી પાસે ગઇ. લોકો મહારાણીને માર્ગ આપવા ખસી ગયા. તે સ્વામીને પગે લાગીને બોલી, " મહાત્માજી ! આજ મારૂં રંક ઘર પાવન કરશો ! તમે આટલા વરસથી અહિં રહો અને મારૂં ઘર પાવન ન કરો તે ઠીક કહેવાય."

"બેટા ! જેવી તારી ઇચ્છા." સ્વામીને આટલુંજ જોઇતું હતું.



પ્રકરણ ૩૮ મું

સાચનો જય

સ્નેહલતા આ બદમાશને આદરસત્કારથી રાજમ્હેલમાં લઇ આવી. તેને રાજમ્હેલ ફરીને બતાવ્યો.

જાદુગર પણ આતુરતાપુર્વક મ્હેલનો બધો ભાગ જોવા લાગ્યો અને વખાણ કરવા મંડ્યો આખો મહેલ આમ જોઇ લીધો.

પછી સ્નેહલતાએ તેને કહ્યું, " મહાત્માજી ! અહિં આટલા બધા ઓરડા છે. તેમાંથી તમને ઠીક પડે તેમાથી એકમાં રહો. મારા પતિ પણ મહાત્માઓની સેવા કરવા ઉત્સુક છે. માટે તમે થોડા દિવસ રહો. "

" અમારે સાધુઓને મ્હેલમાં રહેવું ન પોસાય. "

" ના. આટલું મારૂં વચન રાખો અને અહિં કોઇ નહિં તો આજનો દિવસ તો રોકાવ મારા પતિ આપનાં દર્શન કરવા આતુર છે. તે હજુ રાજકાજમાંથી પરવારીને આવ્યા નથી. હમણાં

જ આવવા જોઇએ. આજની રાત તમે રોકાઇ જાવ." બહુજ રકઝક પછી તેણે રહેવા કબુલ કર્યું.

પછી તે વાતે ચડયો. તેણે કહ્યું, "તને ખબર નહિ હોય કે મેં આખી સૃષ્ટિની સફર કરી છે. અસંખ્ય મકાનો મેં જોયા છે. પણ મારે કબુલ કરવું પડશે કે તારો મ્હેલ આખી સૃષ્ટિમાં સર્વ શ્રેષ્ટ છે."

"મ્હેલમાં તમને જરાય ખામી નથી લાગતી!" સ્નેહ-લતાએ ખુશી થતાં પુછ્યું.

"ફક્ત એક નજીવી ખામી છે."

"શેની?"

"જો રોકપક્ષીનું એક ઇંડું આ દિવાનખાનાની વચ્ચોવચ્ચ ટાંગ્યું હોય તો આ મ્હેલની શોભા હજારગણી વધી જાય."

"એ પક્ષીનું નામ તો મેં સાંભળ્યું યે નથી. તેનું ઇંડું કયાંથી મળી શકે?"

"તે પક્ષી બહુજ મોટું હોય છે. તે અલબરૂજના પ્રખ્યાત પહાડની ટોચે રહે છે. તેને માણસના જેવી વાચા હોય છે. તે ઘણું જ બુદ્ધિશાળી અને પરાક્રમી હોય છે. જે કારીગરે આ મ્હેલ બાંધ્યો છે તે ધારે તો તેનું ઇંડું સ્હેલાઇથી લાવી શકે."

તેવામાં પ્રતાપના આવ્યાના સમાચાર દાસીએ આપ્યા સ્નેહ લતા દાસીઓને ' મહાત્મા 'ની સેવામાં મુકીને પ્રતાપ પાસે ગઇ.

" વ્હાલા ! મારી એક વિનંતી છે. તે કબુલ રાખશો ? " તેને આલીંગન આપીને પતિને ચુમ્બન લેતાં લાડથી કહ્યું.

" મેં તારી કોઇ વિનંતી કદી પાછી ઠેલી છે ! બોલ શું જોઇએ ! "

" વાતમાં તો કાંઇ માલ નથી. પણ સ્ત્રીઓના સ્વભાવને તો તમે ઓળખો છો જ ! પેલા મહાત્મા આત્માનંદ આપણે ત્યાં આજ આવ્યા છે. તે કહે છે કે જો રોકપક્ષીનું ઇંડું દિવાનખાનામાં ટાંગ્યુ હોય તો આપણા મ્હેલની શોભા હજારગણી વધી જાય."

એટલુંજ ને ! તે હમણાંજ મંગાવી આપું. " તે તરતજ સખ્ત મજબુત લોઢાના ઓરડામાં ગયો. તેમાં પડેલ તીજોરી ઉઘાડી તે તીજોરીમાં એક બીજી તીજોરી અને તેમાં જાદુઇ ફાનસ રાખ્યું હતું તે જાદુઇ ફાનસ બહુજ સાવચેતીથી સાચવતો તેણે તે તરત ઘસ્યું પેલો રાક્ષસ હાજર થયો.

" બોલો શી આજ્ઞા છે ? "

" આ મ્હેલમાં એક વસ્તુની ખોટ છે, તે પુરી પાડ. "

" તમે ફરમાવો. "

" રોકપક્ષીનું એક ઇંડું લાવીને આ દિવાનખાનામાં ટાંગ."

આ શબ્દો સાંભળતા રાક્ષસ લાલચોળ થઇ ગયો તેણે

ભયાનક ગર્જના કરી આખો મ્હેલ તેના અવાજથી ખળભળી ગયો પ્રતાપ ધ્રુજવા લાગ્યો.

રાક્ષસ બોલ્યો, " નાદાન ! કૃતઘ્ની ? બદમાશ ! બેકદર ! મેં તારી આટલી આટલી સેવા કરી તેની તું આ કદર કરે છે. એક ભિખારીમાંથી રાજા બનાવ્યો તેનો આ બદલો આપે છે ? સૃષ્ટિની સર્વોત્તમ સુંદરી આપી તેની આ કિમત આપે છે ? તું આ તદ્દન ના લાયક છે. ભીખારી રહેવાને જ સરજાયેલો છે. તું આ સેવાના બદલામાં મારા પોતાના માલેકને પકડી મંગાવવાનો હુકમ કરે છે ? હવે ધ્યાન રાખ ! ધૃષ્ઠતાનો બદલો તને અને તારી સ્નેહલતાને કેવો મળ્યો છે તે જો.

પ્રતાપ ખુબ નમ્રતાથી બોલ્યો, " રોકપક્ષીનું નામ મેં આજજે સાંભળ્યું. મારાથી કાંઇ ગુન્હો થયો હોય તો માફ કર ! તે તારા માલેક છે તેનો મને સ્વપ્નેય ખ્યાલ નથી, તેં મારા ઉપર જે ઉપકાર કર્યો છે તે આ જીંદગીમાં તો શું પણ સાત સાત જીંદગી નહિ ભૂલું. આ બધો વૈભવ તારેજ પ્રતાપે છે તે હું નથી સમજતો ? તારા રોકપક્ષીનો હું પણ ગુલામ થવા તૈયાર છું. તેને લીધે તો હું સુખી છું."

" ત્યારે તને આ કામ કરવા કોણે કહ્યું ? "

" આજ મારા મ્હેલમાં એક પવિત્ર સાધુ આવ્યા છે, તેણે

મારી રાણીને કહ્યું. આમાં અમારો જરાય ગુન્હો નથી, છતાં હવે તને યોગ્ય લાગે તે સજા કર, ”

“ તું સાચું બોલે છે તેની હું ખાત્રિ કરી લઉં, ” એમ કહી તેણે એક ક્ષણ ધ્યાન ધર્યું. અને બોલ્યો, “ તારી વાત સાચી છે. મને તે હરામી સાધુ પાસે લઇ જા. ”

પ્રતાપ તેને તરતજ પેલા બદમાશ પાસે લઇ ગયો. બદમાશ આ રાક્ષસને ક્રોધે ભરાયેલો જોઇ બીકથી થરથરવા લાગ્યો તેને લાગ્યું કે મારૂં હવે આવી બન્યું.

રાક્ષસે ભયાનક ગર્જના કરી કહ્યું, “ રે કુતરા! શયતાન ! બોલ ! તેં શા માટે રાણીને રોકપક્ષીના ઇંડાની સલાહ આપી ? સાચે સાચું કહી દે ? તારૂં મોત ગંધાય છે !

પેલો કાંઇ બોલ્યો નહિ. રાક્ષસ વધારે ક્રોધે ભરાયો. “ હજુ ખુલાસો કરવો હોય તો કરી નાખ તારૂં મોત પાસે છે. ” પેલો હજુ ધ્રુજતો જ હતો. તે કાઇ બોલી શકયો નહિ.

તેનો ગુસ્સો છેલ્લી ટોચે પહોંચ્યો. તેણે જોરથી તેને તમાચો ઝીંકી કાઢયો. જાદુગરનું આખું માથું આ તમાચાથી ચીરાઇ ગયું અને તરફડીને મરી ગયો.

આ ‘ ભલા મહાત્મા ’ નું મોત થતાં પ્રતાપ અને સ્નેહલતાને દીલગીરી થઇ ” ભાઇ ? તેં આ બિચારા સાધુને મારી નાખીને અમને પાપમાં શા માટે નાખ્યાં”

"તને હજુ ખબર નથી પડી? આ શેતાન સાધુ નથી. તે તો પેલા જાદુગરનો ભાઇ અફ્રિકન જાદુગર છે. પોતાના ભાઇનું વેર વેર આ શેતાન અહીં આવેલો મહાત્મા આત્માનંદનું ખુન કરીને તે મહાત્મા બની ગયો. અને આજ મારી પાસે યુક્તિથી શેકપક્ષીનું ઇંડું મેળવવા તને પ્રેર્યો એ તારૂં અને તારી રાણીનુ સત્યાનાસ કાઢવા માટે જ પણ હું તારી ઉપર પ્રસન્ન છું. કારણકે આ જાદુગરો તો શેતાન હતા. જાદુઇ ફાનસ તેમને મલ્યું હોત તો સારીય સૃષ્ટિનું તે સત્યાનાશ વાળત, ફાનસનો તે ખરાબમાં ખરાબ ઉપયોગ કરત. તને આ ફાનસ મળવાથી તેં તારી પ્રજાને સુખી કરી છે. તેનો લાભ તેં બધાને આપ્યો છે. તું આટલો પ્રતાપી થયા છતા તારામાં અભિમાન નથી આવ્યું. તું અગાઉ જેવોજ સુજન રહયો છે. તારા ઉપર પ્રસન્ન થઇને રેતીની આ દાબડી આપું છું એથી તને ભવિષ્ય જોતા આવડશે. તું રેતી જમીન ઉપર પાથરીને તું પુચ્છે તેનું ભવિષ્ય જોઇ શકશે. આ જાદુગરો પાસે પણ આવી ડાબલીઓ હતી. તે મુર્ખાઓ બીજાઓનું ભવિષ્ય જોતા. પણ પોતાનું ભવિષ્ય જોવાનો તેમને વિચાર પણ ન આવ્યો. નહિં તો બન્ને ભાઇ આમ કમોતે ન મરત, આમ કહીને ડાબલી આપીને રાક્ષસ અદૃષ્ય થઇ ગયો.

પ્રતાપ અને સ્નેહલતાના આનંદનો પાર ન રહ્યો. તેઓએ આનંદમાં જીંદગી વીતાવી. જાદુઇ ફાનસનો પ્રજાના લાભ માટે

તેઓ અવારનવાર ઉપયોગ કરતા. પ્રજા આવા રાજા રાણીને પિતા માતા જેવું માન આપતી. તેઓ મર્યા ત્યાં સુધી એક બીજાંને એટલાજ અદ્ભુત પ્રેમથી ચાહતાં હતાં, તેઓ મર્યાં ત્યાં સુધી તેમને બીજી કોઇ આફત આવી નહિ. તેમની પ્રજા હજુ સુધી પ્રતાપ અને સ્નેહલતાના નામને હજુ ભુલી નથી.

સમાપ્ત

સોળ વરસની સતી-

અને

—નવ વરસનો પતી

આ નામ તમારી ડાયરીમાં જરૂર નોંધી રાખજો. કારણ કે તે બુક અતિ લોકપ્રીય થઇ પડવાથી તેના છુટક ભાગો લગભગ બે લાખથી વધુ ખપી જવા બાદ ભાગ ૧ થી ૨૦ ની સંપુર્ણ સચીત્ર મોટી બુક બહાર પાડી છે. જેની ત્રણ આવૃત્તિ ફક્ત છ માસમાં ખલાસ થતાં— નામની નકલ કરી ગ્રાહકોને ઠગનારા તીડનાં ટોળાંની પેઠે ઉભરાઈ નીકળ્યાં છે તેજ અમારી બુકની લોકપ્રિયતાનો ઉત્તમ પુરાવો છે.

આ પુસ્તકમાં બાળલગ્નનો બળાપો, કન્યાવિક્રયની ક્રુરતા, સાસુના સીતમો, ફેશનના વિલાસમાં તાકાતબાઇ ખલાસ, સતીના શીયળ ભંગના અનેક અફળ પ્રયત્નો, પેટીમાંનો વાંદરો, ઢોંગી સાધુ, વીગેરે અનેક રસમય વિષયો ઉપરાંત સુંદર ચીત્રો હોવા છતાં કીંમત ફક્ત એક રૂપીઓ.

લખો:—જદુલાલ નારણદાસ બુકસેલર.
મુ. નડીઆદ.

પવિત્ર પ્રેમનો આદર્શ ચિતાર-સદગુણનો સાગર.

વરઘેલી વિણા

—: યાને :—

પ્રેમી કે પાગલ

પૈસાના સ્વાર્થી માત પિતાએ વાળેલુ પુત્રનું નખ્ખોદ, લક્ષ્મી કરતાં સદગુણ એ સૃષ્ટિનો ઉત્તમ ખજાનો છે, એમ માનનાર કુંદનલાલની અનેક દુઃખો વચ્ચે ઇશ્વરે કરેલી કસોટી, વીણાનો આપઘાત, પ્રેમમાં દીવાનો કુંદનલાલ, ડાક્ટરની દીકરી, ભેદી જોગણ, સજીવન વીણા જુલ્મી જેલર છુપા વેશમાં મહારાજા, રાજકુંવરીની કમ્પેનીયન વીણા, સ્ટીમરમાં અકસ્માત, કુન્દનલાલનું સાહસ, મહારાજાની મહેરબાની, સ્વપ્નમાં ભયંકર નર્કનો દરબાર, વીણા–કુન્દનનો અકસ્માત મેળાપ. પસ્તાયલો પિતા, વીગેરે ઉત્તમ બાબતનો ખાસ સમાવેશ કરેલ છે. આ પુસ્તકમાં અનીતિનો એક શબ્દ પણ લખવામાં આવેલો નહોવાથી બાળક–બાળકીઓ યુવક–યુવતિઓ સર્વ કોઇ સહેલાઇથી વાંચી શકે છે.

મળવાનું ઠેકાણું—

બુકસેલર જદુલાલ નારણદાસ. મુ. નડીઆદ.

તથા દરેક શહેરના પ્રખ્યાત વેપારી પાસેથી મળી શકશે.

જાદુઈ માછલી

યાને

પત્થરનો પાદશાહ

સદ્દગુણને ચાહનાર ગરીબ દંપતિ ઉપર કોટવાળે ગુજારેલો જુલમ. માછી ઉપર ખુનનુ તહોમત, જેલમાંથી નાસી છુટેલો માછી, જાદુઇ વાંસળીનો ચમત્કાર, સિપાઈ કે શયતાન, રાજાએ આપેલો ન્યાય, બ્રમની અને કારભારી માછીનું વૃત, દરીઆનો દૈત્ય. ભેદી તલાવ, મુવેલાં માછલાંએ સજીવન થઇ અપ્સરાને આપેલો જવાબ. મણીધર સાપ, ભેદી ભોંયરામાં છુપાવેલી રાજકન્યા, પત્થરના પાદશાહની મુલાકાત, રતીસુંદરીનાં કાળાં કર્મો, અજયની અજબ યુક્તિ, પાદશાહ નો છુટકારો, જાદુઇ તલાવનું પરિવર્તન, વિગેરે અજબ ચમત્કારી બનાવોથી ભરપુર સંપુર્ણ વાર્તા. કીંમત દસ આના

તદ્દન નવીન સુબોધક કલ્પીત નોવેલ

રાજમહેલનું રમખાણ-

—: યાને :—

-પ્રેમનું તોફાન

પ્રેમ એ મનુષ્યનું જીવન છે, પ્રેમ એ પરમાત્માને પામવાનું પગથીયું છે પ્રેમ એ સંસારનું સ્વર્ગીય નંદનવન છે

પત્રો લખું હું પ્રેમથી, પણ કલમ આ શરમાય છે,
મળતો નથી ભોગી ભ્રમર, તેથી કળી કરમાય છે.

× × ×

જગતની પ્રેમ વાડીમાં, મધુરાં પુષ્પ ખીલે છે,
પરિમલ પ્રેમ રસભીની, પરસ્પર રોજ ઝીલે છે.

× × ×

હૃદય બગીચે નીપજે, નાજુક પ્રેમી ફુલ,
શું સમજે નાદાન કે, મોંઘાં એનાં મુલ.

× × ×

ચહાતાં હતાં હરદમ અમે, પણ પ્રેમમાં ખામી પડી,
બહુ બહુ ઉપાયો સાધતાં, ના વેમની બુટી જડી.

તદન નવીન સુબોધક કલ્પીત નોવેલ

રાજમહેલનું રમખાણ-

યાને

પ્રેમનું તોફાન

પ્રેમ એ મનુષ્યનું જીવન છે, પ્રેમ એ પરમાત્માને પામવાનું પગથીયું છે પ્રેમ એ સંસારનું સ્વર્ગીય નંદનવન છે.

પત્ર લખું હું પ્રેમથી, પણ કલમ આ શરમાય છે,
મળતો નથી ભોગી ભ્રમર, તેથી કળી કરમાય છે.

× × ×

જગતની પ્રેમ વાડીમાં, મધુરાં પુષ્પ ખીલે છે,
પરિમલ પ્રેમ રસભીની, પરસ્પર રોજ ઝીલે છે.

× × ×

હૃદય બગીચે નીપજે, નાજુક પ્રેમી ફુલ,
શું સમજે નાદાન કે, મોંઘાં એનાં મુલ.

× × ×

ચહાતાં હતાં હરદમ અમે, પણ પ્રેમમાં ખામી પડી,
બહુ બહુ ઉપાયો શોધતાં, ના! પ્રેમની બુટી જડી.

માણસ પોતાની બુદ્ધિથી શું નથી કરી શકતો ? લાકડાના ઘોડાને ચાંપ દાબી કે સરરરરર, આકાશમાં ઉડયો એક રાજકુમાર દુશ્મન રાજાની બે કન્યાઓ લઇ ગગન માર્ગે ચાલ્યો. પૈસાની ભીડ પડે તો બસ (!) લોઢાના માણસને ચાંપ દાબી કે મહાસાગરને તળીએથી સાચાં મોતીના ઢગલે ઢગલા લઈ આવ્યો. પણ....એ બધું બને ક્યારે ? માણસ પોતાની નીતિ જાળવે ત્યારે, રાજકુમાર ઉપર સ્વર્ગની દેવી આશક પડી, તેને સદબોધ આપી સત્માર્ગે ચલાવી. બદલામાં કેટલી દૈવી ચમત્કારી ચીજો બક્ષિસ મળી, તે દૈવી ચીજોએ શું પરાક્રમ કર્યું, લાકડાનો ઘોડો, અને લોઢાનું માણસ કોણે બનાવ્યું. એ બધું જાણવાની ઇચ્છા હોય તો તુરત મંગાવો.

આકાશમાં ઉડતો ચમત્કારી ઘોડો

દરેક શહેરમાં બધાય બુકસેલરો વેચે છે.

તમો વેચશો તો પૈસા કમાશો. અને વાંચશો તો જ્ઞાન સાથે ગમ્મત મેળવશો.

રાજશાહી વાયટોજન

હરહંમેશ સેવન કરવાથી ૨૦ ઘોડાની તાકાતવાળી મોટર અટકાવી શકાય છે.

મગજને શાંત રાખી યાદ શકિતનો વધારો કરે છે. ચહેરો હરહંમેશ હસમુખો ખુબસુરત રાખે છે. આ દવા બનાવવામાં કેશર, કસ્તુરી, બરાસ, ઇલાયચી, જાવંત્રી, મરી તજ, સુંઠ, દ્રાક્ષ, વીગેરે વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે સ્વાદ પણ ઘણો ઉત્તમ છે. હરહમેશાં સેવન કરવાથી ક્ષય, દમ, જુની ખાંસી, અરૂચી, અશક્તિ દુર થાય છે. આ દવા તાકાત વધારવામાં અદભુત છે. કીંમત બાટલીના રૂ. ૨) ત્રણ બાટલીના રૂ. પાા, પો. અલગ.

રાજશાહી ગોનોરીઆ સ્પેસીફીક.

(પ્રમેહારી રસ.)

જુનો કે ગમે તેવો પ્રમેહ હોય માત્ર ચોવીસ કલાકમાંજ નાસવા માંડે છે. જાણે જાદુનો ચમત્કાર! એક ડોઝ પેટમાં ગયો કે બેઆની આરામ થયો છે એમ સમજો. પ્રમેહ માટે આવી ફતેહમંદ દવા બીજી કોઇ નથી પેશાબમાં આગ, બળતરા, ટીપેટીપે પેશાબ થવો, જાડો રગડા જેવો પેશાબ થવો કપડામાં ડાઘ પડવા, પેશાબની આગળ પાછળ ધાતુનું જવું, ઉનવા, હાથ પગમાં ફાટ, ઉંઘ નહી આવવી, અને આખો દીવસ એમાં જીવ લાગી રહેવો. એ સર્વ આ દવાથી નાબુદ થાય છે. જેઓ માને છે કે પ્રમેહ એક નહિ સારૂ કરી શકાય એવું દરદ છે, તેઓને હમે રાજશાહી પ્રમેહારી રસ લેવા ખાસ ભલામણ કરીએ છીએ. સો એ સો દરદી સારા થયા છે, હજુ સુધી કોઇ નિષ્ફળ થયોજ નથી. કીંમત શીશી ૧ના રૂ. ૨) ત્રણ શીશીના રૂ. પાા, પો. અલગ.

ફકત રૂપીઆ ત્રણમાં નવી જુવાની. !

ફ્રાન્કો હેર ડાઇ (ખીજાબ)

આ ખીજાબથી પાંચ મીનીટમાં સફેદ વાળ કાળા કુદરતી રંગના જેવાજ થઇ જાય છે. એકજ વખત લગાડવાથી કેટલાક મહીના સુધી વાળ કાળાજ રહે છે. દર અઠવાડીએ જો લગાડયા કરે તો સફેદ વાળ કોઇ વખત માલમ પડતાજ નથી તેમજ લાલ પીળા ભુરા, રંગના વાળ થતા નથી કીંમત બાટલી ૧ ના રૂ. ૩. પો. અલગ.

રકત શુદ્ધિ માટે

રાજશાહી સારસાપરિલા.

રાજશાહી સાર્સાપરિલા વિસ્ફોટક ચાંદી, પ્રમેહ, ખસ ખરજવાં પારાનું સીસાનું ઝેર, કંઠમાળ, લકવા, સંધીવા પ્રમેહ આંખમાં કળતર, શરીર પીળુ પડવું ઝાડો સાફ નિયમિત ન આવવો વિગેરે વિકારો ઉપર ઘણો સારો ફાયદો કરે છે. તમને ડોકટર ઉંચામાં ઉંચી સારસાપરિલા લેવા ભલામણ કરે ત્યારે રાજશાહી સાર્સાપરિલાજ લેજો કીં. બાટલી ૧ નો રૂ. ૧।। ત્રણ બાટલીના રૂ. ૪) પો. અલગ.

રાજશાહી ટૉનીકસીરપ

શકિત આપનાર ઉત્તમ પદાર્થો મેળવી બનાવેલ છે, અત્યંત તેજસ્કર, બળ વર્ધક, સ્ફુર્તિકર અને ઘણો સ્વાદિષ્ટ છે. સ્નાયુની, મનની અને શરીરની દુર્બળતા, વૃદ્ધાવસ્થાની ક્ષીણતા, સ્મરણ શકિતનો નાશ; માથાનો વેગ, ચકરી કામ પર ચીત ન ચોટવું, કમ તાકાત, મનો વિકાર, લોહીનું કમતીપણું. અકાળ, વૃદ્ધાવસ્થા, પુરૂષત્વની ખામી, પેશાબનાં વિકટ દરદો, અજીર્ણ, બંધકોષ, ભુખ ન લાગવી, જીર્ણ અગર દરેક પ્રકારના તાવ વિગેરે ઘણા દરદોને એકદમ નાબુદ કરે છે, વિદ્યાર્થીઓ, શિક્ષકો, વકીલો અને માનસિક શ્રમ લેનારને અતિ ફાયદો કરે છે, ટુંકામાં અખુટ બળ, તેજ, વિર્ય. અને સ્ફુર્તિ આપનાર છે.

કીં. શીશી ૧ ના રૂ. ૨) ૩ શીશીના રૂ. પાા પો. અ.

રાજશાહી

અસ્થમા કયોર

(સર્વ પ્રકારના શ્વાસરોગ યાને દમની દવા)

જુના અને હઠીલા દમના સખતમાં સખત હુમલામાં પણ ફકત એકજ ડોઝ લેતાની સાથે દર્દીને કરાર વળે છે. દમ રાતને વખતે બહુ ચઢે છે. તે વખતે એવું થઇ આવે છે, કે આ દર્દમાં જીવવાથી મરવું સારૂં દમથી હેરાન હેરાન થઇ ગયેલા દર્દીઓને હમો ખાત્રી પુર્વક સલાહ આપીએ છીએ કે તેમણે રાજશાહી **"અસ્થમા કયોર"** પહેલીજ તકે વાપરવા શરૂ કરી આ દવામાં રહેલા અ-ગુણોનો લાભ જરૂર લેવો. રાજશાહી **"અસ્થમા કયોર"** જુના અને હઠીલા દમ—હાંફણુ ઠાંસો, ખાંસી ઉધરસ વિગેરે દરદો જડ મુળથી નાબુદ કરે છે. કીંમત બાટલી ૧ ના રૂ. ૨॥। ત્રણ બાટલીના રૂા. ૭) પોસ્ટેજ અલગ.

કમતાકાત સ્ત્રી પુરૂષો માટે,

રાજશાહી ટૉનીક પીલ્સ

રાજશાહી ટોનીક પીલ્સ ગએલી શકિત પાછી લાવે છે, સ્વપ્નામાં યા પેશાબમાં જતી ધાતુ અટકાવે છે, હમેલ દરમ્યાન વાપરવાથી ગર્ભાશય સંપુર્ણ રીતે જાળવે છે. વિદ્યાર્થીઓના મગજને પુષ્ટી આપી યાદ શકિતમાં વધારો કરે છે, ત્રણ દિવસ વાપરવાથી બુઝર્ગોને પણ વીજળીની ઝડપે જુવાનીની મઝા દેખાડે છે. કીંમત રૂ. ૨) ત્રણ શીશીના રૂા. ૫॥ પો. અલગ.

એક રૂપીઆથી ઓછી કીંમતનો માલ મોકલવામાં આવશે નહિ.

આ ચોપડી બરાબર સાચવી રાખો જરૂર વખતે તે ઉપયોગી થશે કારણ કે તેમાં હજારો દરદો જલદીથી કેમ સારાં કરવાં તે બતાવવામાં આવ્યું છે.

વૈદ્ય ડૉકટર હકીમની મદદ સિવાય

હજારો દરદો સારાં કરી શકાય છે.

ગુપ્તાની અમી-કુપી.

અમી—કુપી સર્વ પ્રકારનાં દરદો સારાં કરવામાં ઘણીજ ગુણકારી દવા હોવાથી દસ વર્ષમાં ૧૦૦૦૦૦, (એક લાખ) શીશીઓથી વધુ એકજ સપાટે વેચાઇ ગઇ છે. દવા એવી તો ગુણકારી માલમ પડી છે કે જ્યાં એક બાટલી નમુના માટે મોકલવામાં આવી છે ત્યાંથી ડઝનબંધ માગણી આવવા લાગી છે દીન પ્રતિદિન સુર્યોદય થતાં અમી—કુપીની માગણી વધુને વધુ થતી જાય છે ગામડાના નાના વેપારી પણ તેનું વેચાણ કરે છે એજ તેના અદ્‌ભુત ગુણોનો સૌથી સરસ પુરાવો છે. કેટલાક લેભાગુ વેપારી મોટી મોટી જાહેરાત છાપી ગુપ્તાની અમી—કુપી બનાવવાનો નુસખો જાણવાનો દાવો કરે છે એવા ડંફાસખોર વેપારીથી ચેતતા રહેજો. ખરો નુસખો હમારા સિવાય કોઇ જાણતુંજ નથી.

કાનના સણકા—પરૂ વહેવું, કાનમાં સણકા, કાનમાં દુખાવો બહેરાપણું. કર્ણમુળ વિગેરે કાનનાં સઘળાં દરદો ઉપર અમી—કુપીનો ઉપયોગ કરવો. જેમકે એક તોલા ડુંગળીના રસમાં અથવા ૧ તોલા તલનાં તેલમાં અથવા એક તોલા દારૂમાં માત્ર એક ટીપું અમી–કુપીનું મેળવી તેનાં કાનમાં ટીપાં પાડવાનું મટતાં સુધી ચાલુ રાખવું.

ઝાડા સંગ્રહણી—ઝાડા સંગ્રહણી, કોલેરા. અતીસાર ઉલટી એ રોગમાં અમી—કુપી ઘણીજ અકસીર દવા છે. દીવસમાં ૧૦, ૧૦ વખત ઝાડા થતા હોય. પાતળાં પેટ આવતાં હોય, ખાધું કે તરત ઝાડા છુટી જતા હોય કે સાધારણ ઝાડા થતા હોય. ટુંકમાં જેને ઝાડાનો રોગ થતો હોય. તેણે પહેલી તકે અમી—કુપીનો ઉપયોગ કરવો. એકજ દીવસમાં ખાત્રી પુર્વક આરામ પહોંચાડે છે ઉલટી શરૂ થતાંની સાથેજ જો "અમી—કુપીનો" ઉપયોગ કરવામાં આવે તો પાંચ દશ મીનીટમાં ફાયદો પહોંચાડે છે. જ્યાં કોલેરાનો સંભવ હોય અથવા ઉપરા ઉપરી જમણવાર ચાલતા હોય યાત્રામાં થંડા પાણીથી સ્નાન ખોરાકનું અનીયમીતપણું અને રખડપટીથી સરદી લાગી ઉપરના રોગ થવાનો સંભવ છે તેવે–સ્થળે એક શીશી અમી–કુપીની ગજવામાં રાખવી તે ઘણું ડહાપણ ભર્યું છે પોતાનો અને બીજાનો કીંમતી જાન બચાવવા માટે દરેક ગૃહસ્થની ફરજ છે તેણે અમી—કુપીની એક શીશી ગજવામાં રાખવાની હંમેશાં કાળજી રાખવી

ઉપયોગ—દીવસમાં બેથી ચાર વખત અથવા ઘણા ઝાડા ઉલટી હોય તો દર કલાકે ચાર ટીપાં અમી—કુપી થોડા પાણી સાથે ઝાડા ઉલટી બંધ થતા સુધી લીધા જવું અથવા વધારે જરૂર જણાય તો અંદર બે ટીપાં લવીંગનો અર્ક નાંખવો લવીંગનો અર્ક રૂ. ૦ાા ની એક શીશી એ પ્રમાણે હમારે ત્યાંથી મળી શકશે.

ચુંક આંકડી પેટદર્દ—ઠંડા પાણીમાં રહેવાથી ખોરાકની સંભાળ નહી રાખવાથી, વાયડી ચીજ ખાવાથી, તેલમાં તળેલા પદાર્થ ગળચી ગળચી ખાવાથી ભૂખ ન હોવા છતાં ખોરાક લેવાથી, અને બીજા અનેક કારણોથી પેટમાં ચુંક, આંકડી, પેદા થાય છે તથા ઝાડો કબજ થાય છે. અને કેટલીકવાર તો એટલી બધી ચુંક આવે છે કે તે સહન થઇ શકતી નથી દરદી આસપાસના માણસોને ગભરાવી મારે છે તેવે વખતે અમી કુપીનાં માત્ર બેજ ટીપાંથી જાદુઇ અસર થાય છે માત્ર ૧૫ મીનીટમાં દરદ દફે થાય છે અને એક બેદીવસ દવા ચાલુ રાખવાથી પ્રકૃતિ પાછી અસલ હાલતમાં આવી જાય છે.

ઉપયોગ—દર કલાકે આંકડી બંધ થતાં સુધી બે બે ટીપાં અમી-કુપી એક એક ચમચા દુધ યા પાણી અથવા વલયારીના અર્કમાં દશ ટીપાં સાથે લીધા કરવી તેમજ પાવલીભાર તપકીર છીકણીમાં ૧ ટીપુ અમી કુપીનું મેળવી ડુંટીમાં ભરવી વલયારીનો અર્ક શીશી રૂ. ૦॥ ભાવે હમારે ત્યાંથી પણ મળે છે.

ઝેરી ડંખ—ભમરી, વીંછુ, મધમાંખ, ચાંચડ, માંકડ, મચ્છર કાનખજુરો વિગેરેના ડંખ ઉપર અમી-કુપી અમુલ્ય દવા છે હજારો વખત તેની અજમાયેશ લેવાઇ છે અને હજી સુધી એક વખત પણ નિષ્ફળતા મળી નથી. દવા લગાડતાં વારજ અસર થવા માંડે છે. અને પાંચ મીનીટમાં તો દરદનું ચિન્હ પણ રહેતું નથી.

ઉપયોગ—ડંખ ઉપર એક ટીપુ અમી-કુપી ચોળવું.

સીરદર્દ, આદાશીશી-સળેખમ—માથાનો ગમે તેવો સખત દુખાવો, સણકા, ચસ્કા આદાશીશી, વગેરે રોગોમાં અમી કુપી ખાત્રી ભરેલી દવા છે માત્ર બે પાંચ મીનીટમાંજ આરામ થઇ જાય છે.

અમી- કુપીની કીંમત સીસી ૧ ના રૂ ૧॥, ત્રણ સીસીના રૂ. ૪) ૭ સીસીના રૂ. ૭॥, ૧ ડઝનના રૂ. ૧૨) પો. અલગ.

જાણે કદી માથું દુખતુંજ નથી તાવમાં પણ જ્યારે માથું દુખતું હોય ત્યારે આ દવાથી માથું દુખતુ તો મટી જાય છે જ. ગમે તેવો સખત દુખાવો પાંચ મીનીટમાં જ સાફ થઇ જાય છે. ઝામરના દરદીએ પણ અમી-કુપીનું સેવન કરવું કે જેથી તેઓ ખાત્રીથી ફાયદો મેળવી શકે.

ઉપયોગ—એક ટીપું કપાળ ઉપર ચોળવું પાંચ મીનીટમાં આરામ નહી થાય તો ફરીથી બે ટીપાં ચોળવાં સંભાળ રાખવી કે આંખમાં લાગે નહીં. શીશી ખોલીને વારંવાર દવા સુંઘવાથી જુદાં દરદો ઉપર સારો ફાયદો થાય છે.

આંખનો દુખાવો—આંખનો દુખાવો, કળતર, લાલી ગરમી વીગેરે દૂર કરવા માટે સૌથી સરસ દવા માત્ર અમી કુપી છે, આંખોની ગરમી દુર થઇ જાય છે, અને લાલી કપાઇ જાય છે જ્યારે આંખમાં રેતી કે કાંઇ રજ જેવું પડયું હોય છે. અને ઘણું ખુંચે છે ત્યારે તે કાઢવાનો ઉપાય આંખમાંથી પાણી પુષ્કળ કાઢવું તે છે આંખમાંથી પુષ્કળ પાણી કાઢવા માટે અમી-કુપી ઘણી સરસ અને સસ્તી દવા છે.

ઉપયોગ—આંખ ઉપરની ભમરની ઉપર એક ટીપું ચોળવાથી તરત આંખમાંથી પાણી વહેવા માંડશે અને ગરમી ઝરી જશે સંભાળજો જરા પણ આંખની અંદર જવા નહીં પામે; જો ૧ તોલા સુરમામાં માત્ર એક ટીપું અમી કુપી ભેળવી પછી એ સુરમો આંખમાં આંજવામાં આવે તો તેથી પણ લાભ થાય છે. સુરમો હમારે ત્યાંથી પણ મળશે.

દાંત દાઢમાં કળતર—દાંતમાંથી લોહી નીકળવું દાઢમાં કળતર દંતશુળ, સણકા વિગેરે દાંતના રોગ ઉપર તત્કાળ અસર કરવા માટે અમી કુપી ખાત્રી ભરેલી દવા છે, દાઢના સણકાનો રોગ કેટલો ત્રાસદાયક છે તે વિતે તેજ જાણે. એક એક મીનીટ એક એક યુગ

જેટલી થઇ પડે છે. તેવા વખતે અમી કુપી માત્ર લગાડવાની જોડી છે, દાંત કે દાઢને અડતાની સાથે આરામ થઇ જાય છે. જેમને દાંતનો રોગ અસલથી હોય તેમણે રોજ બ્રશ ઉપર એક ટીપું પાડીને તેનાથી દાંત ઘસવાની ટેવ રાખવાથી કદી પણ દાંતની પીડા થશે નહી દાઢના સણકા ઉપર જરા પુમડું બોળવી કળતરવાળા ભાગ ઉપર લગાડવું અથવા પોલાણ હોય તો પુમડું દાબી દેવું

દરાજ ધાધર ખસ; ખરજવું—દરાજ અથવા ધાધર ઉપર અમી કુપી રામબાણ દવા છે બે ત્રણ વખતજ લગાડવાથી આરામ થાય છે ખસ અને ખરજવા ઉપર પણ ઘણીજ અકસીર દવા છે. આવા રોગો જુદી જુદી દવાઓ કરીને જેઓ કંટાળી ગયા હોય તેમણે છેવટના ઉપાય તરીકે અમી કુપીની અજમાશ લેવી અને હમે ખાત્રીથી કહીએ છીએ કે જેમના એ દરદનું આયુષ્ય પુરૂં થયું હશે તેમને અમીકુપીના ઉપયોગની સલાહ ખરં લાગશે. પણ જેમના એ દરદનો છેડો આવવાનું હજી દુર હશે તેઓ બીજી દવાઓનો ઉપયોગ કરવા પછી અમીકુપી વાપરશે.

ઉપયોગ—એક તોલા તલના તેલમાં ચાર ટીપાં અમી કુપી નાંખી દાદર ઉપર ચોળવું ખસ ઉપર લગાડવાની વખતે અગન બળે તો તલના તેલની જગાએ ચંદનનુ તેલ લેવું. ચંદનનું તેલ હમારે ત્યાંથી રૂ. ૧ માં એક શીશી મળશે.

સોજો—કાંઇ વાગવાથી અથવા બીજા કોઇ રોગથી શરીરના અમુક ભાગ ઉપર સોજો આવી જાય છે. તેના ઉપર અમી-કુપી ઘણી અકસીર દવા છે. બે ત્રણ વખત એક એક બે બે ટીપાં અમી-કુપી મસળવું સંભાળજો આંખમાં લાગે નહી.

અમી-કુપીની કીંમત રૂ. ૧।।, ત્રણ શીશીના રૂ. ૪) છ સીસીના રૂ. ૭।।. ૧ ડઝનના રૂ. ૧૨) પો. અલગ.

સંધીવા લકવા—અર્ધાંગ વાયુ સંધીવા, લકવો, વિગેરે દરદ ઉપર ખાસ કરીને અમી-કુપી વાપરવા લાયક છે. સાંધાઓ ઝલાઈ જઈ માણસ ખાટલા વશ કેમ ન થયો હોય, પણ લગાડતાંજ આરામ થતો ખુલ્લો જણાય છે. એકજ દીવસમાં દરદીતે પોતાને કરાર વળેલો જણાય છે. સાધારણ હાથ પગમાં થતો શટ, તોડ ચુંથારો ઝઝણી; સાંધાઓમાં કળતર થવું, કમરમાં દર્દ, બરડાની કરોડમાં દુખાવો સુળ, પાંસળામાં કળતર, છાતીમાં દુખ થવું. હાથ પગનું ભરાઇ જવું વિગેરે દરદમાં સસ્તી કીંમતે જલદી આરામ મેળવવાનો એકજ રસ્તો અમીકુપી ઉપયોગજ છે થોડાક કલાકમાં તે મનમાનતો ફાયદો પહોંચાડે છે ગમે તેવાં જુનાં દરદ ઉપર પણ એકજ શીશી પુગતી છે ૧૦૦) રૂપીઆના ખરચે જેઓનો લકવો સારો થયા હતો નહી તેવા દરદીઓને અમીકુપીની એકજ શીશીએ સંતોષકારક આરામ પહોંચાડયો હતો એવા એક બે નહિ પણ અનેક દરદીઓ ઉપર તેની અજમાયેશ લેવાઈ છે. અને તે સઘળામાં ફતેહમંદ નીવડી છે. સરસવનું અથવા તલનું તેલ ટરપેનટાઇન કે ધાસલેટ એક તોલો લઈ તેમાં ૦॥ તોલો અમી-કુપી મેળવી દુખતા ભાગ ઉપર ખુબ ચોળવું. ઉપરથી ગરમ કપડાનો શેક કરવાથી જલદી આરામ થશે અગન બળતી જણાય તો અમી-કુપી ૦॥ ને બદલે ૦। તોલો લેવી.

કમજોરી નિર્બળતા—શરીરમાં લોહી ચઢતુંજ નહી હોય, ગમે તેવા ઉંચા ખોરાકની જાણે શરીર કીમતજ નહી કરતું હોય, આખો દિવસ સુસ્તી લાગતી હોય આંખો નિસ્તેજ મોં ફીકું ડાચાં બેઠેલાં છાતીનાં પાંસળાં ૫૦ કદમ દુરથી ગણી શકાતાં હોય. પાંચશેર ઉચકી પાંચ પગલાં ચલાતું નહિ હોય, ચાલતાં શ્વાસ ભરાઇ જતો હોય, મન હમેશાં ઉદાસ રહેતું હોય, જીવ બળ બળ થયા કરતો હોય, રસીકપણું જતું રહ્યું હોય, નિરાશામાં દિવસો વ્યતીત થતા હોય, ઉઠી

ને ઉભું થવું ભારી પડતું હોય, આખો દીવસ સુઇજ રહીએ એમ લાગતું હોય, મગજ ઉપર પુષ્કળ બોજો લાગતો હોય યાદ શક્તિનો નાશ થતો હોય, મગજમાં અનેક ગુંચવાડાઓ ઉભા થતા હોય, ટુંકમાં જ્યારે શરીર કેવળ શક્તિ વગરનું થઈ ગયું હોય ત્યારે અમી કુપીનો જરૂર ઉપયોગ કરવો. અંદરના અને બહારના ઉપયોગથી શરીર જોરાવર હાડકાં ચીકણાં અંગ ભરાવાદાર, ચહેરો ગુલાબી, છાતી ભરાવદાર, કમર મજબુત, હાથ પગ તાકાતવાળા, આંખો તેજ; સ્વી અને મન ઉમંગી બની મગજ પણ આનંદી બને છે. એકજ શીશીનો ઉપયોગ તમોને જરૂર સંતોષ આપશે. વિદ્યાર્થીઓને ખસુસ કરી વાપરવુ જોઇએ ધાતુપૌષ્ટિક દવાઓમાં પહેલો નંબર અમી-કુપી નો આવે છે.

ઉપયોગ—એક તોલો ઘી અને અડધો તોલો મધ અથવા ૧ તોલો માંખણ અને અડધો તોલો પીસેલી સાકર અથવા એક તોલો બદામનું તેલ અથવા ૧૦ તોલા દુધ એમાંના કોઇપણ અનુપાન સાથે બે બે ટીપાં અમી-કુપી સવાર સાંજ લેવું.

મંદ જઠરાગ્નિ, અજીર્ણ, અપચો—સર્વ રોગનુ કારણ અજીર્ણ બદહજમી છે માણસને જ્યારે ખોરાક ઉપર અરૂચી થાય છે ત્યારે જાણવું કે રોગની શરૂઆત થઇ ચુકી છે માટે તેનો તત્કાળ ઉપાય કરવો ગમે તેવા અજીર્ણમાં અમી-કુપીનાં માત્ર બેજ ટીપાં ઘણી સારી અસર કરે છે એક દીવસમાં કકડીને ભુખ લાગે છે અને કોઇપણ પ્રકારનો ખોરાક ખુશીથી જરપત કરી શકાય છે જો પંદર દીવસ લાગલાગટ બબ્બે ટીપાં અમી કુપીનાં લેવામાં આવે તો

હંમેશ કરતાં ડબલ ખોરાક ફેંકાવા શકાય છે અને પાચન કરી શકાય છે.

ઉપયોગ—રોજ બંને વખત જમ્યા પછી એક ચમચા પાણી સાથે દસ ટીપાં સુંઠનાં અર્ક સાથે બે બે ટીપાં અમી-કુપી અને એક ચમચો પાણી મેળવી પીવું સુંઠનો અર્ક અગર હમારે ત્યાંથી મંગાવશો તો દર શીશી દીઠ રૂ. ૦ાા પડશે.

ક્ષય. ખાંસી, દમ, ઉટાટીયું—ખાંસી, દમ-શ્વાસ, ક્ષય બાળકોનું ઉટાંટીયું વગેરે છાતીના દરદો ઉપર અમી-કુપી ઘણી અસરકારક દવા છે બે ત્રણ દીવસ દવા ચાલુ રાખવાથી જરૂર આરામ પહોંચે છે. "રોગનું ઘર ખાંસી" એ વાત યાદ રાખજો. અને શરૂઆતના ઉપાય તરીકેજ અમી કુપી ઉપયોગમાં લેજો જેથી તમારી જાતનું અને પૈસાનું રક્ષણ કરી શકશો દમ અને ક્ષયના દરદીઓ એ સામાન્ય રીતે એક મહીનો દીવસ અમી-કુપીનું સેવન ચાલુ રાખવું જોઇએ ઓછા ખરચે વગર તકલીફે અને ટુંકી મુદતે ફાયદો મેળવવાનો રસ્તો આ એકજ છે.

ઉપયોગ—બે ટીપાં અમી-કુપી સવાર સાંજ જમ્યા પછી એક ચમચા દુધ સાથે લેવું ૦૧ તોલો અમી કુપી ૮ તોલા ચોખા ટરપેનટાઇનમાં મેળવી તે મેળવણીને શીશીમાં ભરી રાખી રોજ તેમાંથી છાતી ઉપર ચોળવું અને ઉપરથી શેક કરવો ટરપેનટાઇ રૂ. ૦ાા ની શીશી એક હમારે ત્યાંથી મળશે.

પ્લીહા-બરોળ—બરોળના દરદીએ ખાસ કરીને અમી-કુપી અજમાવવું જ્યાં કોઇ દવાએ ફાયદો નથી પહોંચાડયો ત્યાં તે જરૂર સારૂ પરિણામ લાવશે થોડા ખરચે જલદી આરામ કરવાનો એકજ રસ્તો છે. અમી-કુપીની અજમાશ લેવી.

ઉપયોગ—સાચા મોતીની છીપની ભસ્મ બે આની ભાર લઇ

તેમાં બે ટીપાં અમી-કુપી મેળવી રોજ દિવસમાં બે વાર જમ્યા પછી ખાવી. છીપની ભસ્મ હમારે ત્યાંથી મંગાવવામાં આવશે તો રૂ. ૧) ની તોલો એક એ હિસાબે મોકલવામાં આવશે.

પ્રમેહ-ગમે તે જાતનો ગમે તેવો પ્રમેહ હશે પણ અમી-કુપી થી તે જરૂર મટશેજ.

ઉપયોગ-રોજ સવારમાં ૧) તોલો વાટેલા ગોખરૂ ૧ તોલો દાડમડીનાં પાંદડાંનો રસ ૧] તોલો દળેલી સાકર ત્રણે મેળવી તેમાં બે ટીપાં અમી-કુપી નાખી પી જવું અથવા દસ કે બાર ટીપાં ચોખ્ખું ચંદનનું તેલ તેમાં બે ટીપાં અમી કુપી મેળવી રોજ સવાર-સાંજ ચાટી જવું ચંદનનું ચોખ્ખું તેલ હમારે ત્યાં પણ મળશે કી. રૂ. ૧

ચામડાનું ફાટવું-શિયાળામાં ઘણુ કરીને દરેક માણસના હાથ પગની ચામડી ઓછી વધારે પણ ફાટયા વિના નથી રહેતી તેવે પ્રસંગે અમી-કુપી વાપરવા લાયક દવા છે.

ઉપયોગ-માંખણ ઘી, તેલ, દીવેલ, અથવા વેસેલીન એમાંથી કોઇપણ ચીજ ૦।। તોલો લઇ તેમાં બે ટીપાં અમી-કુપી નાંખી ચોળવું એટલે જલદી આરામ થઇ જાય છે

નપુશકતા-વિર્યનો કોઇપણ રીતે નાશ થવાથી આ દરદ ઉત્પન્ન થાય છે સૃષ્ટિ વિરુદ્ધ કર્મ હસ્ત દોષ, અતિશય વિહાર, રાત દિવસ હલકી ભોજના વિહારો બીભત્સ વાંચન લેખન, સ્વપ્નાવસ્થા ઇત્યાદિ કારણોથી વિર્યનો અઘટિત રીતે નાશ થઈ માણુસ પુરુષત્વ ખોઇ બેસે છે તેવે વખતે તેમને ચિંતામાંથી મુક્ત કરનાર એક અમી-કુપી એજ ખરો આધાર છે ધાતુક્ષિણતાથી ઢીલી પડેલી

નસોને પાછી તંગ બનાવી તેમાં તાકાત લાવવા માટે અમી-કુપી રામબાણ દવા છે પુરૂષત્વના નાશથી જેઓ રાત દીવસ ચીંતામાં રહેતા હોય હજારો જાતની દવાઓ વાપરીને જેઓ નિરાશ થઇ ગયા હોય તેઓને છેલ્લા ખાત્રી ભરેલા ઉપાય તરીકે અમી-કુપી વાપરવાની ભલામણ કરવામાં આવે છે અને હમો ખાત્રી આપીએ છીએ કે એકજ શીશીથી તેઓની ભવની ચીંતા ખચીત ટળી જશે ઉપયોગ રોજ સવાર સાંજ ૫ પાંચ ટીપાં માલકાંકણીના તેલમાં એક ટીપુ અમી કુપી મેળવી તેને ચોળવું માલકાંકણીનું તેલ ફી શીશી રૂ. ૦॥

પ્રદરરોગ—સ્ત્રીઓના પ્રદર રોગ ઉપર અમી-કુપી અજાયબ અસર કરે છે રક્ત યા સ્વેત પ્રદર ઉપર તે આપી શકાય બે ચાર દીવસમાં તેનાથી આરામ થઇ જાય છે સ્ત્રીઓને તંદુરસ્ત આરોગ્ય મજબુત બાંધાની રાખવાથી તેમની સંતતી પણ નિરોગી બનાવી શકાય છે સ્ત્રીઓને નિરોગી બનાવવા માટે દર વર્ષે એક શીશી અમી-કુપી આપવામાં આવે તો સુવાવડોમાં આવનારી નબળાઇથી પણ તેમનું રક્ષણ કરી શકાય. ઉપયોગ સવાર સાંજ જમ્યા પછી દરેક વખતે ૦॥ તોલા નાગકેસર (ઝીણું વાટેલું. લઇ તેમાં એક તોલા માખણ તથા બે ટીપાં અમી કુપી મેળવી ખાવું ઉપરથી રૂચી અનુસાર દુધ પીવું.

શરદી—અતિશય શરદી થઇ જવાથી માણસ ઘણી વાર ઠંડો ગાર બની જાય છે સ્થિતિ ઘણી ભયંકર છે અને જો આ સ્થિતિ માંથી તત્કાળ તેને બચાવવામાં નહિ આવે, અંગમાં ગરમી લાવનાર ઉપચારો કરવામાં નહિ આવે તો થોડા કલાકોમાં તેનું આયુષ્ય પુરૂં થઇ જાય છે ગરમી લાવનારા બીજા સઘળા ઉપચારોમાં તત્કાળ કામ લાગે જલદી અસર કરે અને વળી સસ્તો પડે તેવો ઉપાય અમી-કુપીજ છે આવી સ્થિતિમાં તે પગના તળીએ ચોળવાથી આખા શરીરમાં ગરમી આવી જાય છે અને બે ટીપાં પેટમાં જતાંની સાથેજ

હુશિયારી આવી જાય છે, ઉપયોગ એક તોલા સરસીયાનું તેલ લઈ તેમાં ૧૦ ટીપાં અમી-કુપી મેળવી ખુબ ચોળવું વધારામાં જરૂર જણાય તો ૧૦ ટીપાં તજનું તેલ ઉમેરવું તજનું તેલ હમારી પાસેથી મગાવતાં રૂ, ૦ાા ની એક શીશી મોકલવામાં આવશે.

તાવ—ટાઢીનાં લખલખાં આવીને, રોજીંદો એકાંતરીઓ, ચોથીયો ગમે તેવો તાવ આવતો હોય તેને નાબુદ કરવાને સહેલો ઉપાય અમી-કુપી છે જીર્ણજ્વર ઉપર પણ તે ઘણું સારૂં કામ કરે છે સેંકડે ૮૦ માણસોને તેથી આરામ થઇ જાય છે ઉપયોગ તુળસી આદુ અને ખાવ.નાં પાન પ્રત્યેકનો રસ (૦ા) તોલો મેળવી તેમાં બે ટીપાં અમી કુપી નાખી દરદીને દિવસમાં બે વખત પાવું.

ન્હારૂ—ન્હારૂ અથવા વાળો એ એક જાતનો તારના રૂપનો કીડો છે ખરાબ પાણી અથવા બીજાં ઘણાં કારણોથી માણસના શરીરના ગમે તેવા ભાગે વાળો નીકળે છે એકવાર વાળો બહાર દેખાયો કે તેને બાંધી રાખવો પડે કારણ તાણી કાઢતાં તે તુટી જાય છે અથવા અંદર પેસી જાય છે તો તે પોતાનો રસ્તો ફેરવે છે અને ઘણી ઘણી વેદના દિવસો કે મહીનાઓ સુધી આપે છે અમી કુપી લગાડવાથી વાળો બળી જાય છે ઉપયોગ ચાર ટીપાં હીંગનો અર્ક લઇ તેમાં બે ટીપાં અમી કુપી નાખી થોડું પાણી ઉમેરી રોજ દિવસમાં ત્રણ વાર પીવું હીંગનો અર્ક હમારી પાસેથી મંગાવશો તો રૂ. ૦ાા શીશીને હિસાબે મોકલીશું.

જંતુ નાશક—ઘરમાં ખાળ, મોરિયો, વિગેરે જગાઓ સાધારણ પાણીથી ધોવા છતાં ઘણી દુર્ગંધી મારે છે તથા જીવ ઉત્પન્ન થાય છે. આવી વખતે ઘરમાં વસનારને ઘણો કંટાળો ઉપજે છે. એટલુંજ નહિ પણ એવી દુર્ગંધમાં વસવું તે પણ જોખમ ભરેલું

છે થોડા પાણીની અંદર બે ટીપાં **અમી–કુપી** નાંખી તેવી જગાઓ સાફ કરવામાં આવે તો દુર્ગંધી દુર થશે એટલુંજ નહિ પણ હાની કરતા જંતુઓનો નાશ થાય છે,

માંકડ—પલંગ, ખુરસી, ટેબલ, મેજ, કબાટ, અભરાઇ, બારી, બારણાં ભીતની તરડો વિગેરે જગાઓમાં માંકડ પુષ્કળ ભરાઇ રહે છે. તેમનો નાશ કરવા માટે **અમી–કુપી** ઘણી અકસીર દવા છે. માંકડનો કંટાળો લગભગ દરેક ઘરમાં હોય છે. અને માંકડના ઉપદ્રવથી બચવાની ઇચ્છા પણ દરેકને હોય છે ત્યારે માંકડનો નાશ કરવા ઉપરાંત જેમાં બીજા સેંકડો ગુણો સમાયલા છે તેથી **અમી—કુપી**ની દરેક ઘરમાં જરૂર છે એ વાત પુરવાર થાય છે.

ઉપયોગ સાબુનું ફીણ બનાવીને તેનું પાણી ગ્લાસ ભરીને તૈયાર કરી તેમાં ચાર ટીપાં **અમી—કુપી** નાંખી માંકડ ભરાવાની જગ્યાઓમાં તે ઉતારવું એથી માંકડ મરી જસે અને મહીનાઓ સુધી તે જગામાં માંકડ ભરાઇ બેસશે નહીં

હરસ–હરસની પીડા જેને વીતી તે જાણે જ્યારે હરસની દવા કરી કરીને તમો કંટાળી ગયા હોય, ત્યારે છેલ્લા ઉપાય તરીકે માત્ર **અમી—કુપા** અજમાવજો અને ખાત્રીથી એ પીડા હંમેશની દુર થઇ જશે.

ઉપયોગ—રોજ સવારમાં અડધો તોલો વાટેલું નાગકેશર ૦। તોલો વાટેલી સાકર ભેગાં કરી તેમાં બે ટીપાં **અમી—કુપી** નાંખી ફાકી મારવી અને ઉપરથી ૦। શેર દુધ પી જવું જો ફાકવું પસંદ નહી હોય તો માખણમાં મેળવી ચાટવું.

ઉંચુ નાગકેશર દળેલું તૈયાર શીશી ૧)નો રૂ. ૦॥ હમારે ત્યાંથી પણ મળશે.

મ્હોં–આવવું—ગમે તે કારણથી મોં આવ્યું હોય, અવાળુ ફુલી ગયાં હોય, મોંમાં ચાંદાં ધારાં પડી ગયાં હોય, બધું બે ચાર વખતમાંજ મટી જાય છે.

ઉપયોગ—૦। તોલો કબાબચીની (ચીણીકબાલા) બારીક વાટી તેમાં માત્ર એક જ ટીપું અમી કુપીનું નાખી મેળવી મોંમાં ચોપડવું અને મોં ગળતું મુકવું. (લાળ જવા દેવી) એ રીતે દિવસમાં ત્રણ કે ચાર વખત કરવું.

પેટ ચઢવું પવનનું ધુંચાવું—**અમી-કુપી** જરા હથેળીમાં લઇને પેટ ઉપર ડુંટીની આસપાસ તેમજ પેઢુ પર ચોળવું. એકાદ કલાકમાં પવન છુટીને પેટ હલકુ પડશે.

શુળ—છાતીમાં, પાંસળામાં અગર કમરમાં સુળ આવી ચસકા મારતા હોય તેને માટે **અમી-કુપી** અકસીર છે. દરદવાળા ભાગ ઉપર **અમી-કુપી** ચોળી શેક કરવો.

ઉપર લખવામાં આવેલા **અમી-કુપી**ના સઘળા ગુણ અતિશયોક્તિથી કેવળ નિરાળા છે. દરેક ઘરમાં તેની આજકાલ જરૂર છે. પોતાના સ્વાર્થને માટે ઘણા માણસો આ શીશી ખરીદ કરે છે. જે ઘરમાં **અમી-કુપી**ની એક શીશી છે તેને વૈદ્ય ડોકટરોની જરૂર કવચીતજ પડે છે.

કીમત—ગુમાની **અમી-કુપી** એક શીશી સેંકડો રૂપીઆની કીંમતની છે એમ કહીએ તો ચાલે કારણ કે તેનાથી વૈદ ડોકટરનાં મોટાં બીલો ભરવાનાં બચી જાય છે. ગરીબોને પણ દવા વાપરવાનો લાભ મળે છે. તેટલા માટે ફકત તેની કીંમત શીશી એકનો રૂ. ૧॥, ૩ શીશીના રૂ. ૪) ૬ શીશીના રૂ. ૭॥, ૧ ડઝન શીશીના રૂ. ૧૨) ટપાલ ખર્ચ જુદું.

અમી-કુપીની કીંમત શીશી ૧ ના રૂ. ૧॥, ત્રણ શીશીના રૂ. ૪) ૭ શીશીના રૂ. ૭॥, ૧ ડઝનના રૂ. ૧૨) પો. અલગ.

રાજશાહી મેન્થોલ ઓઇન્ટ મેન્ટ
(શીરદર્દની દવા)

એક મહાન વિદ્વાન ડોકટરની શોધ ઉપરથી બનાવેલો છે. આ મલમ ચોળવાથી માથાનો દુખદાયક રોગ ટુંક વખતમાં નાબુદ થાય છે આ નામબાણ ઉપાયની એક બાટલી દરેક કુટુંબોમાં અવશ્ય રાખવી જોઇએ. કીંમત શીશી ૧ નો રૂ. ૦ાા ત્રણ શીશીનો રૂ. ૧ા, ૧ ડઝનના રૂા. ૪) પો. અલગ.

રાજશાહી રૂમેટીઝમ ઓઇલ
[વાતહરણ તેલ]
૨૪ કલાકમાં પ્રત્યક્ષ ફાયદો

વાથી દરેક અંગ ઝલાઇ ઝકડાઇ કેમ નહિ ગયાં હોય, દરદી ખાટલા વશ હોય, સાંધાઓમાં હદ બહારનું કળતર, કમરમાં દુખાવો છ તીમાં, પાંસળામાં દર્દ, બરડાની કરોડમાં નહિ સહન થાય તેવી પીડા, હાથ પગમાં ફાટ અરધાંગ વાયુ. ફરતો વા સરદીથી શરીરમાં થતા તોડ વિગેરે રોગો ઉપર આ તેલ ચોળવાથી તદન આરામ થાય છે. તેલ ચોળતાં ચોળતાં જ જાણે આરામ થતો હોય તેમ દરદીને લાગે છે. આજકાલ રાજશાહી રૂમેટીઝમનો મોટો ઉઠાવ છે કીંમત શીશી ૧ ના રૂ. ૨) ત્રણ શીશીના રૂ ૫ાા પો. અલગ.

રાજશાહી બાલામૃત.

ગુલાબી ગાલ, ભરેલું અંગ, તેજસ્વી આંખ, ભરાવાદાર બાલક, હસતું ખેલતું બાળક આપણને કેટલું પ્રીય લાગે છે તેના ઉપર ફોનોગ્રાફ અને ગ્રામોફોન કરતાં તમારૂં એક નાનું રંગીલું હસમુખું વાચાળ આનંદી બાળક પોતાના કુટુંબીઓ ઉપરાંત તમારા પાડોશી અને દોસ્તોને વધારે સારી રીતે રીઝવી શકશે શું તમે એક બાળકના માતા પિતા છો! તમારૂં બાળક તન્દુરસ્ત અને આનંદી છે નહિ તો શા માટે

રાજશાહી બાલામૃત નથી વાપરતા એકથી ત્રણ શીશી સુધીમાં તમારૂ બાળક સુંદર અને નીરોગી થઈ ઘરમાં પાડોશમાં શેરીમાં કે પોળમાં આનંદ આનંદ વર્તાવી મુકશે કીંમત શીશી ૧ નો રૂ. ૧) ત્રણ શીશીના રૂ: ૨ાા પો. અલગ.

રાજશાહી ઈચ ઓઇન્ટ મેન્ટ
[ખસની દવા]

આ ચોપડવાની દવા છે. માત્ર બે ત્રણ વખત ચોપડવાથી ખસ મટી જાય છે એમાં જરા પણ શક નથી કીમત રૂ. ૦ાા ત્રણ શીશીના રૂ. ૧ા, ડઝન ૧ ના રૂ. ૪ પો. અલગ.

રાજશાહી એકઝામા ઓઈન્ટમેન્ટ.
[ખરજવાની દવા]

ખરજવાં બે પ્રકારનાં છે. લીલુ અને સુકું લીલામાંથી પાણી ઝર્યા કરે છે આ દરદ મટતુ નથી અને જો દવા કરવામાં ન આવે તો તે આખા શરીરે પથરાઇ જવાનો સંભવ છે માટે તેની દવા તરત જ કરવી કીંમત શીશી ૧ રૂ. ૦ાા ત્રણ શીશીના રૂ. ૧ા

લોહીના બગડવાથી વારંવાર ખસ, ખરજવું, દાદર નીકળ્યા કરતી હોય તો એક બે શીશી રાજશાહી સારસાપરીલા પીવાથી જલદી આરામ થઇ જશે. રાજશાહી સારસાપરિલાની કીમત રૂ. ૧ાા ત્રણ શીશીના રૂ. ૪)

રાજશાહી કફ પીલ્સ.
[ખાંસીની ગોળીઓ]

ગમે તેવી નવી જુની હઠીલી ખાંસી કોઇપણ દવાથી ન જતી હોય તો ફકત બે દીવસમાં રાજશાહી કફ પીલ્સથી પુરાની સુકી ખાંસી, ગોળી લેવાની સાથે નરમ પડતી જાય છે એક જ દીવસમાં તેનો ચમત્કાર બતાવે છે કિમત રૂ. ૦ાા ત્રણ શીશીના રૂ. ૧ા ડઝન ૧ ના રૂ. ૪) પો. અલગ.

રાજશાહી રીંગવર્મ ઓઇન્ટમેન્ટ

[દરાજનો મલમ]

ગમે તેવી હઠીલી કાળી કે લાલ દરાજ અગર ખુજલી શરીરના કોઇ પણ ભાગમાં લાગેલી હોય અને અનેક ઉપાયો લીધા છતાં દાદર નહિં મટતી હોય તો છેવટે આ મલમ અજમાવી જોવો બેથી ત્રણ વખત લગાડવાથી જડમુળથી નાબુદ થાય છે કીમત રૂ ○ાા ત્રણના રૂ. ૧ા. ૭ ના રૂા. ૨ા, ડઝન ૧ ના રૂા. ૪)

રાજશાહી ભીમસેની ચુર્ણ.

અજીર્ણ થયું છે કે ? ખાટા ઘચરકા આવે છે કે ? પેટ ડમડમ બોલે છે કે ? ખોરાક જોતાંજ દીલ કમકમે છે કે ? ત્યારે ભલા માણસ રાજશાહી ભીમસેની ચુર્ણજ વાપરો ? અન્ન પચે નહિ અન્ન ઉપર રૂચી લાગે નહીં ત્યારે ભીમસેની ચુર્ણ ખાઇ જોઇ લ્યો મમ્મત દહાડામાં બેની જગાએ ચાર વાર અને સીંગલની જગાએ ડબલ નહીં તો દોઢો ખોરાક તો જરૂર લેવો પડશે ખાશો ખાશોને જાણે ભૂખ્યાભીમ ? પેટમાં ભૂખ નહી હોય અને ઘી, દુધ, શકિતની દવાઓ હોજલીમાં ભરે જાવ અને પછી વાત કરો કે કોઇ ચીજનો ગુણજ લાગતો નથી. પણ લાગે શી રીતે ? ભીમસેની ચુર્ણ વાપરી પ્રથમ તમારા જઠરાગ્નિને ભડભડાટ સળગાવી દ્યો અને પછી તેમાં ઘી, દુધ અને પોષ્ટિક વસાણાં નાંખી જુવો ! પછી માલમ પડશે તે કેવાં ગુણકારી છે. કીંમત રૂા. ○ાા ત્રણ શીશીના રૂા. ૨) પો. અલગ.

રાજશાહી સ્તંભનરાજ પીલ્સ.

લ્યો ? સાહેબો લ્યો આ તેજ દવા છે કે જેને માટે આજકાલના નવજુવાનો રાત્રી દીવસ ખુણે ખોચરે ભારે ઉત્સાહથી શોધખોળ ચલાવે છે અને ખર્ચ દવા મળે તો મ્હોં માગ્યા દામ આપવા તૈયાર છે તે જ આ દવા છે ! રતિ–સુખની સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે આ દવા વગર હરીફની છે કીં. માત્ર રૂ ૧ા, ૩ શીશીના રૂ. ૪ પો અલગ

એક રૂપીઆથી ઓછી કીમતનો માલ મોકલવામાં આવશે નહી.

રાજશાહી લ્યુકોરીના.

સેંકડો નૌજુવાન રમણી રત્નો મુગ્ધા અવસ્થા નો લાભ લીધો ન લીધો એટલામાં આ બુરા રોગમાં ફસી પડી હોય છે. યૌવાન રૂપી ખીલતી કળી પોતાની પાંખડીઓને વિકાશ આવતં આવતાંજ કરમાઇ જાય છે, લજ્જાને લીધે સેંકડો સ્ત્રીઓ પોતા• આ ગુપ્ત દરદ બને ત્યાં સુધી છુપાવવાની કોશીષ કરે છે પરંતુ મે ઉપરની તે ગુલાબી લાલી, આંખનો તે થનથનાટ હૃદયનો તે ઉમ ળકો, મનનો તે અલ્હાદ, ભ્રગુટીનું તે મોહક પણું શરીરનુ તે તેજ વૃત્તીઓનું તે રસીક પણું, હાસ્યમાં રહેલી તે મધુરતા એ સર્વ તેના પુર બહારમાં ખીલી ઉઠવાના વખતેજ નષ્ટ થતું જણાય છે, ત્યારે ચતુર જોનારથી તે છુંપું રહી શકતું નથી આ સર્વનું કારણ માત્ર તે બુરો પ્રદર રોગજ છે તેનાથી સ્ત્રીઓનો બને તેટલો જલદી ઉદ્ધાર થવો જોઇએ નહિ તો રોગ દીન પર દીન વૃદ્ધિને પામી સ્ત્રી-ઓને મરણનાં વિકાસી રહેલાં ડાચામાં ધકેલી મુકે છે. પેડુમાં દરદ પાણીનું નીરંતર ટપકયા જવું, લાલ કે સફેદ ડાઘ કપડામાં પડવા સંસાર સુખ ઉપર અભાવ આવવો, એ સર્વમાંથી સ્ત્રીઓનાં રક્ષણ ને માટે સ્હેલો અને ખાત્રી ભર્યો રસ્તો એ કે રાજશાહી લ્યુકોરીના આપવી અને જુવો કે તરતજ કરમાઇ જતી જુવાની ફરીથી તેના પુર્ણ બહારમાં કેવી ખીલી ઉઠે છે. કીંમત શીશી ૧ ના રૂ. ૨।।, ત્રણ શીશીના રૂ. ૭।। પો. અલગ.

સી. સી. ગુપ્તા એન્ડ કંપની મુ. પો. નડીઆદ [મુંબઇ]

અર્ક! તેલ!! ફુલ!!!

	એક સીસીની કીંમત	ત્રણ શીશીના
અજમાનો અરક	રૂ. ૦॥	રૂ. ૧।
પીપરમીન્ટનો અરક	રૂ. ૦॥	રૂ. ૧।
તજનો અરક	રૂ. ૦॥	રૂ. ૧।
લવીંગનો અરક	રૂ. ૦॥	રૂ. ૧।
ઇલાયચીનો અરક	રૂ. ૦॥	રૂ. ૧।
વરીયારીનો અરક	રૂ. ૦॥	રૂ. ૧।
ગંધાબીરોજાનો અરક	રૂ, ૦॥	રૂ. ૧।
હીંગનો અરક	રૂ. ૦॥	રૂ. ૧।
સુંઠનો અરક	રૂ. ૦॥	રૂ. ૧।
પીપરમીંટ ફુલ	રૂ. ૦॥	રૂ. ૧।
અજમાનાં ફુલ	રૂ. ૦॥	રૂ. ૧।
ચંદનનું તેલ ચોખ્ખુ	રૂ. ૧)	રૂ. ૨॥
ચહાનું તેલ	રૂ. ૦॥	રૂ. ૧।
બદામનું તેલ	રૂ. ૦॥	રૂ. ૧।
પીપરમીંટ તેલ	રૂ. ૦॥	રૂ. ૧।
ટરપેનટાઇન તેલ	રૂ. ૦॥	રૂ. ૧।
માલકાંકણીનું તેલ	રૂ. ૦॥	રૂ. ૧।

ભેળસેળ વગરનો ચોખો ખાત્રીનો માલ મળશે.

એક રૂપિયાથી ઓછી કીંમતના માલનું પારસલ મોકલવામાં આવશે નહિ.

દરેક પ્રકારના તાવને એકજ દિવસમાં ભગાડનાર

રાજશાહી એગ્યુનો??

મેલેરીઆ તાવ, હઠીલામાં હઠીલા તાવ, રોજ આવનારા, એકાંતરીઆ, ચોથીયા. લીવર તથા બરોળ વધી ગઇ હોય તેમાં **રાજશાહી એગ્યુનો** આબાદ અસર કરે છે.

રાજશાહી એગ્યુનોમાં વિશેષ ગુણ શું છે ?

બીજી દવાઓ માફક કાન બંધ થતા નથી, કબજીઆત થતી નથી પણ જુલાબ સાફ લાવી ભુખ લગાડી શક્તિ આપે છે કીં. બાટલી ૧ નો રૂ. ૧) ૩ બા. રૂ. ૨।।

રાજશાહી આઇડ્રોપ્સ

સવાર સાંજ રાજશાહી આઇડ્રોપ્સનાં ટીપાં આંખમાં નાંખવાથી દુખવા આવેલી આંખો તદન મટી જાય છે. ખીલ, આંખમાં બળતી ઝાંખ, આંખમાંથી ઝરતું પાણી, આંખમાં થતું ફુલતર, રતાંધપણું વિગેરે આંખના તમામ દરદોને નાબુદ કરે છે.

આંખમાં ટીપાં પાડવાની ટયુબ સાથે કીંમત બાટલી ૧ નો રૂ. ૧) ત્રણ બાટલીના રૂ. ૨।। પો. અલગ

સી. સી. ગુપ્તા એન્ડ કંપની

મુ. પો. નડીઆદ (ગુજરાત)